પ્રકાશકઃ
રસિકલાલ છો. પરીખ,
મંત્રી, ગુજરાત પુરાતત્ત્વ મંદિર,
અમદાવાદ.

[પ્રથમ આવૃત્તિઃ પ્રત ૧૦૦૦.]

મુદ્રકઃ
દેવીદાસ છગનલાલ પરીખ,
શ્રીમ઼ાંડ નવજીવન પ્રિન્ટીંગ પ્રેસ,
અમદાવાદ.

પ્રસ્તાવના

આ સંગ્રહમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના આશ્રયનીચે આપેલાં કેટલાંક [illegible] સને ૧૯૦૮ [illegible] વ્યાખ્યાનો આપવા ઠરાવ્યાં તે જ ક્રમથી મૂકી તે છપાવ્યાં છે. આ ક્રમમાં [illegible] રા. બ. [illegible] ' કવિ બ્રાહ્મણ ' વિષયક વ્યાખ્યાન આપેલું છાપવું નથી; કારણ કે [illegible] [illegible] વ્યાખ્યાનનો તે કેવળ ગુજરાતીમાં અનુવાદ [illegible] થયેલ નથી. [illegible] [illegible] [illegible] વ્યાખ્યાન [illegible] આપેલું હતું, તેના ગુજરાતીમાં અનુવાદ કરી આપવા માટે [illegible] [illegible] [illegible] [illegible] ' [illegible] ' વિષયક અને ' [illegible] ' વિષયક વ્યાખ્યાનો આપ્યાં હતાં. [illegible] વ્યાખ્યાન લખેલ નહિ હોવાથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આપેલું હતું.

પ્રસ્તુત વ્યાખ્યાનમાં [illegible] [illegible] વિચાર માટે તેના વ્યાખ્યાતા [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરી મોકલી આપ્યા છે.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેમનો આભાર [illegible] છું.

અમદાવાદ. } [illegible] પરીખ.
[illegible] } [illegible] [illegible]
[illegible] } અમદાવાદ.

ગુર્જર સાહિત્યમાં અપૂર્વ ત્રૈમાસિક

"પુરાતત્ત્વ"

(રૉયલ ઑક્ટેવો સાઇઝના લગભગ ૧૫ ફૉર્મ જેટલું)

જેમાં ભારતીય ઇતિહાસ, સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન આદિ વિષયોને લગતા સ્વતંત્ર લેખો તથા અન્ય ભાષાઓના ઉપર્યુક્ત વિષયોના લેખો તથા ગ્રંથોના અનુવાદ પ્રકટ થશે. તાકીદે નામ નોંધાવો. પ્રથમ અંક ભાદ્રપદ-આશ્વિનમાં બહાર પડશે.

વાર્ષિક લવાજમ રૂ. ૫).

અમારા તરફથી પ્રકટ થએલાં નવીન પુસ્તકો:—

૧. **પ્રાચીન સાહિત્ય** (રવીન્દ્રનાથ ઠાકૂર વિરચિત) સોળપેજી ક્રાઉન, પાન ૧૨૫. [અનુવાદક: મહાદેવ હરિભાઇ દેશાઇ, તથા નરહરિ દ્વારકાદાસ પરીખ] જેમાં રામાયણ, કુમારસંભવ, મેઘદૂત, શાકુન્તલ, કાદમ્બરી-ચિત્ર, ધમ્મપદ વગેરે પ્રસિદ્ધ ગ્રંથો ઉપરના ચર્ચાત્મક બંગાળી લેખોનો અનુવાદ કરેલો છે. કીં. ૦-૧૨-૦

૨. **પાલીપાઠાવલી**, સંપાદક મુનિ જિનવિજય. પાલી ભાષાના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક ગ્રંથ. ડેમી આઠપેજી, પાન ૧૧૬. કીં.૦-૧૪-૦

૩. **પ્રાકૃત કથાસંગ્રહ**, સંપાદક મુનિ જિનવિજય. મહારાષ્ટ્રી-પ્રાકૃત ભાષામાં પ્રાચીન વાર્તાઓનો સંગ્રહ: પ્રાકૃતભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી. ડેમી આઠપેજી, પાન ૧૦૬. કીં. ૦-૧૨-૦

૪. **ઉપનિષત્પાઠાવલી**, સંપાદક દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર. ઉપનિષદોના મૂળભૂત રસપ્રદ તથા ઉપદેશાત્મક ભાગોનો સંગ્રહ: પ્રસ્તાવના, ગૂજરાતી ટિપ્પણ, કઠિન શબ્દોના કોષ સાથે. ડેમી આઠપેજી, પાન ૧૦૦. કીં. ૦-૧૨-૦

૫. **જિનચરિત**, સંપાદક મુનિ જિનવિજય. આ પ્રાચીન ગ્રંથમાં સુલલિત પાલી પદ્યમાં મહાત્મા ગૌતમ બુદ્ધનું જીવનચરિત્ર આપેલું છે. પ્રસ્તાવના, શબ્દકોષ સાથે. (છપાય છે.)

૬. **બુદ્ધલીલાસારસંગ્રહ**, આ પુસ્તક મૂળ મરાઠીમાં પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન પ્રો. ધર્માનંદ કોસંબીએ લખેલું છે. આ તેનો ગુજરાતી અનુવાદ છે. તેમાં બુદ્ધના પૂર્વજન્મની કથાઓ, બુદ્ધનું જીવનચરિત્ર, તથા ઉપદેશ એમ ત્રણ વિભાગ પાડેલા છે. બૌદ્ધધર્મના વિષયમાં આ ગ્રંથ અતિ ઉપયોગી છે. (થોડા વખતમાં બહાર પડશે.)

ગુજરાત પુરાતત્ત્વ મંદિર,
એલીસ બ્રીજ, અમદાવાદ.

અનુક્રમણિકા

મુખ્ય ભૂલોનું શુદ્ધિપત્રક

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૬	जाता:	जाता
૬	૧૮	દેયઅનું	દેશઅનું
૮	૧૩	હજી	તે હજી
૧૩	૧૫	ભનેક	અનેક
૩૬	૨૩	મહાકાર્યનું	મહાકાર્યનું
૩૭	૪	રીકરાઓએ	દીકરાઓએ
૪૧	૯	ज्ञातिधरापमः	ज्ञातिधरोपमः
૫૧	૪	अमर्षणा–	अमर्षणो–
૫૬	૨૫	વૈશ્યને	વૈશ્યનો
૬૪	૨૫	શાસ્ત્ર	શસ્ત્ર
૬૬	૧૭	પ્રસંગે	સમયે
૬૮	૧૭	'સામાન્ય રીતે' પછી ઉમેરો	'સમ સમયે'
૭૫	૭	અધિકારી	અનધિકારી
૮૮	૧૬	હસ્તધ્યક્ષ	હસ્ત્યધ્યક્ષ
૯૯	૨૯	રાજસભા	રાજસત્તા
૧૦૩	૧	સાધનાના	સાધનોના
૧૦૮	૮	આધ્યમિક	માધ્યમિક
૧૧૭	૧૪	અમ	અને
૧૨૧	૧૬	દુબાઇવાતોથી	રૂબાઇયાતે.થી
૧૩૪	૨૬	क्षया	क्षयो
૧૪૨	૧૮	$\sqrt{१५०}\ \sqrt{२४}$	$\sqrt{२४}$
૧૪૭	૨૮	सम्मक्तेः	सम्मक्तेः
૧૪૮	૧૭	પ્ ભુજ	પ્રભુજ
૧૮૮	૨	હાદિક	હાર્દિક

पुरातत्त्व संशोधननो पूर्व इतिहास

मुनि जिनविजय

(ગુજરાત મહાવિદ્યાલય, શ્રાવણી પૂર્ણિમા, સંવત ૧૯૭૭)

પુરાતત્ત્વ એ એક સંસ્કૃત શબ્દ છે. સામાન્ય રીતે અંગ્રેજીમાં જેને "એન્ટીક્વીટીઝ" ((Antiquities) કહે છે તે અર્થમાં આ શબ્દ યોજવામાં આવ્યો છે. પુરાતત્ત્વ એટલે પુરાતન-જૂનું-પુરાણું; અને સંશોધન એટલે શોધખોળ. જૂની પુરાણી વસ્તુઓની શોધખોળ કરવી તે પુરાતત્ત્વ સંશોધન કહેવાય. હિંદુસ્તાનની જૂની પુરાણી વસ્તુઓની શોધખોળ કરવાની શરૂઆત ક્યારથી થઈ અને કઈ કઈ સંસ્થાઓએ તથા કઈ કઈ વ્યક્તિઓએ આ કાર્યમાં વિશેષ ભાગ લીધો તેનું કાંઈક દિગ્દર્શન કરાવવાનો આજના આ મારા વ્યાખ્યાનનો મુખ્ય હેતુ છે.

મનુષ્ય એક વિશેષ બુદ્ધિશાળી પ્રાણી છે. તેથી દરેક વસ્તુના સ્વરૂપને જાણવાનો અથવા જાણવાની જીજ્ઞાસા હોવાનો તેનો મુખ્ય સ્વભાવ છે. આત્માનું અમરત્વ માનનારા દરેક આસ્તિક મનુષ્યના મતે પ્રત્યેક પ્રાણીમાં તેના પૂર્વસંચિત સંસ્કારો પ્રમાણે ન્યૂનાધિક પ્રમાણમાં જ્ઞાનનો વિકાસ થયેલો હોય છે. મનુષ્ય પ્રાણી જે સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ મનાય છે તેનું કારણ એ છે કે બીજી જીવજાતિઓ કરતાં મનુષ્ય જાતિમાં જ્ઞાનનો વિકાસ સર્વાધિક થયેલો છે. જ્ઞાનના વિકાસ અથવા પ્રસારનું મુખ્ય સાધન વાણી એટલે ભાષા છે; અને એ વાણીનું વ્યક્ત સ્વરૂપ સંપૂર્ણ રીતે મનુષ્યજાતિમાં જ ખીલેલું છે. તેથી બીજા બધા દેહધારી જીવાત્માઓ કરતાં મનુષ્યાત્મામાં જ્ઞાનનો વિશેષ વિકાસ થાય તે સ્વાભાવિક છે. મનુષ્ય જાતિમાં પણ વ્યક્તિગત પૂર્વસંચિતાનુસાર જ્ઞાનના વિકાસનું અપ્રમિત તારતમ્ય રહેલું છે. સંસારમાં એવા પણ મનુષ્યો દૃષ્ટિગોચર થાય છે કે જેમનામાં જ્ઞાનશક્તિનો લગભગ છેક અભાવ જ હોય છે અને જેઓ મનુષ્યરૂપમાં પણ સાક્ષાત અબુદ્ધ પશુ જેવા હોય છે. બીજી બાજુએ એવા પણ મનુષ્યો ઉત્પન્ન થાય છે કે જેમનામાં જ્ઞાનશક્તિ અપ્રમેયરૂપે ખીલેલી હોય જેઓ પૂર્ણ પ્રબુદ્ધ

ગણાય છે. પ્રાચીન ભારતવાસીઓના મોટા ભાગનો તો એવો પણ પૂર્ણ વિશ્વાસ હતો, કે એ જ્ઞાનશક્તિ કોઈ કોઈ વ્યક્તિમાં એટલે સુધી સંપૂર્ણ ખીલેલી હોય છે અથવા ખીલી શકે છે કે જેથી તે જગતના સમસ્ત પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન મેળવી શકે છે; વિશ્વની દૃશ્ય કે અ-દૃશ્ય એવી એક પણ વસ્તુ કે બાબત તેનાથી અજ્ઞાત હોતી નથી. આવી વ્યક્તિને આર્યો સર્વજ્ઞના નામે ઓળખે છે. આર્યોની આ મોટા ભાગની શ્રદ્ધા પ્રમાણે આવી કોઈ યથાર્થ સર્વજ્ઞ વ્યક્તિનું અ-સ્તિત્વ હોઈ શકે કે નહિ એ એક પ્રાચીનકાળથી જ મોટો વિવાદ-ગ્રસ્ત વિષય થઈ પડ્યો છે. અને સર્વજ્ઞના અસ્તિત્વ–નાસ્તિત્વના વિષયમાં આજ સુધીમાં અસંખ્ય વિદ્વાનોએ અનંત શંકા–સમાધાનો કર્યાં છે. પરંતુ મારે કહેવું જોઈએ કે નરી આંખે જોઈ શકાય એવા સર્વજ્ઞનું અસ્તિત્વ સાબીત કરનારું તો કોઈ પણ પ્રત્યક્ષ પ્રમાણ આજ સુધીમાં ચિકિત્સક સંસાર આગળ રજુ કરવામાં આવ્યું નથી. અસ્તુ. એ " સર્વજ્ઞ " ના વિષયમાં ગમે તેમ હો, પણ એટલી બાબત તો ચોક્કસ છે કે કોઈ કોઈ મનુષ્ય વ્યક્તિમાં જ્ઞાનશક્તિનો એટલો બધો વિકાસ અને પ્રકર્ષ થયેલો પ્રત્યક્ષ જોવાયો છે અને જોવાય છે કે જેનું માપ કાઢવું બીજાના માટે અશક્ય છે. શબ્દશાસ્ત્રની બીકને લીધે આપણે એવી પ્રબુદ્ધ વ્યક્તિને જો સર્વજ્ઞ ન કહી શકીએ તો પણ બહુજ્ઞ–અનલ્પજ્ઞ તો અવશ્ય કહી શકીએ છીએ. એવી એક બહુજ્ઞ વ્યક્તિની જ્ઞાનશક્તિની તુલનામાં બીજા સાધારણ એવા લાખો કરોડો મનુષ્યોની એકત્રિત જ્ઞાનશક્તિ પણ પૂરી થઈ શકે તેમ નથી.

ઇતિહાસ–અતીત કાળથી સંસારમાં આવી અસંખ્ય અન-લ્પજ્ઞ વ્યક્તિઓ ઉત્પન્ન થતી આવી છે, અને જગતને તેઓ પોતાની એ અગાધ જ્ઞાનશક્તિનો અમૂલ્ય વારસો આપતી રહી છે. છતાં મનુષ્ય જાતિએ જગતના વિષયમાં હજી બહુ જ અલ્પ જાણ્યું છે. જગત્ અદ્યાપિ એવું ને એવું જ અગમ્ય અને અજ્ઞેય છે. જગતની બીજી અનંત વસ્તુઓને તો બાજુએ મૂકીએ પણ મનુષ્ય જાતિએ પોતાના વિષયમાં જ હજુ કેટલું જાણ્યું છે ! જેવી રીતે માનવી સંસ્કૃતિના પ્રથમ નિદર્શક અને સંસારના સાહિત્યના આદિમ ગ્રંથ ઋગ્વેદમાંના ઋષિઓ મનુષ્ય જાતિના ઇતિહાસને અનુલક્ષીને પૂછતા હતા કે

को ददर्श प्रथमं जायमानम् ?

'સૌથી પ્રથમ ઉત્પન્ન થનારને કોણે જોયો છે?' તેવી જ રીતે આજે વીસમી શતાબ્દીના તત્ત્વજ્ઞાનીઓ પણ હજી એજ પ્રશ્ન પૂછી રહ્યા છે. જેવી રીતે જગત્ના પ્રાદુર્ભાવના વિષયમાં સત્યુગીન નાસદીય સૂક્તનો ઋષિ અદ્યાપિ જાણવા ઇચ્છતો હતો કે

को अद्धा वेद क इह प्रवोचत्
कुत आ जाताः कुत इयं विसृष्टिः ।

'આ જગત્નો પસારો ક્યાંથી આવ્યો છે—અને ક્યાંથી નીકળ્યો છે, એ કોણ જાણે છે? અને કોણ બતાવે છે?' તેવી જ રીતે આજના આ કલિયુગનો તત્ત્વજિજ્ઞાસુ પણ હજી તે જ પ્રશ્નનો ઉત્તર જાણવા તલપી રહે છે. જો કે આવી રીતે જગત્-તત્ત્વ બહુ ગૂઢ અને અગમ્ય છે; ગુજરાતી ભાષાના કવિ અખો કહે છે તેમ એ ખરેખર "અંધારો કુઓ" છે અને એનો ભેદ પામી કોઈ શક્યો નથી. છતાં માનવી જિજ્ઞાસા અને જ્ઞાનશક્તિએ એ "અંધારા કુઆ" નાએ કેટલાક ખડકો ખોદી કાઢવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. એ કુઆના ઉંડા પાણી ઉપર ફરી વળેલી નીલી સેવાળને જ્યાં ત્યાંથી ખસેડી એના જળકણોનો આસ્વાદ મેળવવા મોટી આપત્તિઓ ઉઠાવી છે. ગૂઢતર અને ગૂઢતમ જણાતા એ જગત્તત્ત્વે કંઈ કંઈ રૂપોને મનુષ્યે ઓળખ્યાં છે.

સૃષ્ટિના સ્વાભાવિક નિયમ પ્રમાણે ચોમાસાની મોસમમાં આકાશ ઉપર ચડી આવતાં વાદળાં અને તેમાં થતી ગર્જના તથા વિજળીઓને જોઈને જેમ આપણા વેદકાલીન પૂર્વજો મહા ભયભીત થતા હતા અને કુદરતના એ ઉપયોગી કાર્યને પણ મોટી આફત રૂપે માનતા હતા તેમ આજે આપણે માનતા નથી. પોતાની અસાવધાનતાને લીધે જેમતેમ પ્રજ્વાળેલા અગ્નિમા ભસ્મ થઈ જતી પોતાની પર્ણકુટિઓને જોઈને, કોઈ રાક્ષસ કે દેવ પોતાના ઉપર કુપિત થઈ આ અગ્નિના રૂપે આવેલો છે એમ સમજી તેની આગળ ફરથી ઉભા ઉભા હાથ જોડી જેમ તેઓ તેની પ્રાર્થના કરતા તેમ આજે આપણે કરતા નથી. વાયુના વેગથી ઉડી જતા ઝુંપડા અને ઘાસના ઢગલાઓને જોઈને જેમ તેઓ તેને કોઈ મોટો અદૃષ્ટ ચોર સમજી ઇંદ્ર પાસે તેને શિક્ષા કરાવવા માટે ઇન્દ્રની વિવિધ પ્રાર્થનાઓ કરતા તેમ આજે આપણે કરતા નથી. આપણા પૂર્વજો અને આપણામાં થયેલા આ ફેરફારનું કારણ શું છે? વેદકાલીન આર્યો પછી તેમના સંતતિએ

કોઈની કુદરતનાં એ ગૂઢતત્ત્વોની કેટલીક શોધખોળો તે જ લોકો આપણા છે. વિશ્વના રહસ્યને સમજવા માટે જેમ જેમ માનવના મગજે ધોરણે બુદ્ધિપૂર્વક વિચાર કરતા ગયા તેમ તેમ તેમને સૃષ્ટિના એ અફર નિયમો સમજતા ગયા. તેઓએ મેઘના સ્વરૂપને જાણ્યું, અગ્નિના સ્વભાવને ઓળખ્યો, વાયુની પ્રકૃતિને પરખાણી, અને તેથી, ખાસ નિર્ભય અને નિશ્ચિંત થવાના ઉપાયો યોજ્યા. તેનાથી પણ આગળ વધી આધુનિક યુગના મનુષ્ય પ્રાણીએ કુદરતની એ રહસ્યમય ગુંજાઓના અંતર મર્મને સમજી, તેમને કાબૂમાં આણી, તેમની પાસેથી કેવા કેવા કામો લેવા માંડ્યા છે તે આપણે પ્રત્યક્ષ જોઈ અને અનુભવી રહ્યા છીએ.

મનુષ્ય પોતાના ઇતિહાસ ભણવી માત્ર પોતાના સમય [illegible] [illegible] અને પોતાના [illegible] અનુભવમાં આવતી [illegible] [illegible] [illegible] અનુભવહીન [illegible] [illegible] મનુષ્યના પોતાના ઇતિહાસ [illegible] નથી. [illegible]

[illegible]

યથાર્થ અને વિસ્તૃત હોય તેટલું જ આપણું ભૂતકાલીન જ્ઞાન પણ યથાર્થ અને વિસ્તૃત હોઈ શકે, એ સ્વતઃ સિદ્ધ છે. આપણા કમનસીબે આપણા પૂર્વજોએ લખેલો આપણા દેશનો યથાર્થ કે વિસ્તૃત ઇતિહાસ ઉપલબ્ધ નથી. જગતની બીજી પ્રાચીન પ્રજાઓને જેમના દેશોના વિષયમાં લખેલો પ્રાચીન તથા વિસ્તૃત ઇતિહાસ મળી આવે છે તેવો આપણા આ વિશાળ આર્યાવર્તનો ઇતિહાસ મળી આવતો નથી. પ્રાચીન અને વિસ્તૃત ઇતિહાસ તો બાજુએ રહ્યો પરંતુ આપણા માટે તો આપણી પહેલાંની ત્રીજી પેઢીનો ય ઇતિહાસ બહુ દુર્લભ છે. વર્તમાન શતાબ્દી પહેલાંની શતાબ્દીનો પણ પૂરો વૃત્તાન્ત આપણે જાણતા નથી. અધિક તો શું, જે રાષ્ટ્રીય શક અને સંવત્નો આપણા પૂર્વજો અનેક સૈકાઓથી ઉપયોગ કરતા આવ્યા છે અને જેના આધાર ઉપર આપણી આખી ભૂતકાલીન કાલગણના અવલંબેલી છે, તેના પ્રવર્તક કોણ છે એ હજી પણ અજ્ઞાત કે અનિશ્ચિત છે. આવી સ્થિતિમાં પુરાતત્ત્વસંશોધન એ જ આપણા ઇતિહાસના નિર્માણનો પાયો છે. આપણો ઇતિહાસ જૂની પુરાણી વસ્તુઓની શોધખોળ કરીને તેના ઉપરથી નીકળતાં પરિણામો ઉપર રચાએલો છે અને રચાવાનો છે. એમ તો સાધારણ રીતે દુનીઆના દરેક પ્રાચીન પ્રદેશની પુરાતન પરિસ્થિતિ કે જેનું દર્શન ઇતિહાસરૂપી દૂરદર્શક યંત્રથી પણ થઈ શકતું નથી, તેને જાણવા માટે જૂની પુરાણી વસ્તુઓ જ આધારભૂત હોય છે; પરંતુ ભારતવર્ષને માટે તો આપણા જન્મદિવસથી જ લઈને ઠેઠ યુગની આદિ સુધીની પરિસ્થિતિ જાણવા માટે બધો આધાર જૂની પુરાણી વસ્તુઓ ઉપર જ રાખવો પડે છે. કારણ કે શાસ્ત્રીય પદ્ધતિથી જેને આપણે ઇતિહાસ કહીએ તેવો ઇતિહાસ તો ભારતવાસીઓએ નાનો મોટો એક પણ લખેલો નથી; અથવા તો, છેવટે તે મળતો નથી. ઇતિહાસ નિર્માણમાં કામ આવે તેવી જૂની પુરાણી વસ્તુઓમાં જૂના ગ્રન્થો, શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ તથા ધાતુપાત્રો, મંદિરો, મસ્જીદો, જલાશયો, કીર્તિસ્તંભો અને તેવાં બીજાં મકાનો અથવા ખંડેરો વિગેરે ગણાય છે. આપણા પૂર્વજોએ ઇતિહાસના સ્વતંત્ર ગ્રન્થો તો નિર્માણ નથી કર્યા પરંતુ ઇતિહાસના સાધનો તો ઘણાંજ નિર્માણ કર્યાં છે એમાં શંકા નથી. પણ આપણે તો એ પણ જાણતા ન હતા કે પછી જાણવાની દરકાર રાખતા ન હતા કે આ સાધનોની

શી રીતે છાણવીણ કરી તેમાંથી આપણો ઇતિહાસ ઉપજાવી કાઢીએ. એ પાઠ આપણને પશ્ચિમવાસીઓએ શીખવ્યો છે. કેવળ પાઠ જ શીખવ્યો છે એમ નથી, પરંતુ અનેક પ્રકારનાં કષ્ટો વેઠી અને પરિશ્રમો લઇ તેમણે આપણા માટે ઇતિહાસના અનેક અધ્યાયો પણ તૈયાર કર્યાં છે. અને એ માટે આપણે હમેશાં તેમના ઋણી જ રહેવું જોઇએ. આટલું આનુષંગિક કહી હવે હું મારા વ્યાખ્યાનના મુખ્ય પ્રતિપાદ્ય વિષય ઉપર આવું છું.

જેમ મેં પ્રારંભમાં જણાવ્યું છે કે મનુષ્ય એ વિશિષ્ટ બુદ્ધિશાળી, જ્ઞાનવાન્ પ્રાણી છે તેથી દરેક વસ્તુના સ્વરૂપને વિશેષપણે જાણવાની જિજ્ઞાસા તેનામાં સ્વાભાવિક જ રહેલી છે. તેમાં વળી જે મનુષ્યો સાધારણ મનુષ્યો કરતાં વધારે જ્ઞાનવાન્ હોય છે તેમનામાં એ જિજ્ઞાસા ઘણા ઉત્કટ પ્રમાણમાં હોય છે. એવા મનુષ્યોને જ્યારે કોઇ અન્ય અપરિચિત પ્રદેશનો અથવા માનવ સમાજનો નવીન સમાગમ થાય છે ત્યારે તેમને ધર્મ, સમાજ, ઇતિહાસ આદિના વિષયમાં જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન-પિપાસાથી પ્રેરિત થઇ તે મનુષ્ય તે [illegible] શોધખોળમાં પડે છે. એ અપરિચિત પ્રદેશના [illegible] છે તેના જ્ઞાન [illegible] પ્રયત્ન કરે છે, અને તેમ કરી પોતાના [illegible] નવીન જ્ઞાનનો લાભ આપવા માટે [illegible] તે નવા જ્ઞાનભંડારને ઉતારવાનો ઉપક્રમ કરે છે [illegible] પરિપૂર્ણ કરવા અર્થે [illegible] શોધખોળ [illegible]

ઇ. સ. [illegible] પ્રસિદ્ધ યુદ્ધ પછી [illegible] કરવાનો પ્રારંભ કરી દીધો હતો. [illegible] અને કંપનીની દીવાની હકુમત કર્યા બાદ, [illegible] પશ્ચાત્ અધિકાર [illegible] અને પછી [illegible] એટલે ૧૭૭૪ માં [illegible] કરી [illegible] નિયુક્ત કરી દીધો. [illegible] હતું કે તેઓ હવે આ દેશના ધર્મ, સમાજ આદિનું [illegible] જ્ઞાન પ્રાપ્ત કરે. જે દેશની સાથે વ્યાપાર કરીને તેનું [illegible] નહિ પણ [illegible] હતું, અને હવે તો નહિ પણ [illegible] તેઓ [illegible]

પરયા હતા, તે જ દેશની અમૂલ્ય જ્ઞાનસંપત્તિ મેળવવાનો પણ પ્રશસ્ત લોભ કેટલાક વિદ્વાન્ અંગ્રેજોને થઇ આવ્યો. જો કે કેટલાક વિદ્યાપ્રેમી અંગ્રેજો કંપની તરફથી ભારતનું શાસનકાર્ય ચલાવવા માટે નિયુક્ત થતા, ઘણું કરીને, તેઓ જ આ કાર્યમાં અગ્રેસર બનતા હતા. જો કે પાછળથી તો, ફ્રાંસ અને જર્મનીના વિદ્વાનોએ જ ભારતીય પુરાતત્ત્વમાં મહત્ત્વનાં કામો કર્યાં હતાં અને ભારતીય સાહિત્યની તેમણે જ વધારે સેવા કરી હતી, તો પણ આ કાર્યનો પ્રારંભ કરવાનો પહેલો યશ તો અંગ્રેજોને જ છે. સૌથી પહેલાં સર વીલીયમ જોન્સે આ કાર્યની મંગલમય શરૂઆત કરી હતી. આર્ય સાહિત્યના સંશોધન કાર્ય સાથે સર જોન્સનું નામ સદાને માટે જોડાયલું રહેશે. સર જોન્સ ભારતીયોના મત પ્રમાણે મ્લેચ્છ હતા; અને તેથી તેમને સંસ્કૃત શીખવામાં ઘણી અડચણો નડી હતી. બ્રાહ્મણોના કટ્ટરપણાને લીધે તેમને પોતાનું સંસ્કૃત અધ્યયન ચાલુ કરવામાં કેવી કેવી મુશ્કેલીઓ પડી હતી તેનું રમુજી વર્ણન તેમના જીવનવૃત્તાંતમાં આપેલું છે. આખરે તેઓ આ મુશ્કેલીઓમાંથી પાર થયા અને અપેક્ષિત સંસ્કૃત જ્ઞાન મેળવ્યા બાદ તુરત તેમણે શકુન્તલા અને મનુસ્મૃતિનો ઇંગ્રેજી અનુવાદ પ્રકટ કર્યો. તેમના આ અનુવાદો જોઈ ભારતીય સભ્યતાનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે યુરોપના વિદ્વાનોમાં ઘણી જિજ્ઞાસા ઉત્પન્ન થઇ. જે પ્રજા આવી જાતનું ઉત્કૃષ્ટ સાહિત્ય નિર્માણ કરી શકે છે તે પ્રજાનો ભૂતકાળ કેટલો બધો ભવ્ય હશે તે જાણવાની આકાંક્ષા ત્યાંના લોકોમાં ખૂબ જાગી. સને ૧૭૭૪ ના જાન્યુઆરીની ૧૫ મી તારીખે તત્કાલીન ગવર્નર જનરલ વૉરન હેસ્ટીંગ્સની સહાયતાથી, એશિયા ખંડના ઇતિહાસ, સાહિત્ય, સ્થાપત્ય, ધર્મ, સમાજ, વિજ્ઞાન આદિ બધા વિષયોની શોધખોળ કરવા માટે સર વીલીયમ જોન્સે એશિયાટિક સોસાયટી નામની સંસ્થાની શુભ સ્થાપના કરી. એ સંસ્થાની સ્થાપના સાથે જ હિંદુસ્તાનના ઇતિહાસના અન્વેષણનો અમર આરંભ થયો એમ આપણે ઉપકાર સાથે સ્પષ્ટપણે કબુલ કરવું જોઇએ. તે પહેલાં આપણું ઐતિહાસિક જ્ઞાન કેટલું અલ્પ અને નિર્મૂલ હતું તે એક ભોજપ્રબંધ જેવા લોકપ્રિય નિબંધના વાચનથી જ જણાઇ આવે છે. એ પ્રબંધમાં કાલિદાસ, બાણ, માઘ આદિ ભોજથી અનેક શતાબ્દીઓ પહેલાં અને જુદા જુદા વખતે થઇ ગયેલા કવિઓને પણ ભોજના દરબારી કવિઓ તરીકે વર્ણવી બધાને એક જ

દરબારમાં લાવી બેસાડયા છે; તેમ જ સિંધુરાજ કે જે વાક્પતિરાજના મૃત્યુ પછી તેના રાજ્યનો સ્વામી બન્યો હતો, તેને બદલે એ પ્રબંધ-લેખકે વાક્પતિરાજને સિંધુરાજની ગાદીએ બેસાડી બાપને દીકરો બનાવી મૂક્યો છે. જ્યારે ભોજ જેવા પ્રસિદ્ધ રાજાના ઇતિહાસ લેખકને પણ તેના વંશ અને સમયના વિષયમાં આટલી બધી અજ્ઞાનતા હતી તો પછી સર્વ સાધારણની અજ્ઞાનતાના વિષયમાં તો કહેવુંજ શું? અશોક જેવા પ્રતાપી સમ્રાટ્‌ની તો લોકોને સામાન્ય કલ્પના પણ ન હતી. જોકે હિંદુસ્તાનના ઇતિહાસના ઘણાક પુસ્તકો અને બીજાં સાધનો મુસલમાનોના જમાનામાં નષ્ટ થઇ ગયા હતા; તોપણ બૌધ્ધકાલીન અનેક સ્તૂપ, સ્તંભ, મંદિર, ગુફા, જલાશય આદિ સ્થાનો, ધાતુ અને પાષાણની દેવી દેવતાઓની મૂર્તિઓ અને ખડકો, શિલાઓ તામ્રપત્રો ઇત્યાદિ ઉપર કોતરેલા અસંખ્ય લેખો કે જે ઇતિહાસનાં ખરાં અને મુખ્ય સાધનો મનાય છે, હજીએ અસંખ્ય વિદ્યમાન હતાં; તેથી તેમના ઉપરથી જો ઇતિહાસ તારવી કાઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોત તો આજની માફક તે સમયમાં પણ આપણા ઇતિહાસના ઘણાક અધ્યાયો રચી શકાયા હોત, પરંતુ તેમના તરફ કોઇની દૃષ્ટિ જ ગઈ ન હતી; અને પાછળથી તો જેમ જેમ દેશમાં અરાજકતા અને અજ્ઞાનતા વધતી ગઈ, તેમ તેમ લોકો પ્રાચીન કાળની લિપિ અને તેની સાથે સ્મૃતિને પણ ભૂલતા ગયા અને એ રીતે સાધનોની હયાતી હોવા છતા પણ તેનો કાંઇ ઉપયોગ થયો નહિ.

ઇ. સ. ૧૩૫૬ માં દિલ્હીના સુલતાન ફીરોજશાહ તુગલકે ટોપરા અને મેરઠથી અશોકના લેખવાળા બે મોટા સ્તંભો ઘણા ઉત્સાહ અને પરિશ્રમ સાથે દિલ્હીમા અણાવ્યા હતા; (જેમાનો એક ફીરોજશાહના કટરામા અને બીજો 'કુશ્ક શિકાર' પાસે ઉભો કરેલો છે). એ સ્તંભો ઉપર ખોદેલા લેખોમાં શું લખેલું છે તે જાણવા માટે એ બાદશાહે ઘણી મ[illegible] અને ઘ[illegible] [illegible]ડિતોને બોલાવી તે વાંચવા માટે [illegible] નહિ, અને તથી અતે તે બા[illegible] [illegible]ગા પ્રમાણે અકબર બાદશાહને [illegible] જીજ્ઞાસા હતી પરંતુ કોઇપણ [illegible] પ્રાચીન લિપિઓને [illegible] આવા

જૂના શિલાલેખો અથવા તામ્રપત્રો મળી આવતા ત્યારે લોકો તેમના વિષયમાં વિવિધ કલ્પનાઓ કરતા. કોઈ તેને સિદ્ધિદાયક મંત્ર કહેતા, કોઈ તેને દેવતાનો લખેલો મંત્ર માનતા, અને કોઈ તેને ક્યાંએ જમીનમાં દાટેલા ધનની નોંધ સમજતા. આવી અજ્ઞાનતાને લીધે લોકોને એવા શિલાલેખો કે તામ્રપત્રોની કાંઈપણ કિમ્મત જણાતી ન હતી. ભાંગેલાં તૂટેલાં જૂનાં મંદિરો આદિના શિલાલેખોને તોડી ફોડી ક્યાંક સાધારણ પત્થરોને ઠેકાણે તેમનો ઉપયોગ કરવામાં આવતો, ક્યાંક તેમને પગથીઆંઓમાં ચણી દેવામાં આવતા અને ક્યાંક ભાંગ અને ચટણી વાટવા માટે કામમાં લેવાતા. અનેક જૂનાં તામ્રપત્રો તાંબાના ભાવે કંસારાને ત્યાં વેચવામાં આવતાં અને કંસારાઓ તેમને ગાળી-ઉકાળી તેમાંથી નવાં વાસણો તૈયાર કરતા. લોકોની એ અજ્ઞાનતા હજી પણ ચાલુ છે. મેં મારા ભ્રમણ દરમ્યાન અનેક શિલાલેખોની આવી આવી દુર્દશાઓ થયેલી જોઈ છે. અનેક જૈનમંદિરોમાંના શિલાલેખો ઉપર ચોંટાડેલો ચૂનો મેં મારા હાથે ઉખેડેલો છે. ચાર વર્ષ ઉપર મુંબઈમાં એક બ્રાહ્મણ, જે ખંભાતની પાસેના એક ગામડામાં રહેતો હતો તે ત્રણ ચાર તામ્રપત્રો લઈને મારી પાસે આવ્યો હતો. તેની જમીન સંબંધે સરકારમાં કોઈ કેસ ચાલતો હતો, તેથી પોતાના ઘરમાં પડી રહેલા એ તાંબાપત્રમાં પોતાની જમીન માટે કંઈ લખેલું હશે એમ ધારી તે વંચાવવા મારી પાસે લાવ્યો હતો. તેમાંના એક પત્રની વચ્ચોવચ્ચથી બે ઇંચ વ્યાસ જેટલો ગોળ ટુકડો કાપી લીધેલો હતો. તેથી એ લેખનો કેટલોક મહત્વનો ભાગ જતો રહ્યો હતો. આ સંબંધમાં મેં તેને પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે થોડાક મહિના ઉપર એક લોટાનું તળીયું બનાવવા માટે એમાંથી એટલો ટુકડો કાપી લેવામાં આવ્યો હતો! આવા તો અનેક દાખલાઓ હજીએ બને છે. આવી જ દુર્દશા આપણા જુના ગ્રંથોની થઈ છે. યુગોના યુગો સુધી સારસંભાળ લીધા વગર અંધારી કોટડીઓમાં પડી રહેવા હજારો હસ્તલેખો ઉંદરડાઓના ઉદરમાં નષ્ટ થયા છે, અને છાપરામાંથી પડતા પાણીના ભેજથી સડી ગળી નાબૂદ થયા છે. અનેક ગુરુઓના નાલાયક ચેલાઓના હાથે પણ આપણા સાહિત્યના ઓછી વિટંબણા નથી થઈ. એક દાખલો આપું. કચ્છના એક વિદ્વાન્ ગોરજી હતા તેણે કોઈના બે છોકરાઓને ચેલા બનાવવા માટે પાળ્યા પોષ્યા હતા. એ ગોરજીના મરી ગયા પછી પાછળથી એ છોકરાઓ

તેનો જે વિશાળ પુસ્તક ભંડાર હતો તેમાંથી રોજ રોજ ક્રાને તેમ હજાર બે હજાર પાનાંઓ ફાડી હલવાઈને ત્યાં પડીકાં બાંધવા માટે આપી આવતા અને બદલામાં પાશેર ગરમાગરમ જલેબી લઈ આવી સવારનાં નાસ્તો પાણી કરી મજા માણતા. મને જ્યારે એની ખબર પડી ત્યારે તે હલવાઈ પાસે જઈ બધાં પાનાં તપાસ્યાં જેમાંથી પાંચસો વર્ષ જેટલાં જૂનાં બે ત્રણ જૈનસૂત્રો મને અખંડ મળી આવ્યાં હતાં. પાટણના જૈનભંડારોમાં સિદ્ધરાજ, કુમારપાળ અને તેનાથી યે પહેલાંનાં લખેલાં તાડપત્રોનો તંબાખૂના પાનના ભૂકાની માફક થયેલો ભૂકો મેં મારી આ નરી આંખે જોયો છે. આવી રીતે આપણે આપણી અજ્ઞાનતાને લીધે આપણા ઇતિહાસના સાધનો નષ્ટ કર્યાં છે એટલુંજ નહિ પણ પરસ્પરની મતાન્ધતા અને સાંપ્રદાયિક અસહિષ્ણુતાના વિકારને વશ થઈને પણ આપણે આપણા સાહિત્યને ઘણી રીતે ખંડિત અને દૂષિત કર્યું છે: શૈવોએ વૈષ્ણવોના સાહિત્યનું નિકંદન કર્યું છે, વૈષ્ણવોએ જૈનોના સ્થાપત્યને દૂષિત કર્યું છે, દિગંબરોએ શ્વેતામ્બરોના લેખોને ખંડિત કર્યા છે તથા લુંકાઓએ તપાઓની નોંધો બગાડી છે. એમ પરસ્પર એક બીજાનું એક બીજાએ ઘણુંજ ખોયું છે. શોધખોળના વૃત્તાન્તોમાં આવા અનેક ઉદાહરણો નોંધાયલા મળી આવે છે. છેવટે મુસલમાન ભાઈઓએ હિન્દુઓના સ્વર્ગીય ભુવનોને તોડી ફાડી ખેદાન મેદાન કર્યા છે, અને તેમનાએ પવિત્ર ધામોને આખરે કાળે જમીન દોસ્ત કર્યા છે. આવી જાતની સંકટની પરંપરાઓમાંથી જે બચી રહેલા હતા તેમને સુરક્ષિત રાખવા માટે, જે અર્ધમૃત દશામાં હોય તેના પાસેથી કાંઈક છેવટનું જાણી લેવા માટે અને તેમ કરી ભારતનો ભૂતકાળ કે જે વિસ્મૃતિ અને અજ્ઞાનના પડ નીચે સજ્જડ દબાઈ રહ્યો હતો તેનો ઉદ્ધાર કરવા માટે ઉપર જણાવેલી એશિયાટિક સોસાઈટિની સ્થાપના થઈ હતી. એ સોસાઈટિના સ્થાપનાના દિવસથી હિંદુસ્તાનના ઐતિહાસિક અજ્ઞાનાન્ધકારનો ધીરે ધીરે લોપ થવા લાગ્યો. અનેક અંગ્રેજો એ સંસ્થાના ઉદ્દેશને પૂર્ણ કરવા માટે જુદા જુદા વિષયોનું અધ્યયન કરવા લાગ્યા અને તે તે વિષયોના લેખો લખવા લાગ્યા. એ લેખોને પ્રકટ કરવા માટે 'એશિઆટિક રિસર્ચેસ' નામની એક ગ્રંથમાળા ચાલુ કરવામાં આવી. સને ૧૭૮૮ માં એ માળાનો પ્રથમ ભાગ પ્રકટ થયો. ૧૭૯૭ સુધીમાં એના પાંચ ભાગો પ્રકાશિત

ઇ.સ. ૧૭૮૯'માં તેનું એક નવીન સંસ્કરણ ઇંગ્લાંડમાં મોટીપાયે છપાવી દેવામાં આવ્યું. ત્યાં એ ભાષાની એટલી બધી માગણી થઈ કે ૫-૬ વર્ષમાં જ તેની બે આવૃત્તિઓ પ્રકટ થઈ ગઈ, અને એમ. એ. કસ્તામ નામના એક ફ્રેન્ચ વિદ્વાને, 'સિંધિનૂ એલિશા-રિકમ્' ના નામે તેનો ફ્રેન્ચ અનુવાદ પણ પ્રકટ કરી દીધો. એશિયા-ટિકની એ ગ્રન્થમાળામાં બીજા વિદ્વાનોની સાથે સર વીલીયમ જોન્સે પણ હિંદુસ્તાનના-ઈતિહાસના વિષયમાં અનેક ઉપયોગી લેખો લખ્યા. સૌથી પહેલાં તેમણેજ પોતાના એક લેખમાં એ વાત જાહેર કરી હતી કે મેગાસ્થનીસે વર્ણવેલો સાન્ડ્રોકોટસ્ અને ચંદ્રગુપ્ત મૌર્ય એ બન્ને એકજ વ્યક્તિ છે. પાટલિપુત્રનું અપભ્રષ્ટ રૂપ પાલીબોથ્રા છે અને તે આધુનિક પટનાજ છે. કારણ કે પટનાની પાસે વહેતા સોનનદને હિરણ્યબાહુ કહેવામાં આવે છે અને મેગા-સ્થનીસનું "એરાનોબોઆસ" એજ હિરણ્યબાહુનું અપભ્રષ્ટ રૂપ છે. આ રીતે ચન્દ્રગુપ્ત મૌર્યનો સમય સૌથી પહેલાં જોન્સ સાહેબેજ નિશ્ચિત કર્યો હતો.

જે અંગ્રેજ સૌથી પહેલાં સંસ્કૃત ભાષા શીખ્યો હતો તેનું નામ ચાર્લ્સ વિલ્કીન્સ હતું. તેણેજ પ્રથમ દેવનાગરી અને બંગાળી ટાઇપો બનાવ્યા. બિહાર પ્રાંતના એક ઉપરનો લેખ સૌથી પ્રથમ એણેજ વાંચી કાઢ્યો હતો. એ સિવાય બીજાં પણ કેટલાક તામ્રપત્રો અને શિલાલેખો ઉપર એણે એશિયાટિક રિસર્ચીસના પ્રારંભના ભાગોમાં કેટલીક નોંધો લખી હતી. ભગવદ્ગીતાનું પહેલું પહેલું ઈંગ્લીશ ભાષાન્તર પણ એણેજ છાપીને કર્યું હતું.

સને ૧૭૯૪ માં સર જોન્સનું મરણ થયું. તેમના પછી તેમના સ્થાન ઉપર હેનરી કોલબ્રુકની સ્થાપના થઈ. કોલબ્રુક અનેક વિષયોમાં પ્રવીણ હતા. તેમણે સંસ્કૃત સાહિત્યનું ખાસું પરિશીલન કર્યું. જોન્સના સમયે સર જોન્સ પ્રેરિત પંડિત જગન્નાથ દ્વારા સંપાદિત "હિન્દુ અને મુસલમાનોના કાયદાઓનો સાર" એ નામક સંસ્કૃત ગ્રન્થનો અનુવાદ કરતા હતા કે, અધૂરા અનુવાદને પૂર્ણ કરવાનું કામ કોલબ્રુક સાહેબને સોંપવામાં આવ્યું. તેમણે કેટલાક સંસ્કૃત પંડિતોની સહાયતાથી સને ૧૭૯૮ માં એ કામ પૂરું કર્યું. આ પછી તેમણે 'હિન્દુઓના ધાર્મિક રીતરિવાજો' 'ભારતીય માપ તથા પરિ-માણ' 'ભારતીય વર્ણવ્યવસ્થા' તથા 'ભારતવાસીઓની જાતો'

આદિ વિષયો ઉપર ગંભીર નિબંધો લખ્યા. એ પછી ૧૮૦૧ માં "સંસ્કૃત અને પ્રાકૃત ભાષા", "સંસ્કૃત અને પ્રાકૃત છન્દઃશાસ્ત્ર" વિગેરે લેખો લખ્યા. એજ વર્ષમાં દિલ્હીના લોહસ્તંભ ઉપર કોતરેલી વિશાળદેવની સંસ્કૃત પ્રશસ્તિનું અંગ્રેજી ભાષાન્તર પ્રકાશિત કર્યું. સને ૧૮૦૭ માં તેઓ એશિયાટિક સોસાયટિના સભાપતિ બન્યા. એજ વર્ષમાં તેમણે હિન્દજ્યોતિષ એટલે ખગોલવિદ્યા ઉપર એક ગ્રન્થ લખ્યો; જૈનધર્મ ઉપર એક વિસ્તૃત નિબંધ પ્રકટ કર્યો. કોલબ્રુકે વેદ, સાંખ્ય, મીમાંસા, ન્યાય, વૈશેષિક, વેદાન્ત, બૌદ્ધ આદિ ભારતનાં બધાં દર્શનો ઉપર મોટા મોટા નિબંધો લખ્યા હતા. તે સિવાય કૃષિ, વાણિજ્ય, સમાજવ્યવસ્થા, સાધારણ સાહિત્ય, કાનૂન, ધર્મ, ગણિત, જ્યોતિષ, વ્યાકરણ આદિ બધા વિષયો ઉપર તેમણે ખૂબ વિસ્તૃત પ્રબંધો લખ્યા હતા. તેમના એ લેખો-નિબંધો-પ્રબંધો આજે પણ તેટલાજ માનથી વંચાય છે. વેબર, બુહ્લર અને મૅક્સ મૂલર આદિ વિદ્વાનોએ નિશ્ચિત કરેલા કેટલાય સિદ્ધાન્તો ભ્રમપૂર્ણ સિદ્ધ થઈ ગયા છે પરંતુ કોલબ્રુકે જાહેર કરેલા વિચારો ઘણાજ ઓછા તેમ થવા પામ્યા છે. એ એક સૌભાગ્યનીજ વાત હતી કે આપણા સાહિત્યને શરૂઆતમાંજ એક એવો ઉપાસક મળી આવ્યો કે જેણે યુરોપની આગળ આપણા પ્રાચીન તત્ત્વજ્ઞાન અને સાહિત્યને નિષ્પક્ષપાત પૂર્વક મૂળ સ્વરૂપમા ઉપસ્થિત કર્યું અને જેણે દુનીયાનું ધ્યાન આપણી પ્રાચીન સંસ્કૃતિ તરફ સહાનુભૂતિ પૂર્વક આકર્ષ્યું. જો તેણે આવો અપૂર્વ પરિશ્રમ ન કર્યો હોત તો આજે યુરોપમાં સંસ્કૃતનો આટલો પ્રચાર ન થયો હોત. કોલબ્રુક ભારત છોડી જ્યારે ઇંગ્લાંડમા ગયા ત્યારે ત્યા પણ તેમણે રૉયલ એશિયાટિક સોસાઇટિની સ્થાપના કરી અનેક વિદ્વાનોને સંસ્કૃતનું અધ્યયન કરવા માટે ઉત્સાહિત કર્યા, અને આંખે અપંગ થતા સુધી બીજા અનેક ઉપાયો દ્વારા સંસ્કૃત સાહિત્યની સતત સેવા કરતા રહ્યા.

જ્યારે એક તરફ કોલબ્રુક સાહેબ સંસ્કૃત સાહિત્યના અધ્યયનમાં ગરક થયા હતા ત્યારે બીજી તરફ બીજા કેટલાક તેમના જાતભાઇઓ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોના પુરાતત્ત્વની ગવેષણા કરવામાં મચી રહ્યા હતા. સને ૧૮૦૦ મા માર્કિવસ વેલ્સ્લિ સાહેબે માઇસોર પ્રાન્તના કૃષિ આદિ વિભાગોની તપાસ કરવા માટે ડૉ. બુકૅનનની નેમણૂંક કરી હતી. તેમણે પોતાના કૃષિવિષયક કાર્યની

સાથે સાથે તે પ્રાંતની જુની પુરાણી બાબતોનું કેટલુંક જ્ઞાન મેળવ્યું. તેમના કાર્યથી સંતુષ્ટ થઈને કંપનીએ તેમને ૧૮૦૭ માં બંગાળ પ્રાંતના એક વિશિષ્ટ પદ પર યોજ્યા. સાત વર્ષ પર્યંત તેમણે બિહાર, શાહાબાદ, ભાગલપુર, ગોરખપુર, દિનાજપુર, પુરનિયા, રંગપુર અને આસામમાં કામ કીધું. જો કે તેમને પ્રાચીન સ્થાનો વિગેરેની શોધખોળનું કામ સોંપવામાં આવ્યું ન હતું તો પણ તેમણે ઇતિહાસ અને પુરાતત્ત્વની ખૂબ ગવેષણા કરી. તેમની આ ગવેષણાથી ઘણો લાભ થયો. અનેક અજ્ઞાત ઐતિહાસિક બાબતોની માહીતી મળી. પૂર્વીય ભારતની પ્રાચીન વસ્તુઓની શોધખોળ સૌથી પ્રથમ એમણેજ કરી.

પશ્ચિમ ભારતની પ્રસિદ્ધ કેનેરી ગુફાઓનું વર્ણન સૌથી પ્રથમ સાલ્ટ સાહેબે અને હાથીગુફાઓનું વર્ણન ર્સ્કિન સાહેબે લખ્યું. આ બન્ને વર્ણનો બોમ્બે ટ્રાંઝેક્શન નામના પુસ્તકના પહેલા ભાગમાં પ્રકાશિત થયાં. એજ પુસ્તકના ત્રીજા ભાગમાં સાઈક્સ સાહેબે બીજાપુર (દક્ષિણ) નું વર્ણન લોકોની આગળ મૂક્યું.

છેક દક્ષિણ હિંદુસ્તાનનું વર્ણન ટોમસ ડેનિયલ નામના સાહેબે મેળવવું શરૂ કર્યું. તેજ વખતે દક્ષિણમાં કર્નલ મેકેન્ઝીએ પણ પુરાતત્ત્વ વિદ્યાના અભ્યાસનો પ્રારંભ કીધો હતો. તે સર્વે ડિપાર્ટમેન્ટમાં નોકર હતા. તેમણે અનેક પ્રાચીન ગ્રંથો અને શિલાલેખોનો સંગ્રહ કર્યો હતો. મેકેન્ઝી સાહેબ કેવળ સંગ્રહકાર હતા. તેઓ ગ્રંથો અને લેખોને વાંચી શકતા ન હતા. પરંતુ તેમના પછીના શોધકોને તેમના આ સંગ્રહથી ઘણો લાભ થયો હતો. દક્ષિણના કેટલાક અનતિ-પ્રાચીન શિલાલેખોના ભાષાન્તરો ડૉ. મિલે કીધાં હતાં. આજ રીતે રાજપુતાના અને મધ્ય ભારતના કેટલાક ભાગોનું સારૂં જ્ઞાન કર્નલ ટૉડે મેળવ્યું અને એ પ્રદેશોમાંના અનેક જુની પુરાણી વસ્તુઓની શોધખોળ તેમણે કરી.

આ પ્રમાણે જુદા જુદા વિદ્વાનો દ્વારા ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોના વિષયમાં થોડુંક જ્ઞાન મેળવવામાં આવ્યું ને ઘણીક વસ્તુઓ જાણવામાં આવી; પરંતુ પ્રાચીન લિપિનું સ્પષ્ટ જ્ઞાન હજી કોઈને મળેલું ન હોવાથી ભારતના પ્રાચીન ઐતિહાસિક સાધનોના ભંડાર ઉપર હજી તેવો ને તેવોજ અંધકારનો પડદો પડેલો હતો. જુદા જુદા વિદ્વાનોએ અનેક પુરાતન સિક્કાઓ અને શિલાલેખોનો ઘણો

સારો સંગ્રહ મેળવી લીધો હતો ખરો, પણ લિપિજ્ઞાનના અભાવે તેમનો ત્યાં સુધી કાંઇ ઉપયોગ થયો ન હતો.

ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસના પ્રથમ અધ્યાયનો ખરો પ્રારંભ ઇ. સ. ૧૮૩૭ થી થાય છે. એ વર્ષમાં એક નવીન નક્ષત્રનો ઉદય થાય છે કે જે ભારતીય પુરાતત્ત્વ વિદ્યા ઉપર પડેલા પડદાને દૂર ખસેડે છે. એશિયાટિક સોસાઇટિની સ્થાપનાના દિવસથી તે ૧૮૩૪ સુધીમાં પુરાતત્ત્વ સંબંધી ખરું કામ બહુજ ઓછું થયું હતું. ત્યાં સુધી વિશેષ કરીને જુના ગ્રંથોના અનુવાદોજ થતા રહ્યા હતા. શિલાલેખો કે જે ભારતના ઇતિહાસના એક માત્ર ખરા સાધન તરીકે ગણાય છે તેમના સંબંધમાં ઘણુંજ ઓછું કાર્ય થયું હતું. કારણ એ હતું કે પ્રાચીન લિપિનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું અદ્યાપિ બાકી હતું.

મેં ઉપર એક ઠેકાણે જણાવ્યું છે તેમ પહેલ વહેલી સંસ્કૃત ભાષા શીખનાર અંગ્રેજ ચાર્લ્સ વિલ્કીન્સ હતો, અને સૌથી પ્રથમ શિલાલેખ તરફ ધ્યાન આપનાર પણ તેજ હતો. તેણે ઇ. સ. ૧૭૮૫ માં દીનાજપુર જીલ્લાના બદાલ નામક સ્થાન પાસે મળેલા એક સ્તંભ ઉપરનો લેખ વાચ્યો હતો જે બંગાળાના રાજા નારાયણ પાલના સમયનો લખેલો હતો. તેજ વર્ષમા એક હિંદુસ્થાની પંડિત નામે રાધાકાન્ત શર્માએ ટોમરા વાળા દિલ્હીના અશોક સ્તંભ ઉપર ખોદેલા અજમેરના ચૌહાણ રાજા અનલદેવના પુત્ર વીસલદેવના ત્રણ લેખો વાચ્યા જેમાના એકની મિતિ 'સંવત્ ૧૨૨૦ વૈશાખ સુદી ૫' છે. આ લેખોની લિપિ બહુ જુની ન હોવાથી સરલતાની સાથે તે વાચી શકાયા હતા. પરંતુ તેજ વર્ષમા જે. એચ. હેરિંગ્ટને બુદ્ધગયા પાસે આવેલી નાગાર્જુની અને બારાબાર ગુફાઓમાં ઉપરના લેખો કરતા વધારે જુના એવા મૌખરી વંશના રાજા અનંતવર્માના ત્રણ લેખો ખોળી કઢ્યા હતા કે જેમની લિપિ ગુપ્તકાલીન લિપિથી ઘણે અંશે મળતી હોવાથી તેમનુ વાચન કઠિન થઇ પડ્યું હતું. પણ ચાર્લ્સ વિલ્કીન્સ ચાર વર્ષ સુધી પરિશ્રમ લઇ તે ત્રણે લેખોને વાચી લીધા અને તેમ કરી તેણે ગુપ્તલિપિના લગભગ અડધી વર્ણમાળાનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

ગુપ્તલિપિ એટલે શું એની તમને ખબર નહિ હોય તેથી તેનો સહજ ખુલાસો અહિં કરી દઉં. હાલમા જે લિપિને આપણે દેવ-

નાગરી (અથવા બાળબોધ) ના નામે ઓળખીએ છીએ, તે સાધારણ રીતે ત્રણ અવસ્થાઓમાંથી પસાર થએલી છે. આ ચાલુ આકૃતિ પૂર્વે તેની જે આકૃતિ હતી તેને કુટિલ લિપિના નામે ઓળખવામાં આવે છે. એ આકૃતિનો સમય સાધારણ સમજવાની ખાતર ઈ. સ. ના ૬ ઠ્ઠા સૈકાથી તે ૧૦ મા સૈકા સુધીનો માની લેવો જોઈએ. તેની પહેલાંની આકૃતિને ગુપ્તલિપિના નામે ઓળખવામાં આવે છે, જેનો સામાન્ય સમય ગુપ્તવંશનો રાજત્વકાળ ગણાય છે. તે પહેલાંની આકૃતિ વાળી લિપિને બ્રાહ્મીલિપિ કહેવાય છે. અશોકના લેખો આજ લિપિમાં લખાયલા છે. એનો સમય ઈ. સ. પૂ. ૫૦૦ થી ઈ. સ. ૩૫૦ સુધીનો મનાય છે.

સન ૧૮૧૮ થી ૧૮૨૩ લગી કર્નલ જેમ્સ ટૉડે રાજપુતાનાના ઇતિહાસની શોધખોળ કરતા રાજપુતાના અને કાઠિયાવાડમાંથી કેટલાક પ્રાચીન લેખોનો પત્તો મેળવ્યો હતો. જેમાંના ૭ મી શતાબ્દીથી લઇ ૧૫ મા શતાબ્દી સુધીના અનેક લેખો તે કર્નલના ગુરૂ યતિ જ્ઞાનચંદ્રજીએ વાંચ્યા હતા, અને જેનો સારાંશ યા અનુવાદ ઉક્ત સાહેબે પોતાના "રાજસ્થાન" નામક પ્રસિદ્ધ ઇતિહાસમાં આપ્યો છે.

ઈ. સ. ૧૮૨૮ મા બી. [illegible] બેબીંગ્ટને મામલ્લપુરના કેટલાક સંસ્કૃત અને તામીલ લેખો વાંચ્યા. તેમની વર્ણમાલાઓ તૈયાર કીધી. તેવીજ રીતે વૉલ્ટર ઇલિયટે પ્રયાસ [illegible] કાનડી અક્ષરોનું જ્ઞાન મેળવી તેમની વિસ્તૃત વર્ણમાલા [illegible] પ્રકટ કરી.

ઈ. સ. ૧૮૩૪ મા [illegible] અલાહાબાદના અશોકસ્તંભ ઉપર ખોદેલા ગુપ્તવંશી [illegible] કેટલોક ભાગ વાંચ્યો, અને પાછળથી તેજ [illegible] તે લેખને સંપૂર્ણ વાંચી ૧૮૩૭ મા [illegible]

[illegible] કેટલાક દાનપત્રો [illegible] પણ વાંચ્યા.

[illegible] ગિરનારના [illegible]

[illegible] ૧૮૩૪ મા [illegible]

સારો સંગ્રહ મેળવી લીધો હતો ખરો, પણ લિપિજ્ઞાનના અભાવે તેમનો ત્યાં સુધી કાંઇ ઉપયોગ થયો ન હતો.

ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસના પ્રથમ અધ્યાયનો ખરો પ્રારંભ ઇ. સ. ૧૮૩૭ થી થાય છે. એ વર્ષમાં એક નવીન નક્ષત્રનો ઉદય થાય છે કે જે ભારતીય પુરાતત્ત્વ વિદ્યા ઉપર પ્રકાશ પાડવાને ફરી ભમ્યો છે. એશિયાટિક સોસાઇટીની સ્થાપનાના દિવસથી તે ૧૮૩૪ સુધીમાં પુરાતત્ત્વ સંબંધી ખરું કામ બહુજ ઓછું થયું હતું. ત્યાં સુધી વિશેષ કરીને જુના ગ્રંથોના અનુવાદોજ થતા રહ્યા હતા. શિલાલેખો કે જે ભારતના ઇતિહાસના એક માત્ર ખરા સાધન તરીકે ગણાય છે તેમના સંબંધમાં ઘણુંજ ઓછું કાર્ય થયું હતું. કારણ એ હતું કે પ્રાચીન લિપિનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું અદ્યાપિ બાકી હતું.

મેં ઉપર એક ઠેકાણે જણાવ્યું છે તેમ પહેલ વહેલી સંસ્કૃત ભાષા શીખનાર અંગ્રેજ ચાર્લ્સ વિલ્કીન્સ હતો, અને સૌથી પ્રથમ શિલાલેખ તરફ ધ્યાન આપનાર પણ તેજ હતો. તેણે ઇ. સ. ૧૭૮૫ માં દીનાજપુર જીલ્લાના બદાલ નામક સ્થાન પાસે મળેલા એક સ્તંભ ઉપરનો લેખ વાંચ્યો હતો કે જે બંગાળના રાજા નારાયણપાલના સમયનો લખેલો હતો. તેજ વર્ષમાં એક હિંદુસ્થાની પંડિત રાધાકાન્ત શર્માએ ટોપરા વાળા દિલ્હીના અશોક સ્તંભ ઉપર કોતરેલા અજમેરના ચૌહાણ રાજા અનલદેવના પુત્ર વીસલદેવના ત્રણ લેખો વાંચ્યા જેમના એકની મિતિ 'સંવત્ ૧૨૨૦ વૈશાખ સુદી ૫' છે. આ લેખોની લિપિ બહુ જુની ન હોવાથી સરલતાથી સાથે તે વાંચી શકાયા હતા. પરંતુ તેજ વર્ષમાં જે. એચ. હેરિંગ્ટને બુદ્ધગયા પાસે આવેલી નાગાર્જુની અને બરાબર ગુફાઓમાં કોતરેલા લેખો કાઢ્યા. જુના એવા મૌખરી વંશના રાજા અનંતવર્માના ત્રણ લેખો હતા. એની કાઢવા વેળા કે જેમની લિપિ ગુપ્તકાલીન લિપિથી ઘણી મળતી હોવાથી તેમનું વાંચન કઠિન થઇ પડ્યું હતું, પણ ચાર્લ્સ વિલ્કીન્સ ચાર વર્ષ સુધી પરિશ્રમ કરી તે ત્રણે લેખોને વાંચી લીધા અને તેમ કરી તેણે ગુપ્તલિપિના લગભગ અર્ધી વર્ણમાલાનું જ્ઞાન મેળવી લીધું.

ગુપ્તલિપિ એટલે શું એ જેને ખબર નહિ હોય તેણે [illegible] અહિં કરી [illegible] જે લિપિને આપણે દેવ-

ખરોષ્ટી (અથવા ખરોષ્ઠી) ના નામે ઓળખીએ છીએ, તે સાધારણ રીતે ત્રણ અવસ્થાઓમાંથી પસાર થએલી છે. આ ચાલુ આકૃતિ પૂર્વે જેવી જે આકૃતિ હતી તેને કુટિલ લિપિના નામે ઓળખ-વામાં આવે છે. એ આકૃતિનો સમય સાધારણ સમજવાની ખાતર ઇ. સ. ના ૬ ઠ્ઠા સૈકાથી તે ૧૦ મા સૈકા સુધીનો માની લેવો જોઇએ. તેના પહેલાંની આકૃતિને ગુપ્તલિપિના નામે ઓળખવામાં આવે છે, જેનો સામાન્ય સમય ગુપ્તવંશનો રાજત્વકાળ ગણાય છે. તે પહેલાંની આકૃતિ વાળી લિપિને બ્રાહ્મીલિપિ કહેવાય છે. અશો-કના લેખો આજ લિપિમાં લખાએલા છે. જેનો સમય ઇ. સ. પૂ. ૫૦૦ થી ઇ. સ. ૩૫૦ સુધીનો મનાય છે.

સન ૧૮૧૮ થી ૧૮૨૩ સુધી કર્નલ જેમ્સ ટૉડે રાજપુતાના-ના ઇતિહાસની શોધખોળ કરતાં રાજપુતાના અને કાઠિયાવાડમાંથી કેટલાક પ્રાચીન લેખોનો પત્તો મેળવ્યો હતો. જેમાંના ૭ મી શતા-બ્દીથી લઇ ૧૫ મી શતાબ્દી સુધીના અનેક લેખો તે કર્નલના ગુરુ યતિ જ્ઞાનચંદ્રજીએ વાંચ્યા હતા, અને જેનો સારાંશ આ અનુવાદ ઉક્ત સાહેબે પોતાના "રાજસ્થાન" નામક પ્રસિદ્ધ ઇતિહાસમાં આપ્યો છે.

ઇ. સ. ૧૮૨૮ માં બી. જી. બેબીંગ્ટને મામલ્લપુરના કેટલાક સંસ્કૃત અને તામીલ લેખો વાંચી તેમની વર્ણમાલાઓ તૈયાર કીધી. તેવીજ રીતે વૉલ્ટર ઇલિયટે પ્રાચીન કાનડી અક્ષરોનું જ્ઞાન મેળવી તેમની વિસ્તૃત વર્ણમાળાઓ પ્રકાશિત કરી.

ઇ. સ. ૧૮૩૪ માં કેપ્ટન ટ્રોયરે પ્રયાગના અશોકસ્તંભ ઉપર ખોદેલા ગુપ્તવંશી રાજા સમુદ્રગુપ્તના લેખનો કેટલોક ભાગ વાંચ્યો, અને પાછળથી તેજ વર્ષમાં ડૉ. મિલે તે લેખને સંપૂર્ણ વાંચી ૧૮૩૭ માં ભિટારીના સ્તંભ ઉપરનો સ્કંદગુપ્તનો લેખ પણ ઉકેલી લીધો.

૧૮૫૩ માં ડબ્લ્યુ. એચ. વૉથને વલ્લભીના કેટલાક દાન-પત્રો ઉકેલ્યાં.

૧૮૩૭–૩૮ માં જેમ્સ પ્રિન્સેપે દીલ્લી, કમાઉં અને એરણના સ્તંભો ઉપરના, સાંચી અને અમરાવતીના સ્તૂપો ઉપરના, તેમજ ગિરનારના ખડક ઉપરના ગુપ્તલિપિના બધા લેખો વાંચી કાઢ્યા.

સાંચી સ્તૂપના ચંદ્રગુપ્તવાળા મહત્ત્વના લેખ સંબંધે જે પ્રિન્સેપે ૧૮૩૪માં લખ્યું હતું કે 'પુરાતત્ત્વના અભ્યાસીઓ હજી સુધી સાંચીના

શિલાલેખોમાં શું લખ્યું છે એ કાંઇ પણ જાણી શક્યા નથી,' તેજ પ્રિન્સેપ ૧૮૩૭ માં એ બધા લેખોને યથાર્થ અનુવાદ સાથે પ્રકટ કરવાની સંપૂર્ણ સફળતા મેળવી શક્યા હતા.

આ રીતે કેપ્ટન ટ્રોયર, ડૉ. મિલ અને જેમ્સ પ્રિન્સેપના સતત પરિશ્રમથી ચાર્લ્સ વિલ્કીન્સે જે ગુપ્તલિપિની અપૂર્ણ વર્ણમાળા તૈયાર કરી હતી તે સંપૂર્ણ થઇ અને તેથી ગુપ્તવંશી રાજાઓના સમય સુધીના શિલાલેખો, તામ્રપત્રો સિક્કાઓ વગેરે વાંચવામાં પૂરેપૂરી સરળતા અને સફળતા મળી.

હવે બધી લિપિઓની જે આદિજનની બ્રાહ્મી લિપિ તેનો વારો આવ્યો. તે લિપિ ગુપ્ત લિપિથી પ્રાચીન હોવાના સબબે તેનું એકદમ ઉકેલવું કઠિણ હતું. એ લિપિનાં દર્શન તો ઇ. સ. ૧૭૯૫ માંજ શોધકોને થઇ ગયાં હતાં. એ સાલમાં સર ચાર્લ્સ મૅલેટે ઇલોરાની ગુફાઓમાંના કેટલાક નાના નાના બ્રાહ્મી લેખોની નકલો સર વિલિયમ જોન્સ પર મોકલી હતી. તેમણે એ નકલોને મેજર વિલ્ફોર્ડ કે જે તે વખતે કાશીમા હતો તેના તરફ ત્યાંના કોઇ પંડિત મારફત ઉકેલવા માટે, રવાના કરી. પ્રથમ તો ત્યા તે ઉકેલનાર કોઇ મળ્યો નહિ પણ પાછળથી એક ચાલાક બ્રાહ્મણે કેટલીક પ્રાચીન વર્ણમાળાઓનું એક કૃત્રિમ પુસ્તક તે બિચારા જીજ્ઞાસુ મેજરને બતાવી તે લેખોને પોતાની ઇચ્છા પ્રમાણે ખોટી રીતે વાચી બતાવ્યા અને બદલામા ખૂબ દક્ષિણા મેળવી. વિલ્ફોર્ડ સાહેબે આવી કલ્પિત રીતે વાચેલા લેખો ઉપર પૂર્ણ વિશ્વાસ આણી તે બ્રાહ્મણના સમજાવ્યા પ્રમાણે તે લેખોનું ઇંગ્રેજી ભાષાન્તર પણ કરી લીધું અને પછી લેખોની નકલો સાથે તે ભાષાન્તર સર જોન્સ ઉપર મોકલી આપ્યું. આ સંબંધમાં મેજર વિલ્ફોર્ડે સર જોન્સ ઉપર જે પત્ર લખ્યો હતો તેમા તે બહુ ઉલ્લાસ પૂર્વક લખે છે કે—"આ સાથે કેટલાક લેખોની નકલો તેના ખુલાસા સાથે મોકલવાની રજા લઉં છું. પ્રથમ તો મેં એ લેખોને કોઇ દિવસ પણ ઉકેલી શકવાની આશા સમૂળગી છોડી દીધી હતી, કારણ કે હિંદુસ્તાનના આ ભાગમા (બનારસ તરફ) જુના લેખો મળતા નથી, તેથી તે ઉકેલવાની કળાની બુદ્ધિની અજમાયશ કરવાના કે કીર્ત્તિ કરવાની તકજ મળી ન હતી. તેમ છતાં, અને મારા ઘણા યત્નો નિષ્ફળ થયા છતાં, આખરે સદ્ભાગ્યે, એક વૃદ્ધ ગુરુ મને મળી આવ્યા જેણે એ લેખોને વાંચવાની કુંચી

વપરાતી અને જુના જમાનામાં હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં જે લિપિઓ ચાલતી હતી તેનું એક એકત્ર પુસ્તક તેઓ મારી પાસે રજુ કર્યું. આ એક અત્યંત સૌભાગ્યસૂચક શોધ થઈ છે, જે આપણને ભવિષ્યમાં ઘણી ઉપયોગી થઈ પડશે." મે. વિલ્ફર્ડની આ "શોધ" માટે ઘણાં વર્ષો સુધી કોઈને શંકા સુદ્ધાં થઈ નહિ. કારણ કે સને ૧૮૨૭ ના અરસામાં, ખંડગિરિના ગુફા લેખના એક શિલાલેખના લેખના સંબંધમાં લખતાં મી. સ્ટર્લિંગ લખે છે કેઃ— "જુના લેખો વાંચવાની કુંચી એક વિદ્વાન્ બ્રાહ્મણ પાસેથી મેળવી મે. વિલ્ફર્ડની વિદ્યા અને બુદ્ધિએ ધર્મોના અને ગામોના લેખો કે જે આવી લિપિમાં લખાયલા છે તેનો કેટલોક ભાગ ઉકેલ્યો હતો. ત્યાર પછી દિલ્હી અને બીજાં સ્થળોના તેવા લેખો ઉકેલવામાં તે કુંચીનો કાંઈ પણ ઉપયોગ કરવામાં આવ્યો નથી તે વિસ્મય થવા જેવું છે." મી. પ્રિન્સેપને ૧૮૩૩ માં ખરી કુંચી જડી, તે પહેલાં આશરે એક વર્ષ ઉપર તેમણે પણ આશ્ચર્ય રીતે મે. વિલ્ફર્ડની કુંચીનો ઉપયોગ ન કરવા બાબત પોતાની દિલગીરી પ્રકટ કરેલી છે. એક શોધક અને જીજ્ઞાસુ વિદ્વાનને આવી દીલગીરી થવી સ્વાભાવિક છે. પણ વિદ્વાન્ બ્રાહ્મણની બનાવેલી કુંચીનો વધારે ઉપયોગ ન કરવામાં આવ્યો તેમાં આશ્ચર્ય માનવા જેવું કશું નથી. કારણ કે જેમ પુરાતત્ત્વની બીજી શાખાઓમાં મે. વિલ્ફર્ડની ભલાનું બાદ કરનારા પંડિતબાજ બ્રાહ્મણોની કારવાઈઓનો તે શિકાર ભોગ થઈ પડ્યો હતો તેમ આ બાબતમાં પણ બન્યું હતું. એ ગમે તેમ હો, પરંતુ એટલું તો ચોક્કસ છે કે મે. વિલ્ફર્ડની કહેવાતી શોધ એક સંપૂર્ણ બનાવટ હતી. કારણ કે તેમણે જ એક બેબાક તદન કલ્પિત હતો અને તેનો તેમનું કરેલ તરજુમો પણ તેવોજ નિર્મૂળ હતો,—યુધિષ્ઠિર અને પાંડવોના વનવાસ અને નિર્જન જંગલોમાં પરિભ્રમણની વાતોઓનો તે ન સમજાય તેવો અલૌકિક હતો. એ ધૂર્ત બ્રાહ્મણે બનાવેલા અક્ષરો ભરાઇ ખોટું અનુસંધાન કરવા માટે વિલ્ફર્ડ કલ્પના કરી હતી કે પાંડવો વનવાસ દરમ્યાન બ્રાહ્મણોના સંસર્ગમાં ન આવવાના હોવાથી [illegible] હતા. તેથી તેમના વિદુર અને વ્યાસ જેવા સગાં અને સંબંધીઓએ તેમને આવવાન કહેવાની સૂચના આપવા માટે આ યુક્તિઓ કરી હતી. તેઓ [illegible] ભાઈ. આ હિસાબે [illegible] દૂર દૂર. અને સહે-

સહેલાઈથી ન સમજાય તેવાં વાક્યો, પહેલેથીજ સંકેત કરી રાખેલી લિપિમાં લખી, પોતાનો હેતુ પાર પાડતા રહેતા હતા. ઇંગ્રેજો પોતાને બહુજ બુદ્ધિમાન્ અને ચાલાક માને છે અને હસતે મુખે તેઓ દુનીઆના બીજા ભોળા લોકોને ઠગવાની પૂરી કળા જાણે છે, પરંતુ તેઓ પણ ભારતવર્ષની સ્વર્ગપુરી ગણાતી કાશીના "ઠગ ગુરુ" ની ઝોળીમાં એક વખત આવી રીતે મૂકાઈ જતા હતા. અસ્તુ.

એશિયાટિક સોસાયટિની પાસે દિલ્લી અને અલાહાબાદના સ્તંભો તથા ખંડગિરિના ખડકો ઉપરના લેખોની નકલો એકઠી થએલી હતી, પરંતુ વિલ્ફોર્ડ સાહેબની 'શોધ' નિષ્ફળ જવાથી કેટલાંએ વર્ષો સુધી તે લેખોને ઉકેલવાનો પ્રયત્ન થયો નહિ. એ લેખોના મર્મને જાણવાની ઉત્કટ જિજ્ઞાસા રહેવાને લીધે મી. જેમ્સ પ્રિંસેપે ઈ. સ. ૧૮૩૪–૩૫ માં અલાહાબાદ, રધિઆ અને મથિઆના સ્તંભો ઉપરના લેખોની છાપો મંગાવી, અને તેમને દિલ્લીના લેખની સાથે મુકી એ જાણવાની કોશીશ કીધી કે તેમાં કોઈ શબ્દ એક સરખો છે કે નહિ. આ પ્રમાણે ચારે લેખોને પાસે પાસે મુકવાથી તુરત તેમને જણાયું કે એ ચારે લેખો એકજ જાતના છે. આથી પ્રિંસેપનો ઉત્સાહ વધ્યો અને પોતાની જિજ્ઞાસા પૂર્ણ થવાની તેમને આશા બંધાઈ. પછી તેમણે અલાહાબાદ–સ્તંભ ઉપરના લેખના ભિન્ન ભિન્ન આકૃતિ વાળા અક્ષરો જુદા તારવ્યા, જેથી તેમને સમજાયું કે ગ્રીક લિપિના અક્ષરોની માફક તેના પણ કેટલાક અક્ષરો સાથે સ્વરોની માત્રાઓના જુદા જુદા પાંચ ચિન્હો લાગેલા છે. પછી તેમણે એ પાંચે ચિન્હોને એકત્ર કરી પ્રકટ કર્યા. આથી કેટલાક વિદ્વાનોને એ અક્ષરોની બાબતમાં યૂનાની હોવાનો જે ભ્રમ હતો તે દૂર થઈ ગયો.

અશોકના લેખોની લિપિ સાધારણ રીતે જોનારને ઇંગ્રેજી અથવા ગ્રીક લિપિની ભ્રાંતિ ઉત્પન્ન કરી શકે છે. ટૉમ કોરિએટ નામના મુસાફરે અશોકના દિલ્લીવાળા સ્તંભના લેખને જોઈ એલ. વ્હીટરને એક પત્રમાં લખ્યું હતું કે "હું આ દેશના દિલ્લી નામના શહેરમાં આવ્યો છું કે જ્યાં આગળ મહાન્ અલેક્ઝાંડરે હિન્દુસ્થાનના રાજા પોરસને હરાવ્યો હતો, અને પોતાના વિજયની સ્મૃતિમાં તેણે એક મોટો સ્તંભ ઉભો કરાવ્યો હતો જે અદ્યાપિ અહિં મોજુદ છે." પાદરી એડવર્ડ ટેરીએ લખ્યું છે કે—"ટૉમ કોરિ-



એક અને કહ્યું હતું કે તેણે દિલ્હીમાં ગ્રીક લેખવાળો એક સ્તંભ જોયો છે જે મહાન્ અલેકઝાંડરની સ્મૃતિ માટે ત્યાં સ્થાપિત કરવામાં આવ્યો હતો." આવી રીતે બીજા પણ લેખકોએ એ લેખને ગ્રીક લેખ માન્યો હતો.

ઉક્ત રીતે સ્વરોનાં ચિન્હોને ઓળખી લીધા પછી મી. પ્રિંસેપે અક્ષરોને ઓળખવાનો ઉદ્યોગ શરૂ કર્યો. તેમણે પ્રથમ પ્રત્યેક અક્ષરને ગુપ્ત લિપિના અક્ષર સાથે મેળવવાનો અને જે તેની સાથે બરાબર મળતો થાય તેને ક્રમથી વર્ણમાળામાં દાખલ કરવાનો ક્રમ લીધો. આ રીતે ઘણાક અક્ષરો તેમની જાણમાં આવી ગયા.

પાદરી જેમ્સ સ્ટીવન્સને પણ પ્રિંસેપની માફક આજ શોધમાં અનુરક્ત થઈ 'क', 'ज', 'थ', 'प', અને 'व' એટલા અક્ષરો ઓળખી કાઢયા, અને આ અક્ષરોની સહાયતાથી તેમણે લેખોને પુરા વાંચી તેનો અનુવાદ કરવાનો મનોરથ કીધો. પરંતુ કાંઇક તો અક્ષરોને ઓળખવામાં ભૂલ થઈ જવાથી, કાંઇક વર્ણમાળાની અપૂર્ણતાથી અને કાંઇક એ લેખોની ભાષાને સંસ્કૃત સમજવાથી તેમનો એ ઉદ્યોગ પૂરેપૂરો સફળ થયો નહિ. પણ આથી પ્રિંસેપને નિરાશા થઈ નહિ. ઇ. સ. ૧૮૩૫ મા પ્રસિદ્ધ પુરાતત્વજ્ઞ પ્રો. લૅસ્સને એક બાક્ટ્રિઅન ગ્રીક સિક્કા પર આજ અક્ષરોમા લખેલું ઍગૅથૅાક્લિસનું નામ વાંચ્યું, પરંતુ ૧૮૩૭ ની શરૂઆતમાંજ મી. પ્રિંસેપે પોતાના અલૌકિક સૂક્ષ્મદ્વારા એક નાનો સરખો दान શબ્દ શોધી કાઢયો હતો જેણે એકદમ આ સઘળી ગૂઢ બાબતોનો નિકાલ કરી દીધો. હકીકત આ પ્રમાણે છે:—ઈ. સ. ૧૮૩૭ માં મિ. પ્રિંસેપે સાંચી-સ્તૂપના સ્તંભો આદિ ઉપર ખોદેલા કેટલાક નાના નાના લેખોની છાપોને એકત્ર કરીને જોઈ તો તે બધામા અંતે બે અક્ષરો એકજ સરખા જણાયા અને તેની પહેલા स અક્ષર લખેલો દેખાયો જેને પ્રાકૃતભાષાનો છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય (સંસ્કૃત स्य ના બદલે) માની એ અનુમાન કર્યું કે બધા લેખો જુદા જુદા મનુષ્યો દ્વારા કરાએલા દાનનું સૂચન કરતા હોવા જોઈએ. છેલ્લા બધે એક સરખા જણાતા બે અક્ષરો કે જે ઓળખાતા ન હતા, તેમાથી પહેલા અક્ષરની સાથે 'ा' આ ની માત્રા અને બીજાની સાથે ' અનુસ્વારનું ચિન્હ લાગેલું હોવાથી પહેલો અક્ષર તે दा અને બીજો તે नं હોઈ એમ એ શબ્દ दानं જ હોવો જોઇએ એમ તેમણે નિશ્ચય

લાકથી ન સમજાય તેવાં વાક્યો, પહેલેથીજ સંકેત કરી રાખેલી લિપિમાં લખી, પોતાનો હેતુ પાર પાડતા રહેતા હતા. કમેજો પોતાને બહુજ બુદ્ધિમાન્ અને ચાલાક માને છે અને હસતે મુખે તેઓ દુનીઆના બીજા ભોળા લોકોને ઠગવાની પૂરી કળા જાણે છે, પરંતુ તેઓ પણ ભારતવર્ષની સ્વર્ગપુરી ગણાતી કાશીના "વૃદ્ધ ગુરૂ" ની ઝોળીમાં એક વખત આવી રીતે મૂકાઈ જતા હતા. અસ્તુ.

એશિયાટિક સોસાયટિની પાસે દિલ્હી અને અલાહાબાદના સ્તંભો તથા ખંડગિરિના ખડકો ઉપરના લેખોની નકલો એકઠી થએલી હતી, પરંતુ વિલ્ફોર્ડ સાહેબની 'શોધ' નિષ્ફળ જવાથી કેટલાંએ વર્ષો સુધી તે લેખોને ઉકેલવાનો પ્રયત્ન થયો નહિ. એ લેખોના મર્મને જાણવાની ઉત્કટ જિજ્ઞાસા રહેવાને લીધે મી. જેમ્સ પ્રિંસેપે ઈ. સ. ૧૮૩૪-૩૫ માં અલાહાબાદ, રધિઆ અને મથિઆના સ્તંભો ઉપરના લેખોની છાપો મંગાવી, અને તેમને દિલ્હીના લેખની સાથે મુકી એ જાણવાની કોશીશ કીધી કે તેમાં કોઈ શબ્દ એક સરખો છે કે નહિ. આ પ્રમાણે ચારે લેખોને પાસે પાસે મુકવાથી તુરત તેમને જણાયું કે એ ચારે લેખો એકજ જાતના છે. આથી પ્રિંસેપનો ઉત્સાહ વધ્યો અને પોતાની જિજ્ઞાસા પૂર્ણ થવાની તેમને આશા બંધાઈ. પછી તેમણે અલાહાબાદ-સ્તંભ ઉપરના લેખના ભિન્ન ભિન્ન આકૃતિ વાળા અક્ષરો જુદા તારવ્યા, જેથી તેમને સમજાયું કે ગુપ્ત લિપિના અક્ષરોની માફક તેના પણ કેટલાક અક્ષરો સાથે સ્વરોની માત્રાઓના જુદા જુદા પાંચ ચિન્હો લાગેલા છે. પછી તેમણે એ પાંચે ચિન્હોને એકત્ર કરી પ્રકટ કર્યાં. આથી કેટલાક વિદ્વાનોને એ અક્ષરોની બાબતમાં યૂનાની હોવાનો જે ભ્રમ હતો તે દૂર થઈ ગયો.

અશોકના લેખોની લિપિ સાધારણ રીતે જોનારને ઇંગ્રેજી અથવા ગ્રીક લિપિની ભ્રાંતિ ઉત્પન્ન કરી શકે છે. ટૉમ કૉરિએટ નામના મુસાફરે અશોકના દિલ્હીવાળા સ્તંભના લેખને જોઈ એલ્. વ્હીટરને એક પત્રમાં લખ્યું હતું કે "હું આ દેશના દિલ્હી નામના શહેરમાં આવ્યો છું કે જ્યાં આગળ મહાન્ અલેક્ઝાંડરે હિન્દુસ્થાનના રાજા પોરસને હરાવ્યો હતો, અને પોતાના વિજયની સ્મૃતિમાં તેણે એક મોટો સ્તંભ ઉભો કરાવ્યો હતો જે અદ્યાપિ અહિં મોજુદ છે." પાદરી એડવર્ડ ટેરીએ લખ્યું છે કે—"ટૉમ કૉરિ-

ચિરે અને કહ્યું હતું કે તેણે ફિરોઝમાં એક લેખવાળો એક સ્તંભ જોયો છે કે મહાન્ અલેક્ઝાંડરની સ્મૃતિ માટે ત્યાં સ્થાપિત કરવામાં આવ્યો હતો." આવી રીતે બીજા પણ લેખકોએ એ લેખને ગ્રીક લેખ માન્યો હતો.

ઉક્ત રીતે સ્વરોનાં ચિન્હોને ઓળખી લીધા પછી મી. પ્રિન્સેપે અક્ષરોને ઓળખવાનો ઉદ્યોગ શરૂ કર્યો. તેમણે પ્રથમ પ્રત્યેક અક્ષરને ગ્રીક લિપિના અક્ષર સાથે મેળવવાનો અને જે તેની સાથે બરાબર મળતો આવે તેને ક્રમથી વર્ણમાળામાં દાખલ કરવાનો ક્રમ લીધો. આ રીતે ઘણાક અક્ષરો તેમની જાણમાં આવી ગયા.

પાદરી જેમ્સ સ્ટીવન્સને પણ પ્રિન્સેપની માફક આજ શોધમાં આગળ વધી 'ક', 'જ', 'થ', 'પ', અને 'વ' એટલા અક્ષરો ઓળખી કાઢ્યા, અને આ અક્ષરોની મદદથી તેમણે લેખોને પુરા વાંચી તેનો અનુવાદ કરવાનો મનોરથ કર્યો. પરંતુ કાંઈક તો અક્ષરોને ઓળખવામાં ભૂલ થઈ જવાથી, કાંઈક વર્ણમાળાની અપૂર્ણતાથી અને કાંઈક એ લેખોની ભાષાને સંસ્કૃત સમજવાથી તેમનો એ ઉદ્યમ પૂરેપૂરો સફળ થયો નહિ. પણ આથી પ્રિન્સેપને નિરાશા થઈ નહિ. ઈ. સ. ૧૮૩૫ માં પ્રસિદ્ધ પુરાતત્ત્વજ્ઞ પ્રો. લૅસને એક બાક્ટ્રિઅન ગ્રીક સિક્કા પર આજ અક્ષરોમાં લખેલું અગેથોક્લિસનું નામ વાંચ્યું, પરંતુ ૧૮૩૭ ની શરૂઆતમાંજ મી. પ્રિન્સેપે પોતાના અલૌકિક બુદ્ધિબળદ્વારા એક નાનો સરખો [illegible] શોધી કાઢ્યો હતો જેણે એકદમ આ સઘળી ગુઢ બાબતોનો નિકાલ કરી દીધો. હકીકત આ પ્રમાણે છેઃ—ઈ. સ. ૧૮૩૭ માં મિ. પ્રિન્સેપે સાંચી-સ્તૂપના સ્તંભો આદિ ઉપર કોતરેલ કેટલાક નાના નાના લેખોની છાપોને એકત્ર કરીને વાંચી તો ન જણાય [illegible] મે અક્ષરો એકજ [illegible] અને તેની પહેલાં [illegible] સઘળો દેખાયો જેને પ્રાકૃતભાષાનો [illegible] [illegible] સંસ્કૃત [illegible] ના [illegible] આનો એ અનુમાન [illegible] [illegible] [illegible]

ટૉલે. આ અનુમાનાનુસાર દ અને જ ને ઓળખવાથી એ આખી વર્ણમાળા પૂરી થઈ અને તેના આધારે દિલ્હી, અલ્લાહાબાદ, સાંચી, મથિઆ, રધિઆ, ગિરનાર, ધૌલી આદિના અશોકના બધા લેખો અક્ષરશઃ વાંચી શકાયા. એ વાંચનથી એ પણ નિશ્ચય થઈ ગયો કે એ લેખોની ભાષા જેમ અત્યારસુધી સંસ્કૃત સમજવામાં આવતી હતી તે ન હતી, પરંતુ તે તે સ્થળોની પ્રચલિત દેશભાષા હતી (જેને તે વખતે સાધારણ રીતે પ્રાકૃતના નામે ઓળખવામાં આવતી.)

આવી રીતે બ્રાહ્મી લિપિનું સંપૂર્ણ જ્ઞાન મેળવવામાં આવ્યું અને તેના યોગે ભારતના જૂનામાં જૂના લેખો વાંચવામાં સંપૂર્ણ સફળતા મળી.

હવે એક બીજી જૂની લિપિની શોધના વિષયમાં કહેવાનું છું કે જેનું જ્ઞાન પણ એજ સમયમાં મેળવવામાં આવ્યું હતું. એ લિપિનું નામ ખરોષ્ઠી છે. ખરોષ્ઠી લિપિ એ આર્ય લિપિ નથી પણ અનાર્ય લિપિ છે. તેને સેમેટિક્ લિપિના કુટુંબની અરમઈક્ લિપિમાંથી નિકળેલી માનવામાં આવે છે. એ લિપિની લખવાની પદ્ધતિ ફારસી લિપિ જેવી છે, અર્થાત્ જમણી બાજુથી ડાબી બાજુ તરફ લખવામાં આવતી છે. એ લિપિ ઈ. સ. પૂર્વે ચોથી સદીથી [illegible] ભાગમાં પ્રચલિત હતી. [illegible] અને [illegible] ઘણા અશોકના લેખો [illegible] છે. તે [illegible], [illegible], [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] પુરાતત્ત્વજ્ઞોને [illegible] [illegible] [illegible] [illegible] હતી.

[illegible]

ખરોષ્ઠી અક્ષરોને ઉકેલવાનું કાંઈ પણ સાધન ન હતું. એ અક્ષરો માટે ભિન્ન ભિન્ન કલ્પનાઓ થવા લાગી હતી. સને ૧૮૨૪ માં કર્નલ ટૉડે કડ્ફિસના સિક્કા ઉપરના આ અક્ષરોને 'સસેનીઅન્' અક્ષરો જાહેર કર્યા. ૧૮૩૩ માં એપોલોડોટસના સિક્કા ઉપરના આજ અક્ષરોને પ્રિંસેપે "પહલવી" અક્ષરો માન્યા. એક બીજા સિક્કા ઉપરની આજ લિપિને તથા માનિકિઆલ સ્તૂપના લેખની લિપિને પણ પાલી એટલે આકી લિપિ માની, અને એની આકૃતિ જરા વાંકી હોવાથી એ અનુમાન કર્યું કે છાપેલી અને ચોપડામાં લખેલી ગુજરાતી લિપિમાં જેમ અંતર હોય છે તેમજ અશોકની લિપિ આદિ સ્તંભોવાળી અને આ લિપિમાં અંતર છે. પરંતુ પાછળથી સ્વયં પ્રિન્સેપનેજ આ અનુમાન અનુચિત લાગવા માંડ્યું. ૧૮૩૪ માં કેપ્ટન કોર્ટને એક સ્તૂપમાંથી આજ લિપિનો લેખ મળ્યો જેને જોઈને પ્રિંસેપે ફરી આ અક્ષરોને "પહલવી" અક્ષરો કહ્યા. પરંતુ એજ વર્ષમાં શોધક મી. મેસનને કાબુલની ઘાટીમાં શોધખોળ કરતાં અનેક એવા સિક્કાઓ મળી આવ્યા જેના ઉપર ખરોષ્ઠી અને ગ્રીક બન્ને લિપિમા રાજાઓનાં નામો લખેલાં હતાં. મેસન સાહેબેજ સૌથી પ્રથમ મિનેંડ્રો, અપોલડોટો, અરમાઇઓ, બાસિલિઓ અને સોટરો વગેરે નામો વાંચ્યાં. પરંતુ આ તેમની માત્ર કલ્પના હતી. તેમણે આ નામો પ્રિંસેપ સાહેબને લખી મોકલ્યાં. આ કલ્પનાને સત્ય કરવાનો યશ પ્રિન્સેપ સાહેબના ભાગ્યમાંજ હતો. તેમણે મેસન સાહેબના સંકેતો અનુસાર સિક્કાઓ વાંચવા માંડ્યા તો તેમાંથી બાર રાજાઓના તથા ૭ પદવીઓના નામો તેમને મળી આવ્યા.

આવી રીતે ખરોષ્ઠ. લિપિના ઘણાક અક્ષરોનો બોધ થયો, અને સાથે એ પણ જ્ઞાન થયું કે આ લિપિ ડાબી બાજુથી જમણી બાજુએ વંચાય છે. તેથી એ પણ નિશ્ચય થયો કે આ લિપિ સેમે-ટિક વર્ગની છે, પણ તે સાથે તેની ભાષા કે જે વાસ્તવમાં બીજા લેખોની ભાષા માફક પ્રાકૃત હતી, તેને પહલવી માની લેવાની ભૂલ કરવામાં આવી. આ પ્રકારે ગ્રીક લેખોની સહાયતાથી ખરોષ્ઠી લિપિના ઘણાક અક્ષરો તો જણાઈ ગયા પણ ભાષાના વિષયમાં ભ્રાન્તિ થવાથી, પહલવીના નિયમો તરફ ધ્યાન રાખી લેખોને વાંચ-વાનો ઉદ્યોગ કરવાથી અક્ષરોને ઓળખવાની અશુદ્ધતા આવવા

લાગી, જેથી થોડાક સમય પર્યંત તેનું કાર્ય અટકી પડ્યું. પરંતુ ૧૮૩૮ માં બે બાક્ટ્રીઅન ગ્રીક સિક્કાઓ ઉપર પાલી લેખો જોતાંજ બીજા સિક્કાઓની ભાષા પણ તેજ હશે એમ માની તેના નિયમાનુસાર તે લેખો વાંચવાથી પ્રિંસેપનું કામ આગળ ચાલ્યું; અને એકંદર ૧૭ અક્ષરો તેમણે તેના ખોળી કાઢયા. પ્રિંસેપની માફક મી. નૉરિસે પણ આ વિષયમાં કેટલીક શોધ કરી અને એ લિપિના બીજા ૭ અક્ષરો નવા શોધી કાઢયા. બાકી રહેલા થોડાક અક્ષરો જનરલ કનિંગહામે ઓળખી લીધા, અને તેમ કરી ખરોષ્ઠીની સંપૂર્ણ વર્ણમાળા તૈયાર કરી લેવામાં આવી.

ભારતવર્ષની જૂનામાં જૂની લિપિઓનું જ્ઞાન મેળવવાનો સામાન્ય ઇતિહાસ આ પ્રમાણે છે. ઉપરોક્ત વર્ણનથી આપણને જણાય છે કે લિપિ વિષયક શોધખોળમાં મી. પ્રિંસેપની કામગિરી ઘણી મોટી છે. એશિયાટિક સોસાઇટિ તરફથી બહાર પડેલા "સેન્ટેનરી રિવ્યુ" નામના પુસ્તકમાના "એન્સ્યેન્ટ ઇન્ડીઅન આલ્ફાબેટ" વાળા આર્ટિકલના પ્રારંભમાંજ આ બાબત વિષે ડૉ. હૉર્નલે લખે છે કેઃ—

જૂના શિલાલેખોને ઉકેલવાનું અને તેનું ભાષાંતર કરવાનું સોસાઇટિનું અત્યુપયોગી કાર્ય સને ૧૮૩૪ થી ૧૮૩૯ સુધીમાં ચાલ્યું હતું. એ કાર્યની સાથે મી. જેમ્સ પ્રિંસેપ કે જે તે વખતે સોસાઇટિના સેક્રેટરી હતા તેમનું નામ સદાને માટે જોડાઈ રહેશે. કારણ કે હિન્દુસ્તાન વિષયક જૂની લેખનકળા, ભાષા અને ઇતિહાસ સાથે સંબંધ ધરાવનારી અને આપણા આધુનિક જ્ઞાનના આધારભૂત એવી મોટી શોધો તે એકજ મનુષ્યના પુરૂષાર્થને લઇને અને તે પણ વળી આટલા અલ્પ સમયમા થઈ હતી.

પ્રિન્સેપના પછી લગભગ ત્રીસ વર્ષ સુધી પુરાતત્ત્વના સંશોધનના સૂત્રો જેમ્સ ફર્ગ્યુસન, માર્ખમકિટ્ટો, એડવર્ડ ટૉમસ, અલેક્ઝાંડર કનિંગહામ, વાલ્ટર ઇલિયટ, મેડોઝ ટેલર, સ્ટીવન્સન, ડૉ. ભાઉ દાજી વિગેરેના હાથોમા રહ્યા. આમાના પહેલા ચાર વિદ્વાનોએ ઉત્તર હિંદુસ્તાનમા, ઇલિયટ સાહેબે દક્ષિણ હિંદુસ્તાનમાં અને પાછળના ત્રણે પશ્ચિમ હિંદુસ્તાનમા કામ કર્યુ હતું. ફર્ગ્યુસન સાહેબે પુરાતન વાસ્તુવિદ્યા (architecture) નું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઘણી મહેનત લીધી હતી; અને તેમણે આ વિષય ઉપર અનેક ગ્રંથો લખ્યા

હતા. આ વિષયનો તેમનો અભ્યાસ એટલો બધો આગળ વધી ગયો હતો કે તેઓ કોઈપણ ઇમારતને આંખેથી જોઈને જ સાધારણ રીતે તેનો સમય નિશ્ચિત કરી લેતા હતા. મેજર કિટ્ટો બહુ વિદ્વાન તો ન હતો પણ તેની શોધક બુદ્ધિ બહુ તીક્ષ્ણ હતી. જ્યાં બીજા અનેક વિદ્વાનોને કાંઈ પણ જડ્યું ન હતું, ત્યાં જ તેણે પોતાની ગીધ જેવી ઝીણી દૃષ્ટિના બળે કેટલીયે ચીજો ખોળી કાઢી હતી. તે ચિત્રકળામાં પણ નિપુણ હતો. તેણે પોતાના હાથથી કેટલાયે સ્થાનોનાં ચિત્ર કાઢ્યાં હતાં અને તે પ્રકાશિત કર્યાં હતાં. તેની આવી શિલ્પકળા-વિષયક ઉંડી કુશળતા જોઈ સરકારે તેને બનારસની સંસ્કૃત કોલેજનું મકાન તૈયાર કરાવવાનું કામ સોંપ્યું હતું. તેણે આ કામમાં ઘણો પરિશ્રમ ઉઠાવ્યો હતો. આ પરિશ્રમના કારણે તેની તબીયત બગડી ગઈ અને આખરે ઇંગ્લાંડમાં જઈ તે સ્વર્ગસ્થ થયો. ટૉમસ સાહેબે ખાસ કરીને પોતાનું લક્ષ્ય સિક્કાઓ તથા શિલાલેખો તરફ ખેંચ્યું. તેણે ઘણા પરિશ્રમ સાથે ઈ. સ. પૂર્વે ૨૪૬ થી લઈ ૧૫૫૪ સુધીના ૧૮૦૦ વર્ષોનો પ્રાચીન ઇતિહાસ તારવી કાઢ્યો હતો. જનરલ કનિંગહામે પ્રિંસેપનું જ બાકી રહેલું કામ હાથમાં લીધું. તેમણે બ્રાહ્મી તથા ખરોષ્ઠી લિપિના સઘળા પ્રકારોનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. ફ્લિટ સાહેબે કર્નલ મેકેંઝીના સંગ્રહનું સંશોધન અને સંવર્ધન કર્યું. દક્ષિણના ચાલુક્ય વંશનું વિસ્તૃત જ્ઞાન લોકોની આગળ તેણે જ પ્રથમ મૂક્યું. ટેલર સાહેબે ભારતની મૂર્તિનિર્માણવિદ્યાનું જ્ઞાન મેળવ્યું અને સ્ટિવન્સને સિક્કાઓની શોધખોળ કરી. પુરાતત્ત્વ સંશોધનના કામમાં પહેલવહેલી પ્રવીણતા જે ભારતવાસી વિદ્વાને મેળવી હતી તેમનું નામ ડૉ. ભાઉ દાજી હતું. તેમણે અનેક શિલાલેખો ઉકેલ્યા અને પ્રાચીન ભારતના ઇતિહાસ જ્ઞાનમાં ખૂબ વૃદ્ધિ કરી. એ વિષયમાં બીજા નામાંકિત ભારતીય વિદ્વાન તરીકે કાઠિયાવાડના વતની પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનું નામ લેવું જોઈએ. તેમણે પશ્ચિમ ભારતના ઇતિહાસમાં ઘણી અમૂલ્ય વૃદ્ધિ કરી છે. અનેક શિલાલેખો અને તામ્રપત્રો તેમણે ઉકેલ્યા હતા. તેમની વિદ્વત્તાનું ખરું સ્મારક તો તેમણે ઉડીસાના ખંડગિરિ—ઉદયગિરિ વાળી હાથીગુંફામાંના સમ્રાટ ખારવેલના લેખને શુદ્ધ રીતે ઉકેલ્યો તે છે. બંગાળાના વિદ્વાન ડૉ. રાજેન્દ્રલાલ મિત્રનું નામ પણ આ વિષયમાં ખાસ ઉલ્લેખ કરવા જેવું છે. તેમણે નેપાળના સાહિત્ય અને ઇતિહાસ વિષયમાં આપણને ઘણું જ્ઞાન આપ્યું છે.

આ બધું કામ વિદ્વાનોએ ખાસ પોતાના શોખથીજ કીધું હતું. ત્યાં સુધી સરકાર તરફથી એ વિષય માટે કોઈ ખાસ પ્રબંધ કરવામાં આવ્યો ન હતો. પરંતુ એ કામ એટલું બધું મહાભારત છે કે સરકારની ખાસ મદદ વગર સંપૂર્ણ થવું અશક્ય છે. સને ૧૮૪૪ માં લંડનની રૉયલ એશીઆટિક સોસાઇટીએ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીને વિનંતિ કરી કે આ કામમાં સરકારે ખાસ મદદ કરવી જોઇએ અને સરકાર મારફતજ આ કામ થવું જોઇએ. તેથી ૧૮૪૭ માં લોર્ડ હાર્ડિંજના પ્રસ્તાવથી બોર્ડ ઑફ ડાયરેક્ટર્સે આ કામમાં ખર્ચ કરવાની મંજુરી આપી. પણ સન ૧૮૫૦ સુધીમાં તેનું વાસ્તવિક પરિણામ કાંઈ પણ ન આવ્યું. ૧૮૫૧ માં સંયુક્ત પ્રાંતના ચીફ એન્જીનીઅર કર્નલ કનિંગહામે એક યોજના ઘડીને સરકાર ઉપર મોકલી અને સાથે એ પણ સૂચવ્યું કે જો ગવર્ન્મેંટ આ કામ તરફ લક્ષ નહિ આપશે તો કદાચિત્ ફ્રેન્ચ અને જર્મન લોકો આ કામ ઉપાડી લેશે; અને તેમ થશે તો તેમાં અંગ્રેજોના યશની હાનિ થશે. ક. કનિંગહામની આ સૂચનાનુસાર અને ગવર્નર જનરલની બલામણથી ૧૮૫૨ માં આર્કિઓલૉજીકલ સર્વે નામનું એક ડિપાર્ટમેન્ટ કાયમ કરવામાં આવ્યું અને ૨૫૦ રૂપીઆ માસિક પગારે કનિંગહામ સાહેબનીજ આ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર તરીકે નેમણૂક કરવામાં આવી. આ યોજના સ્થાયીરૂપે ન હતી. સરકારની ધારણા એમ હતી કે મોટા મોટા અને મહત્ત્વપૂર્ણ સ્થાનોનું યથાતથ વર્ણન, તત્સંબંધી ઇતિહાસ અને કિંવદન્તીઓનો સંગ્રહ કરવામાં આવે. નવ વર્ષ સુધી સરકારની આજ નીતિ ચાલૂ હતી. તે દરમ્યાન કનિંગહામ સાહેબે પણ પોતાના નવ રિપોર્ટો બહાર પાડ્યા.

૧૮૭૧ થી સરકારની આ ધારણામાં કાંઇક ફેરફાર થયો. કનિંગહામના રિપોર્ટોથી સરકારની ખાત્રી થઈ કે આખું હિન્દુસ્તાન મહત્ત્વપૂર્ણ સ્થાનોથી ભરેલું છે અને તે બધાની શોધખોળ થવાની આવશ્યકતા છે. એટલા માટે આખા હિન્દુસ્તાનની શોધખોળ કરવા માટે કનિંગહામ સાહેબને ડાયરેક્ટરને બદલે ડાયરેક્ટર-જનરલ બનાવ્યા અને તેમની મદદ માટે બીજા વિદ્વાનોની નેમણૂકો કરી. પરંતુ ૧૮૭૪ સુધી એકલા કનિંગહામ સાહેબજ ઉત્તર હિંદુસ્તાનમાં શોધખોળનું કામ કરતા હતા. ૧૮૭૪ માં દક્ષિણ ભાગની ગવેષણા કરવા માટે ડૉ. બર્જેસની યોજના કરવામાં આવી.

[illegible]

[illegible]

૪

માટેનો પોતાનો વિચાર જાહેર કર્યો. ત્યારબાદ ૧૯૦૧ માં વાર્ષિક એક લાખ રૂપીઆ ખર્ચ કરવાની આ ખાતાને મંજુરી આપવામાં આવી, અને ડાયરેક્ટર-જનરલની રીતીથી નિમણૂક કરવામાં આવી. સન ૧૯૦૨ માં નવા ડાયરેક્ટર-જનરલ માર્શલ સાહેબ હિંદુસ્તાનમાં આવ્યા, ત્યારથી આ ખાતાનો નવો ઇતિહાસ શરૂ થાય છે. તે આજે કહેવાનું કામ મારૂં નથી. જ્યારે એ ખાતા ઉપર આપણી સત્તા થશે ત્યારે એના ઇતિહાસનું આપણે અવલોકન કરીશું.

દેશી સરકારના આ કામનું ઉદાહરણ લઇ કેટલાક દેશી રાજ્યોએ પણ પોતાનાં રાજ્યોમાં આ વિષયનાં ડિપાર્ટમેંટો ખોલ્યાં છે. ભાવનગર સંસ્થાને કેટલાક પંડિતો દ્વારા કાઠિયાવાડ, ગુજરાત અને રજપુતાનાના અનેક શિલાલેખો અને દાનપત્રોની નકલો મેળવી "ભાવનગર પ્રાચીન શોધ સંગ્રહ" ના નામે એક પુસ્તક દ્વારા તેને પ્રકાશિત કરી છે. કાઠિયાવાડના આગળના પૉલિટિકલ એજન્ટ કર્નલ વૉટસનને પ્રાચીન વસ્તુઓ ઉપર બહુ પ્રેમ હતો; તેથી કાઠિયાવાડના કેટલાક રાજ્યોએ મળીને રાજકોટમાં "વૉટસન મ્યુઝીઅમ" નામનું પુરાણ-વસ્તુ-સંગ્રહાલય સ્થાપ્યું જેમાં કેટલાએ લેખો, તામ્રપત્રો, પુસ્તકો, સિક્કાઓ આદિનો સારો સંગ્રહ થયેલો છે. માયસોર રાજ્યે પણ આવું એક સંગ્રહાલય સ્થાપ્યું છે; અને સાથે આર્કિઑલૉજીકલ ડિપાર્ટમેંટ પણ સ્વતંત્ર રીતે ઉઘાડ્યું છે, જે દ્વારા આજ સુધીમાં અનેક રિપોર્ટો, પુસ્તકો અને લેખસંગ્રહો છપાઈ પ્રસિદ્ધ થયા છે. ત્યાંથી એપિગ્રાફિઆ કર્નાટિકા નામની એક સીરિઝ નીકળે છે જેની અંદર હજારો શિલાલેખો તામ્રપત્રો ઇત્યાદિ પ્રસિદ્ધ થયાં છે. ત્રાવણકોર, હૈદરાબાદ અને કાશ્મીરના રાજ્યોએ પણ આ કામ સ્વતંત્ર રીતે કરવા માંડ્યું છે. એ સિવાય, ઉદયપુર, ઝાલાવાડ, ગ્વાલીઅર, ભોપાળ, વડોદરા, જુનાગઢ, ભાવનગર, આદિ રાજ્યોમાં પણ સ્થાનિક સંગ્રહાલયો સ્થપાયાં છે.

બ્રિટિશ રાજ્યમાં સરકાર અને બીજી સંસ્થાઓ અથવા વ્યક્તિઓ દ્વારા થયેલા પુરાણ વસ્તુ સંગ્રહને મુંબઈ, મદ્રાસ, કલકત્તા, નાગપુર, અજમેર, લાહોર, લખનૌ, મથુરા, સારનાથ, પેશાવર, આદિ સ્થળોનાં પદાર્થ-સંગ્રહાલયોમાં સુરક્ષિત રાખવામાં આવે છે; તેમજ ઘણીક વસ્તુઓને લંડનના બ્રિટિશ મ્યુઝિઅમમાં મોકલવામાં આવે છે, એ બધી વસ્તુઓના તે તે સંસ્થા દ્વારા પ્રકટ કરવામાં

આવતા રિપોર્ટો અને કેટલૉગોમાં વર્ણન આપેલાં હોય છે. શિલાલેખો, તામ્રપત્રો અને શિક્કાઓ એ વિષયનાં ખાસ જુદાં પુસ્તકો અને સીરિઝો પણ પ્રકટ થાય છે.

જેવી રીતે હિંદુસ્તાનમાં આ પ્રમાણે પુરાતત્ત્વની ગવેષણાનું કામ ચાલ્યું છે તેવી રીતે યુરોપમાં પણ ચાલ્યું છે. ફ્રાંસ, જર્મની, ઑસ્ટ્રિયા, ઇટલિ, રશીયા આદિ રાજ્યોએ પોતપોતાનાં રાજ્યોમાં એ વિષય માટે સ્વતંત્ર સોસાઇટિયો, ઍકેડૅમીઓ, વગેરે સ્થાપેલી છે અને ત્યાંના પણ અનેક વિદ્વાનોએ હિન્દુસ્તાનના સાહિત્ય અને ઇતિહાસને પ્રકાશમાં આણવા ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે. નષ્ટપ્રાય થતા આપણા હજારો ગ્રંથોને તેમણે ઉદ્ધાર્યા છે અને સંગ્રહ્યા છે, વાંચ્યા છે અને છપાવ્યા છે. સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યને પ્રકાશમાં આણવાનું જેટલું કામ જર્મન વિદ્વાનોએ કર્યું છે તેટલું બીજા કોઇએ કર્યું નથી. તુલનાત્મક ભાષાશાસ્ત્રને જેટલું જર્મનોએ ખીલવ્યું છે તેનો શતાંશ પણ બીજાઓએ ખીલવ્યું નથી. બીજી પણ બધી મૌલિક શોધો મોટે ભાગે જર્મન વિદ્વાનોના હાથેજ થયેલી છે. અંગ્રેજોનો હિંદુસ્તાન સાથે ખાસ સંબંધ હોવાથી જ તેઓ આ વિષયમાં થોડું ઘણું કરવાનો ડોળ કરે છે એટલું જ. અસ્તુ.

આ પ્રમાણે દેશ અને વિદેશમાં વ્યક્તિ અને સંસ્થાએ કરેલા પુરાતત્ત્વાનુસંધાનથી આપણી પ્રાચીન સંસ્કૃતિના ઘણાક અજ્ઞાત અધ્યાયો લખાયા છે, અને લખાય છે. શિશુનાગ, નંદ, મૌર્ય, ગ્રીક, શાતકર્ણી, શક, પાર્થીઅન, કુશન, ક્ષત્રપ, આભીર, ગુપ્ત, હૂણ, યૌધેય, બૈસ, લિચ્છવી, પરિવ્રાજક, વાકાટક, મૌખરી, મૈત્રક, ગુહિલ, ચાવડા, ચાલુક્ય, પ્રતિહાર, પરમાર, ચાહમાન, રાષ્ટ્રકૂટ, કચ્છવાહા, તોમર, કલચૂરી, ત્રૈકૂટક, ચંદેલા, યાદવ, ગુર્જર, મિહિર, પાલ, સેન, પલ્લવ, ચોલ, કદંબ, શિલાહાર, સેંદ્રક, કાકતીય, નાગ, નિકુંભ, બાણ, મત્સ્ય, શાલંકાયન, શૈલ, મૂષક આદિ અનેક પ્રાચીન રાજવંશો કે જેમના વિષયમાં એક અક્ષર જેટલું પણ આપણે જાણતા ન હતા તેમના વિસ્તૃત ઇતિહાસો જાણવામાં આવ્યા છે. અનેક જાતિ, ધર્મ, સંપ્રદાય, ધર્માચાર્ય, વિદ્વાન્, ધનવાન્, દાની અને વીર પુરુષોના વૃત્તાન્તોનો પરિચય થયો છે; અને અસંખ્ય પ્રાચીન નગર, મંદિર, સ્તૂપ, અને જળાશયોના હકીકતો મળી છે. સો વર્ષ પહેલાં આપણે આમાંનું કાંઈ પણ જાણતા ન હતા.

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે પુરાતત્ત્વના અભ્યાસનું કેટલું બધું મહત્ત્વ છે, કે જેના અભ્યાસથી શુદ્ધ અને સંપૂર્ણ [illegible] છે. જેનાથી પ્રાચીન ભારતનું [illegible] જ્ઞાન થાય છે, અને [illegible] પણ [illegible] છે.

વિદ્વાનોનો અભિપ્રાય છે કે પુરાતત્ત્વસંશોધનનું કામ અત્યારે [illegible] અને [illegible] આપણે [illegible] નથી. આ દેશમાં એટલી બધી [illegible] પુરાણો, [illegible] કે [illegible] વિદ્વાનો [illegible] પરિશ્રમ કર્યા [illegible] પ્રકાશમાં આવી શકશે.

ભારતના રાષ્ટ્રીય ઉત્થાનના નવીન ઇતિહાસ માટે [illegible] "ૐ નમઃ" લખવાનું [illegible] માન ગુજરાતને [illegible] રાષ્ટ્રીય ઇતિહાસના દરેક [illegible] ગુજરાતનો આદિ [illegible] જો આપણે [illegible] તો દરેક વિષયમાં આપણે પ્રગતિ કરવી જોઈએ; અને [illegible] આપણે રાષ્ટ્રીય [illegible] પુરાતત્ત્વ મંદિરની પણ સ્થાપના કરી છે. એને [illegible] આપણા દરેક વિદ્યાર્થીઓ પણ [illegible] કરે એમ ઇચ્છી હું આ વ્યાખ્યાન સમાપ્ત કરું છું.



सत्यनारायण

अध्यापक: दत्तात्रेय बालकृष्ण कालेलकर

१

સ્વામી વિવેકાનંદે પોતાના 'ઉદ્બોધન'માં કેટલીક સરસ વાર્તાઓ અને મજેદાર શબ્દચિત્રો આપેલાં છે. તેમાં નીચેનું એક છે:

"સનાતન હિંદુ ધર્મનું ગગનસ્પર્શી મંદિર, તે મંદિરમાં જવાના રસ્તાઓ પણ કેટલા! અને તે મંદિરમાં નથી શું? વેદાન્તીઓના નિર્ગુણ બ્રહ્મથી લઈને, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, દુર્ગા, સૂર્યનારાયણ, ચાંદા મામા અને ઉંદર ઉપર સવાર થયેલા ગણેશથી લઈને તે ઠેઠ છઠ્ઠી, શીતળા જેવાં નાનાં મોટાં દેવ દેવીઓ સુધી બધું છે; અને વેદ, વેદાન્ત, દર્શન, પુરાણ, તન્ત્ર વગેરેમાં એટલો તો માલ ભરેલો છે કે જેમાંની એકેક વસ્તુથી પણ ભવબંધ તૂટી શકે. અને એ મંદિર આગળ લોકોની ભીડ પણ કેટલી? તેત્રીસ કરોડ લોકો તે મંદિર તરફ દોડે છે. અમારા મનમાં પણ કુતૂહલ પેદા થવાથી અમે પણ ચાલ્યા. પરંતુ જઈને જોઈએ છીએ તો આ શું? મંદિરની અંદર તો કોઈ જતું જ નથી. બારણા ઉપર પચાસ માથાં, સો હાથ, બે પેટ અને પચાસ ટાંટિયાવાળી એક મૂર્તિ ઊભી છે અને બધા લોકો એ મૂર્તિના પગ આગળ આળોટે છે. એક જણને 'આ છે શું?' એમ પૂછતાં તેણે કહ્યું: 'પેલા મંદિરની અંદર જે દેવ દેવીઓ દેખાય છે તેમને દૂરથી જ નમસ્કાર કરીએ અને તેમની ઉપર એક બે ફૂલ ફેંકી દઈએ એટલે તેમની ખૂબ પૂજા થઈ. પણ અસલ પૂજા તો આ બારણા પરના દેવની જ કરવી જોઈએ. અને આ જે વેદ, વેદાન્ત, દર્શન, પુરાણ, શાસ્ત્ર બધું તમે જુઓ છો એનું પ્રસંગોપાત શ્રવણ કરો તો વાંધો નથી. પણ માનવો જોઈએ આનો જ હુકમ.'

અમે ફરી પૂછ્યું: ત્યારે આ દેવાધિદેવનું નામ શું છે? જવાબ મળ્યો: લોકાચાર."

આ છટાદાર શબ્દચિત્રમાં સ્વામી વિવેકાનંદે હિંદુ ધર્મનું અસલી સ્વરૂપ બતાવેલું છે. આ સ્થિતિ હિંદુ ધર્મની જ છે એમ નથી. આખી દુનિયામાં બધા ધર્મોની આ જ સ્થિતિ છે. શાસ્ત્રની

પ્રગતિ ભલે તર્ક પ્રમાણે ચાલે, પણ લોકરૂઢિ તો હૃદયનો પ્રવાહ જ્યાં જાય તે દિશામાં જ વહે છે. ખ્રિસ્તી ધર્મમાં તેમજ મુસલમાની ધર્મમાં કેટલાયે સંસ્કારો અને રિવાજો તે તે ધર્મના સિદ્ધાન્તોથી જુદાજ છે. હિંદુસ્તાનનો દ્વિજ અને અદ્વિજ એવો સમાજનો મોટો ભેદ હોવાથી શાસ્ત્રધર્મ અને પ્રાકૃત ધર્મ એવા બે ચોકખા ભેદ પડેલા આપણે જોઈએ છીએ. દરેક વખતે ધર્મ સુધારકોએ આ પ્રાકૃત ધર્મને સુધારી તેનો સંસ્કૃત ધર્મ કરવાનો પ્રયત્ન કરેલો છે. રૂઢ ધર્મ અને તેની રૂઢિઓ વખોડવામાં જ આપણે હમણાં હમણાં ઘણાં વર્ષો ગાળ્યાં, પણ રૂઢ ધર્મ પાછળ રાષ્ટ્રીય પ્રાણ હોય છે એ આપણા ધ્યાનમાં ન આવ્યું. દેશની ખામી અને ખૂબી, દેશની શક્તિ અને અશક્તિ આ રૂઢધર્મનેજ આભારી હોય છે. કોઈ પણ દેશનો શાસ્ત્રધર્મ તે દેશનો આદર્શ અથવા મહત્ત્વાકાંક્ષા બતાવે છે, પણ રૂઢ ધર્મ ઉપરથી જ દેશની યથાર્થ સ્થિતિ સમજી શકાય છે. સમાજ જ્યારે વહેતા પાણીની માફક પુરુષાર્થી અને સ્વચ્છ હોય છે ત્યારે શાસ્ત્રધર્મ પત્થર જેવો કઠણ બનેલો નથી હોતો, અને રૂઢ ધર્મ પણ અપમાનિત નથી હોતો. સમાજમાં ઉચ્ચ વર્ગ અને આમવર્ગ જ્યારે અરસપરસ મળીને રહે છે ત્યારે શાસ્ત્રધર્મની કલ્પના રૂઢ ધર્મમાં ઝરી ઉતરે છે, અને જેમ હવાને કારણથી પોષણ મળે છે તેમ શાસ્ત્રધર્મને રૂઢ ધર્મમાંથી નિત્ય નૂતન ભોજન મળે છે. શાસ્ત્રધર્મનું તર્કશાસ્ત્ર બહુ તીક્ષ્ણ હોય છે, શાસ્ત્રધર્મનું માનસશાસ્ત્ર બહુ સૂક્ષ્મ હોય છે. રૂઢ ધર્મ ભોળો હોય છે. તે મનુષ્ય સ્વભાવનું ઊંડું પરીક્ષણ નથી કરતો. શાસ્ત્રધર્મ બુદ્ધિના પેટે ઉત્પાદન હોય છે, જ્યારે રૂઢ ધર્મ અનુભવજ્ઞાનના પેટે ઉત્પાદન હોય છે. શાસ્ત્રના હંસને તત્ત્વરૂપી મોતી મળે છે કે નહિ તે કહેવું મુશ્કેલ છે, પણ રૂઢિના કૂકડાને, તે બહુ ફરતો હોવાથી, ઉકરડારૂપી દાણા તો ખૂબ મળે છે.

હાલમાં યુરોપમાં એન્થ્રોપોલોજી (Anthropology) અથવા માનવવંશશાસ્ત્ર તરફ લોકોનું લક્ષ વધારે છે. એની અસર અહીંઆ પણ થઈ છે; અને અહીંઆના વિદ્વાન લોકો શાસ્ત્રમાંથી એવા હિંદુ સંસ્કારો અને રિવાજોનું અધ્યયન કરતા થયા છે. બંગાળમાં રવીન્દ્રનાથ ઠાકુરે ભારત સંસ્કૃતિના સાહિત્ય તરફ લોકોની દૃષ્ટિ ખેંચી છે. મૈસુરમાં [illegible], મુંબઈમાં સર નારાયણ ચંદાવરકરે લોકરૂઢિની દૃષ્ટિએ હિંદુધર્મનું રહસ્ય શોધી કાઢવાનો

[illegible]

[illegible] છે. [illegible] અને [illegible] છે.

[illegible] છે. [illegible] અને [illegible]

[illegible] છે, [illegible] અને [illegible] છે. [illegible]

૨

सत्या परता नाहीं धर्म।
सत्य तेच पर ब्रह्म।

मुक्तेश्वर.

સત્યનારાયણનું વ્રત આ પ્રાંતમાં તેમજ મહારાષ્ટ્રમાં બહુજ લોકપ્રિય છે. ધર્મશાસ્ત્રોમાં આ વ્રતને સ્થાન નથી, પણ રૂઢ ધર્મમાં સત્યનારાયણવ્રતનું સ્થાન ઉંચું છે. આ વ્રતથી ઇષ્ટ કામના સિદ્ધ થાય છે, એવી લોકોની માન્યતા છે. આ વ્રતમાં સત્યનારાયણની પૂજા, કથાશ્રવણ અને પ્રસાદભક્ષણ એવા ત્રણ મધુર વિભાગ છે. કદાચિત્ આજ કારણસર આ વ્રત પાછળ સત્યનો જે મહિમા રહેલો છે તે લોકોના ધ્યાનમાં નથી આવતો. તે તરફ લોકોનું ધ્યાન ખેંચવા માટે આ અલ્પ પ્રયત્ન છે. આ રહસ્ય વાચતાં પહેલાં સત્ય-નારાયણની કથા જેમને યાદ ન હોય તેમણે તે જાણી લેવી અગત્યનીછે.

ધર્મ એ માનવી હૃદયની અત્યંત ઉચ્ચ એવી એક વૃત્તિ છે, અને તે મનુષ્યના આખા જીવનને વ્યાપીને રહેલી હોય છે. આપણું જીવન જેમ ઉત્તમ, સામાન્ય અથવા હીન હોય છે, તેમ આપણે ધર્મને પણ તેવું જ સ્વરૂપ આપીએ છીએ. બુદ્ધિપ્રધાન તાર્કિક લોકો ધર્મ-વૃત્તિને તત્વજ્ઞાનનું દાર્શનિક રૂપ આપે છે; પ્રેમાળ નમ્ર લોકો ઉપાસનાનું રૂપ આપે છે; કર્મપ્રધાન કલારસિક લોકો પૂજા અર્ચા વિગેરે તાંત્રિક વિધિ દ્વારા ધર્મવૃત્તિનું પોષણ કરે છે, જ્યારે સામાન્ય અજ્ઞ જનસમુદાય કથા-કીર્તન દ્વારાજ ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોનું આકલન કરી શકે છે.

ધર્માચરણના રૂપની બાબતમાં પણ એજ સિદ્ધાંત લાગુ પડે છે. ધર્માચરણનું રૂપ અંતઃસ્થ અને ઉચ્ચ હોય છે. એ વસ્તુ જેમના ધ્યાનમાં નથી આવી શકતી તેમના સંતોષના ખાતર પૌરાણિક કથાદ્વારા બાલ રૂપ બતાવવું પડે છે. ધર્મતત્ત્વો ગમે તેટલાં ઉચ્ચ હોય પણ જો તે સમાજમાં દૃઢ કરવાં હોય તો તેમને સમાજની ભૂમિકા સુધી નીચે ઉતારવાં પડે છે. ભગવાન તથાગતે ઉપદેશેલાં તત્ત્વો ઉચ્ચ, ઉદાત્ત અને નૈતિક હતાં; પણ જ્યારે તેમને દેવ દેવતા, પૂજા અર્ચા, મંત્ર તંત્ર વિગેરેનું તાંત્રિક સ્વરૂપ આપી મહાયાન પંથ અવતર્યો ત્યારે જ તે તત્ત્વો અથવા તેમનો અંશ અર્ધા એશિયા ખંડને મળી ઉતર્યો. સત્યનારાયણનું વ્રત એ એવી જ જાતનું એક

તાજું ઉદાહરણ છે. સત્યનારાયણનું વ્રત છેલ્લાં સો વર્ષની અંદર જ નિર્માણ થયું છે એમ એક પુરાણધર્માભિમાની શાસ્ત્રીએ જાહેર કર્યું હતું. ગુજરાત મહારાષ્ટ્ર વગેરેના વેપારનું અને નાનકડાં રાજ્યોનું સ્મરણ જ્યારે તાજું હતું ત્યારે આ વ્રત શરૂ થયું હશે. પણ આ વ્રતનો વિસ્તાર અને તેની લોકપ્રિયતા જોતાં લોકહૃદયમાં વસતું ધર્મનું સ્વરૂપ આ વ્રતમાં મળી આવે છે એમ કહેવામાં વાંધો નથી.

દુનિયાનો ઘણો ખરો વ્યવહાર અલ્પપ્રાણ લોકોના હાથમાં હોય છે. બહુ જનસમાજની સત્ય પરની શ્રદ્ધા બહુ ઓછી હોય છે. સંસારમાં ગમે તેવી હાનિ સહન કરવા જેટલું પૌરુષ લોકોમાં જોવામાં નથી આવતું. સત્યાસત્યનો કાંઈ પણ વિધિનિષેધ રાખ્યા વગર ક્ષણિક અને દૃશ્યમાન લાભને ખાતર લોકો વચનભંગ કરે છે, નિયમ તોડે છે, જૂઠાને સાચું કરી દેખાડે છે. કામનાસિદ્ધિને અર્થે સત્યની માંડવાળ કરનાર આવા અજ્ઞ લોકોને સત્યની લગની કેવી રીતે લગાડવી અને સત્યસેવનથી જ આખરે સર્વ કામના સિદ્ધ થાય છે, એવી શ્રદ્ધા અજ્ઞ લોકોના મનમાં કેવી રીતે ઠસાવવી, એ એક ભારે પ્રશ્ન છે. સાધુ સંતોએ, કાયદા ઘડનારાઓએ તેમજ સમાજના નેતાઓએ અનેક રીતે પ્રયત્નો કરી જોયા છે. સત્યનારાયણ-વ્રત-પ્રવર્તકે આ પ્રશ્નનો ઉકેલ પોતાની શક્તિ અને મતિ અનુસાર સત્યનારાયણની પૂજા અને કથા દ્વારા લાવવાનો પ્રયત્ન કરેલો છે.

સત્યનારાયણની પૂજા લોકોમાં ચાલતી કરવામાં બે હેતુ સધાએલા છે: લોકોએ સત્યનું સેવન કરવું એ એક ઉદ્દેશ, અને સત્યનો મહિમા સમાજમાં નિરંતર ગવાતો રહે એ બીજો ઉદ્દેશ. આ પૂજાને ઉત્સવનું નામ આપ્યું નથી, વ્રત કહ્યું છે, એ પણ અહીં ધ્યાનમાં લેવા યોગ્ય છે. ઉત્સવમાં આપણે કોઈ ભૂત વૃત્તાન્તનું અથવા કોઈ ધાર્મિક તત્ત્વનું ઉત્સાહપૂર્વક સહર્ષ સ્મરણ કરીએ છીએ, જ્યારે વ્રતમાં આપણે આપણું જીવન ઉન્નતર બનાવવા માટે કોઈ પણ દીક્ષા ગ્રહણ કરીએ છીએ.

સત્યનારાયણની કથા સાંભળવાથી અને સ્વાદિષ્ટ પ્રસાદ ભક્ષણ કરવાથી સત્યનારાયણનો ઉત્સવ થયો ગણાય, તેને કાંઈ વ્રત ગણી ન શકાય. જેને સત્યનારાયણનું વ્રત કરવું હોય તેણે પોતે સર્વ કાળે, સર્વ સ્થળે અને સર્વ પ્રસંગોમાં સત્ય આચરણની, અને તક મળતા સર્વ લોકોને સત્યનું મહત્ત્વ સમજાવી સત્યનું કીર્તન કરવાની દીક્ષા

લીધી હોય તો જ તેને સત્યનારાયણનું વ્રત કર્યાનું પુણ્ય મળે, બાકી ન મળે.

દુનિયામાં બધા લોકો સામર્થ્ય અને સંપત્તિ ઇચ્છે છે. ધર્મ કહે છે: 'ભૂતદયા અને સત્યાચરણ મારફતે જ તેમને સાચું સામર્થ્ય અને સંપત્તિ મળી શકશે.' આજ સિદ્ધાંત પુરાણોએ એક સુંદર રૂપક દ્વારા આપણા મન પર ઠસાવેલ છે. પુરાણો કહે છે: "સામર્થ્ય અને સંપત્તિ એટલે કે શક્તિ અને લક્ષ્મી, અનુક્રમે કલ્યાણની ઇચ્છા અને સત્ય એટલે કે શિવ અને સત્યનારાયણને આધીન રહે છે; કેમકે શક્તિ એ શિવની પત્ની છે, અને સત્યનારાયણની પત્ની લક્ષ્મી છે. પતિની આરાધના તમે કરો એટલે પત્ની તમારા પર જરૂર અનુગ્રહ કરે. આ રીતે ધન, ધાન્ય, સંતતિ, સંપત્તિ વિગેરે ઐહિક લક્ષ્મીની ઇચ્છા રાખનાર લોકોને સત્યનું એટલે કે સત્યનારાયણનું આરાધન કરવાનું આ વ્રતમાં કહેલું છે.

હિંદુ ધર્મમાં અને હિંદુ નીતિશાસ્ત્રમાં સત્યનો બહુ જ વ્યાપક અર્થ કરેલો છે. શ્રીવેદવ્યાસે મહાભારતમાં સત્યના તેર આકાર કલ્પેલા છે. હિંદુ શાસ્ત્રો અને પુરાણો ઉથલાવી જોઇએ તો છેક પરસ્પર ભિન્ન એવી ત્રણ વસ્તુઓનો સત્ય શબ્દમાં સમાવેશ થાય છે.

પહેલી વસ્તુ:—સત્ય એટલે યથાર્થ કથન. જે વાત જેવી હોય, જે સ્વરૂપમાં આપણે જાણતા હોઇએ, અથવા જે રૂપે બનેલી આપણે જોઇ હોય, જે સ્વરૂપમાં આપણે તેનું આકલન કર્યું હોય, તે તેવી જ રીતે યથાતથ્ય કહેવી તેનું નામ સત્ય.

બીજી વસ્તુ:—સત્ય એટલે ऋतम्, સૃષ્ટિનો નિયમ અથવા કોઇ પણ મહાકાર્યનું વિધાન. 'સત્યથી જ સૂર્ય ઉગે છે,' 'સત્યથી જ વાયુ વાય છે.' 'સત્યથી જ પૃથ્વી વિશ્વને (સર્વને) ધારણ કરે છે,' 'સત્યથીજ આ લોક ચાલે છે,' 'સત્ય એજ યજ્ઞની પ્રતિષ્ઠા છે,' ઇત્યાદિ શાસ્ત્ર વચનોમાં સત્ય એટલે અનુલ્લંઘનીય નિયમ, એવો અર્થ થાય છે.

ત્રીજી વસ્તુ:—સત્ય એટલે પ્રતિજ્ઞાપાલન. સત્ય એટલે એક વાર મોઢેથી નીકળેલો બોલ પાળવો જ જોઇએ એવી ટેક; એક વાર કાઢેલું વચન આપણે ગળી ન જઇએ એવી ટેક. આ સત્યને માટેજ કર્ણે તેનાં કુંડળો આપી દીધાં, આ સત્યને માટે જ રામ વનવાસ ગયા, આ સત્યને માટે જ હરિશ્ચંદ્રે રાજ્યદાન દીધું. હિંદુના,

માતૃભક્ત પાંડવોએ માતાનું વચન સાચું પાડવા ખાતર એક દ્રૌપદી સાથે પાંચે ભાઈઓએ લગ્ન કરવાનું નિદાન કર્યું કર્યું, (આજે આપણી સત્યની અને વફાદારીની કલ્પના વધારે વિશુદ્ધ થઈ છે. પોતાના દીકરાઓએ શું મેળવી આણેલું છે, એ જાણ્યા વગર પાંચે ભાઈ સરખું વહેંચી લો, એવું માતાના મુખથી નીકળેલું વચન સાચું પાડવા ખાતર જો પાંચ ભાઈઓ એક સ્ત્રી સાથે પરણવા જાય તો આપણે તેમને સત્યનિષ્ઠ કહેવાને બદલે સત્યદ્રોહી મૂર્ખ ગણી કાઢીએ. સ્વપ્નામાં બ્રાહ્મણને આપેલું વચન સાચું પાડવા ખાતર પ્રજાની માલિકીનું આખું રાજ્ય પ્રજા ઉપર કાળો કેર વર્તાવનાર એક તામસી બ્રાહ્મણને સાથે જ આપી દેનાર રાજાને આપણે રાજધર્મ-ભ્રષ્ટ, અકાજક, પામર કહીશું. અસ્તુ. અહીં તો આપણે જુની કલ્પના પ્રમાણે સત્યનારાયણકથાનું રહસ્ય ઉકેલવા નીકળ્યા છીએ.)

જનસમુદાયમાં બે વૃત્તિઓ ખાસ કરીને જોરાવર હોય છે, લોભ અને ભય. આ બે વૃત્તિઓનો લાભ લઇ સત્યનારાયણકથા-કારે સત્યનો મહિમા ગાયો છે. સત્યનું સેવન અને કીર્તન કરો, એટલે તમને સંતતિ અને સંપત્તિ વગેરે બધાં વાનાં મળશે, સંકટો દૂર થશે અને મનકામના પરિપૂર્ણ થશે; આ થઇ લાલચ. સત્યને વિસરો, સત્યને ઉવેખો કે તરતજ તમારાં બાળબચ્ચાં મરશે, ધનધાન્ય નાશ પામશે, જમાઇ દુખી મરશે; રાજા જો અન્યાયથી કોઇને કેદખા-નામાં પૂરી દેશે, તો તેની સત્તા નાશ પામશે ને તેની ઉપર સર્વ પ્રકારના અનર્થો આવી પડશે; આ થયો ભય.

સત્યનું વ્રત બધાને માટે સરખુંજ ફલદાયી છે. સત્યપાલન એ સાર્વવર્ણિક ધર્મ છે, એમ બતાવવા સારૂ આ કથામાં બ્રાહ્મણ, રાજા વાણીયા, ગોવાળીયા, અને કઠીયારાઓ આણેલા છે. અને ઉપર આ-પેલા સત્યના બન્ને અર્થ સત્યવ્રતમાં અભિપ્રેત છે એમ લાગે છે. સાધુ અને તેનો જમાઇ કરેલી પ્રતિજ્ઞાઓ ભૂલી જાય છે તેથી તે મના ઉપર સત્યદેવનો કોપ થાય છે. તેના પરિણામ તરીકે ચંદ્રકેતુ રાજા પણ પરાઙ્મુખ થાય છે. આ દૈવી લોકોની સ્ત્રીઓના હૃદયમાં પ્રતિજ્ઞાપાલનની ધર્મબુદ્ધિ જાગૃત થઇ એટલે તરતજ ચંદ્રકેતુ રાજાના હૃદયમાં પણ ન્યાયબુદ્ધિ જાગૃત થાય છે. સાધુ અને તેનો જમાઇ ચોરભયથી દંડી સાધુ આગળ જૂઠું બોલે છે, માટે આપણા કથા-કાર આ તેમના અસત્ય ભાષણને લીધે તેમના સર્વસ્વનો નાશ થયો

એમ તેમનો અનુભવ આપી વિનાશભયથી તેને સત્યનિષ્ઠ બનાવે છે. કલાવતી પતિદર્શનના મોહને લીધે સત્યનારાયણવ્રતના નિયમ તોડે છે. તુંગધ્વજ રાજા પોતાના ઉચ્ચ વર્ણના ગર્વથી અને સત્તાના મદથી સત્યનો અનાદર કરે છે. તેથી કલાવતીનો પતિ અને તુંગધ્વજ રાજાનું રાજ્ય નષ્ટ થઇ જાય છે, પણ તેમનો તે મોહ અને તે મદ નષ્ટ થતાં વેંત તેમને તેમનું સૌભાગ્ય ફરીથી પ્રાપ્ત થાય છે, એમ બતાવી કથાકાર લોકોને કહે છેઃ 'ભાઇઓ, જે સાચું હોય તેજ બોલો, પોતાનું વચન તોડો નહિ, તેમજ સમાજના અથવા નિસર્ગના સર્વવ્યાપી નિયમો તોડો નહિ. તેમનું ઉલ્લંઘન કરો નહિ. આ પ્રમાણે વર્તશો તો તમારૂં ઐહિક અને પારલૌકિક કલ્યાણ જરૂર થશે, કેમકે જે સત્યથી ચાલે છે તે

सर्वान् कामानवाप्नोति
प्रेत्य सायुज्यमाप्नुयात् ।

આ લોકકાવ્યની અંદર સત્યને સર્વસંગપરિત્યાગી દંડીનું સ્વરૂપ આપેલું છે, એ પણ ધ્યાનમાં લેવા લાયક છે. સત્યથી ચાલવાથી બધી વાસનાઓનો ક્ષય થઇ મનુષ્યમાં સંન્યસ્ત વૃત્તિ ઠસી જાય છે, અને સત્યાચરણી મનુષ્યમાં અંતઃસ્થવૃત્તિઓનું તેમજ બાહ્યસમાજનું નિયમન અથવા દંડન કરવાની દંડી શક્તિ આવી જાય છે, એમ કવિએ બહુ સુંદર રીતે સૂચવેલું છે. સત્યનારાયણની પૂજામાં સત્યનું સ્વરૂપ અને મહિમા બતાવનાર કેટલાક શ્લોકો અત્યંત ઉદાત્ત છે, તે અહીં આપી શ્રી સત્યનારાયણની યથામતિ કરેલી આ ઉપાસના અહીંયાં પૂરી કરૂં છું.

नारायणस्त्वमेवासि सर्वेषां च हृदि स्थितः ।
प्रेरकः प्रेर्यमाणानां त्वया प्रेरितमानसः ।
त्वदाज्ञां शिरसा धृत्वा भजामि जनपावनम् ॥
नानोपासनमार्गाणां भावकृद् भावबोधकः ।
त्वदधिष्ठानमात्रेण सैव सर्वार्थकारिणी ।
तामेव त्वां पुरस्कृत्य भजामि हितकाम्यया ॥
न मे त्वदन्यस्त्रातास्ति त्वदन्यं न हि दैवतम् ।
त्वदन्यं न हि जानामि पालकं पुण्यवर्धनम् ॥
नमस्ते देवदेवेश नमस्ते धरणीधर ।
त्वदन्यः कोऽत्र पारम्पर्यप्रणामास्ते जगतीतले ॥

ધાર્મિકાર્થિકકલ્પદ્રુમ એવા આ શ્રી સત્યનારાયણવ્રતનું અને કથાનું આ રહસ્ય જે વાંચશે તેને જ શ્રી સત્યનારાયણનો કૃપાપ્રસાદ મળશે. તે સંસ્કૃત ભાષામાં લખેલું નથી અથવા આધુનિક છે, એમ માની જો કોઈ એનો અનાદર કરશે તો તેનું સત્યનારાયણવ્રત નિષ્ફળ જશે. પણ જો કોઈ ધ્યાનમનનપૂર્વક આનું શ્રવણ કરી સત્યનારાયણનું વ્રત આચરશે તો તે

सर्वदुःखेभ्यो मुक्तो भवति मानवः ।
सर्वपापविनिर्मुक्तो दुर्लभं मोक्षमाप्नुयात् ।
इह भवः फलं भुक्त्वा चान्ते मोक्षमाप्नुयात् ।
धनधान्यादिकं तस्य भवेत् सत्यप्रसादतः ।
दरिद्रो लभते वित्तं बद्धो मुच्येत बन्धनात् ।
भीतो भयात् प्रमुच्येत सत्यमेव न संशयः ॥

કલિયુગમાં ભલે તે માણસ ભલે તેની સારી નરસી કામનાઓ સિદ્ધ કરવા માટે સત્યનારાયણવ્રત કરવા લાગ્યો. એ જોઈને જ મહર્ષિએ કલિયુગીના રસ્તામાં એક કીલક ને અર્ગલા નાખી દીધાં છે: જે માણસ જિતેન્દ્રિય અને સત્યવાદી હશે તેજ તેનું ઉદ્ઘાટન કરી આ વ્રતરૂપ દ્વાર ઉઘાડી શકે. इति शम् ।



चाणक्य कौटिल्य

अध्यापकः रामनारायण विश्वनाथ पाठक

वंशे विशालवंश्यानामृषीणामिव भूयसाम् ।
अप्रतिग्राहकाणां यो बभूव भुवि विश्रुतः ॥
जातवेदा इवार्चिष्मान् वेदान् वेदविदां वरः ।
योऽधीतवान् सुचतुरश्चतुरोऽप्येकवेदवत् ॥
यस्याभिचारवज्रेण वज्रज्वलनतेजसः ।
पपातामूलतः श्रीमान् सुपर्वा नन्दपर्वतः ॥
एकाकी मन्त्रशक्त्या यः शक्त्या शक्तिधरोपमः ।
आजहार नृचन्द्राय चन्द्रगुप्ताय मेदिनीम् ॥
नीतिशास्त्रामृतं धीमानर्थशास्त्रमहोदधेः ।
य उद्दध्रे नमस्तस्मै विष्णुगुप्ताय वेधसे ॥

कामन्दकः स० १, श्लो० २-६.

કોઈ કહેશે કે અત્યારે આખા હિંદુસ્તાનમાં એક બારે સંક્ષોભ મચી રહ્યો છે ત્યારે તમને બે હજાર વરસ ઉપર થઇ ગયેલા ચાણક્ય કૌટિલ્ય વિષે બોલવાનું ક્યાંથી સૂઝ્યું? દરિયો તોફાને ચઢ્યો હોય અને વહાણ હાલકડોલક થઈ રહ્યું હોય ત્યાં દરિયાને તળીયે ડૂબકી મારી મોતીની શોધ કરવાની તમને નવરાશ ક્યાંથી મળી? આ સવાલનો જવાબ પણ એજ ઉપર-દાખલો લંબાવીને આપું છું કે અમે તેવા તોફાનમાં પણ વહાણનું સુકાન, હોકાયન્ત્ર અને નીરમ (ballast) સાચવવાં જોઈએ. કોઈ પણ પ્રજાનો પ્રાચીન ઇતિહાસ તે તેની પ્રગતિમાં દિશાપર કાબુ રાખવાનું સુકાન છે, દિશા બતાવવાનું હોકાયન્ત્ર છે અને સમતોલ રહેવાનાં નીરમ છે. એ બહારથી આણેલી વસ્તુ નથી પણ પ્રજાની અંગભૂત વસ્તુ છે. દરેક પ્રજાને ભૂતકાળનો અવાજ સાંભળવાને સૂક્ષ્મ ઇન્દ્રિયો જ [illegible] તે ખોઈ બેઠું હતું માટે [illegible] [illegible] [illegible] હતો.

હાલ આપણી પ્રજામાં ચાલતો સંક્ષોભ કેવળ વર્તમાન ઉપદ્રવનો વિકાર છે એમ માનવું ભૂલભરેલું છે. તેમ [illegible], માનસિક મનન અને [illegible] રહેલું છે [illegible] સંક્ષોભ [illegible] સ્થિતિ અને

પશ્ચિમની જોસભેર થતી અસરનો પ્રત્યાઘાત એ કારણ છે પણ તેટલા ઉપરથી આ સંક્ષોભ આવ્યો જડ માનવો એ ભૂલ છે. બાહ્યસ્થિતિથી પણ પ્રજાનો આત્મા માનસિક સંક્ષોભમાં પડે એ શક્ય છે અને આપણા સમાજનો સંક્ષોભ એવો માનસિક સંક્ષોભ છે. આપણે હાલ આપણી સંસ્કૃતિના આત્માનો શોધ કરીએ છીએ. પશ્ચિમની સંસ્કૃતિના પ્રયોગોનો પદાર્થપાઠ આપણને યુરોપીય મહાયુદ્ધમાં મળ્યો. પરદેશીઓ પર અંધ શ્રદ્ધા રાખી પરવશ પડી રહેવાનાં પરિણામો આપણે પંજાબમાં અનુભવ્યાં, અને તેની સાથે પશ્ચિમનો સ્વભાવ આપણે બરાબર ઓળખ્યો. સમસ્ત પૃથ્વીપર ચર્ચાતા આત્મનિર્ણયના સિદ્ધાન્તથી આપણને આપણા સમાજનો આત્મા ઓળખવાનું, આપણા સમાજની સંસ્કૃતિનું રહસ્ય શોધી કાઢવાનું પ્રાપ્ત થયું છે. આ આપણા સંક્ષોભનો મનન-અંશ છે. આપણી સંસ્કૃતિમાં પ્રકૃતિસિદ્ધ કેટલું છે અને આગન્તુક કેટલું છે તે બરાબર શોધવામાં, પશ્ચિમની સંસ્કૃતિમાં હેય શું છે અને ઉપાદેય શું છે તેનો બરાબર વિવેક કરવામાં અને આપણી પ્રકૃતિને લક્ષમાં રાખી બન્નેનાં પ્રશસ્તત્વો લઈ આપણા ભવિષ્યનું સત્ત્વ ઘડવામાં આપણી ખરી સફળતા છે.

આજ સુધી આ વિચારો થયા નથી એમ નથી. આપણે ઘણા દિવસથી માનીએ છીએ કે આપણી પ્રકૃતિ આધ્યાત્મિક છે. આપણી ઇતિહાસસમૃદ્ધિ આધ્યાત્મિક છે. પણ આપણી પામર દશામાં આ શબ્દોએ આપણને બહુ મદદ કરી નહિ. આધ્યાત્મિક એ શબ્દ અવ્યાખ્યેય છે. આધ્યાત્મિકતાનો પ્રત્યક્ષ અનુભવ બંધ થતાં તેનો કાંઈ અર્થ રહેતો નથી. આપણે શોધવા જવું પડયું કે આધ્યાત્મિક એટલે શું? પશ્ચિમના ભાષ્યકારોએ આપણી આધ્યાત્મિકતાના અનેક અર્થ કર્યા. કોઇએ કહ્યું કે સંસારને ક્લેશમય કરી સંસાર દુઃખમય છે એવી ફરિયાદો કર્યા કરવી તે. કોઇએ કહ્યું કે દુનિયામાં કશું કરવાનું નથી, સ્વર્ગને માટે બહુ કરવું તે. કોઇએ કહ્યું કે સમષ્ટિના હિતને બહાને વ્યષ્ટિને કચરી નાખવી તે. કોઇએ કહ્યું કે સ્વતંત્રતા, સુવ્યવસ્થા, કાર્યશક્તિ એ સર્વનો અભાવ તે. અને હમણાં વિલિઅમ આર્ચર સાહેબે કહ્યું કે હિંદની આધ્યાત્મિકતા એટલે અર્થશૂન્યતા, અર્થરહિતતા. જે સ્વીકારબુદ્ધિથી આપણે પશ્ચિમનો અમલ સ્વીકાર્યો તેજ બુદ્ધિથી આપણે વિચારદેશમાં પણ તેમનો અમલ સ્વીકાર્યો. આપણે પણ માની બેઠા કે આપણે આધ્યાત્મિક પ્રકૃતિવાળા છીએ

એટલે આપણે સ્વતંત્ર ન થઈ શકીએ, વ્યવસ્થિત કામ ન કરી શકીએ, ઘડી ન શકીએ, રાજ્યતંત્રના નિયમો ઘડી ન શકીએ— કેવળ 'અમર કરે તે ખરું' એમ કહી સૌ મૌએ સહન કરી શકીએ. આ બધા વિચારોની આપણે પુનઃ સમીક્ષા કરવી જોઈએ.

સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ એ ગીતાનું સત્ય એટલું વ્યક્તિને તેટલું જ પ્રજાને–સમાજને લાગુ પડે છે. ઇતિહાસ એ પ્રજાની સ્મૃતિ છે. જે પ્રજા પોતાનો સાચો ઇતિહાસ જાણી જાય છે તે કર્તવ્યમાં આહ્લાદ પામે છે. અમુક કાર્ય કરી શકાશે કે નહિ એ પ્રશ્નનું નિરાકરણ બે જ રીતે કરી શકાય: એક તો એ ખરેખર કરી બતાવીને, બીજું મન ઇતિહાસમાં તે કર્યું હતું એમ બતાવીને. ઇતિહાસ આવી રીતે પ્રજાનું સ્વરૂપાનુસંધાન કરાવીને તેને નવી પ્રેરણા પાય છે, તેને નવા નવા કાર્યપ્રદેશો ખુલ્લા કરી આપે છે, નવું [illegible] ઉઘાડી આપે છે.

ઇતિહાસનો અભ્યાસ એક [illegible] તરીકેનો આપણી શક્તિ વિષેનો મોહ ટાળે છે. હિંદુ શાસ્ત્રકારો માત્ર કલ્પના ઉપરથી જ શાસ્ત્રો રચતા, તેમનામાં વ્યવસ્થિત રાજ્ય કરવાની શક્તિ કદી જ હતી નહિ, આધ્યાત્મિક દૃષ્ટિને લીધે આપણે ઐહિક સ્થિતિનો ગંભીરતાથી અને શાસ્ત્રદૃષ્ટિથી કદી વિચાર જ નથી કર્યો, વ્યવહારકુશળતા, રાજકારણ એ બુદ્ધિ આપણી આધ્યાત્મિકતા સાથે વિસંવાદી છે એ વિચારો જેના અર્થશાસ્ત્રથી પરાસ્ત થાય છે. તે સાથે આપણો રાજકારોબાર કેટલો [illegible] હતો એવી ખબર [illegible] કારણો પણ ઓછાં થાય છે.

આપણા [illegible] ઇતિહાસને સમજવાને આપણે હિંદુસ્તાનનો નકશો પ્રથમ સમજવો જોઈએ. કવિ કે ઈતિહાસકારનું [illegible] સમજવાને તેના દેશનો નકશો ન જાણીએ તો ચાલે પણ આ [illegible] આપી મેળવી છે. પોતાના કાવ્યનો ઇતિહાસ ઘડનાર તે મહાપુરુષ હતો, અને ઇતિહાસની [illegible] તેને માટે દેશની સ્થિતિ સમજવી જોઈએ. હિંદુસ્તાનનો નકશો [illegible] સામે [illegible] છે. પણ આ નકશો [illegible] છે, અને આપણે જ નકશો સમજવાનો છે તે આપણા [illegible] સમજવાનો છે. એટલે આ નકશા ઉપરથી [illegible] અમારે કથન કરવાનું છે.

આજના નકશામાં અને પ્રાચીન નકશામાં જે એક મોટો ફેર છે—જે ફેર આપણે પોપટની માફક બોલી બતાવીએ છીએ અને સમજી શકતા નથી, તે એ છે કે હાલનો આપણો નકશો લાલ છે તેવો તે તે વખતે લાલ નહોતો. હેદરે કહેલું કે સબ લાલ હોયગા એ ભવિષ્યવાણી પ્રમાણે આપણો હાલનો નકશો લાલ છે. એ પરદેશી અમલ નીચે છે. આપણે જે હાલનો વિચાર કરીએ છીએ તે વખતે તે "સ્વતંત્રતા સોહાગી" દેશ હતો.

એ વખતે પણ પરદેશ કે પશ્ચિમ સાથે આપણો દેશ મુકાબલામાં નહિ આવેલો એમ નહિ. પશ્ચિમ આપણને જીતવા નહિ આવેલું માટે આપણે સ્વતંત્ર રહી ગએલા એમ નહોતું. એ વખતે પણ પશ્ચિમની સંસ્કૃતિની જન્મભૂમિ ગણાતા ગ્રીસથી એક સૈન્ય ઈરાની મહારાજ્યને તોડી તેની સોંસરું થઈ ઠેઠ સિંધુની આ પાર સુધી આવેલું. પણ આપણા પ્રજાજીવનમા તેની એક ક્ષણ જેટલીવાર પણ અસર રહેલી નહિ. આ બનાવને અંગ્રેજી ઇતિહાસકારો બહુ અગત્ય આપે છે. એ બનાવને તેઓ હાલની પશ્ચિમની સત્તાની આગાહી માને છે અને પશ્ચિમ પૂર્વ પર સત્તા ભોગવે એવા નિર્માણનું તેમાંથી અનુમાન કરે છે. કહેવત છે કે 'કાચું વખણાય,' પણ અંગ્રેજો તો કોઈવાર આ ધૂનમા હાસ્યાસ્પદ થઈ જાય છે તેની પણ તેમને ખબર રહેતી નથી. આ કારણથી હું જરા આ બાબત વિધારે લંબાણથી લખવા માગું છું. આપણી પરીક્ષાનો વિષય એ છે કે મહાન સિકંદર પંજાબ સુધી આવ્યો એનો અર્થ પશ્ચિમની સંસ્કૃતિનો પૂર્વ પર વિજય એવો થાય ?

પણ પ્રથમ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સિકંદર જેણે આ દિગ્વિજય કર્યો તે પશ્ચિમના સંસ્કૃતિનો પ્રતિનિધિ હતો? સિકંદર તે મૅસિડોનીઆના રાજા ફિલિપનો પુત્ર હતો. ગ્રીસનો ગમે તે ઇતિહાસ લો તો તેમા ફિલિપના કાળસુધીમા ભાગ્યેજ એક બે ઠેકાણે મૅસિડોનિયાનો નમે ઉલ્લેખ જોશો. મૅસિડોનિયનો ગ્રીસ તળમાં પરદેશીઓ ગણાતા. તેઓ અર્ધસંસ્કૃત દશામા રહેતા અને પોતાના દેવોનાં તથા પોતાના નામોમા તથા રીતભાતમા સંસ્કારી ગ્રીકોની વિડંબના કરતા. તેનો ઇતિહાસ પણ ગ્રીસના ઇતિહાસથી નોખો છે. ઈરાનના મહાન્ દારાયસે બાબિલોન, લીડીઆ અને ઇજીપ્ત જીતી લઈ ઈરાની મહારાજ્ય ઠેઠ ડાન્યુબના કિનારા સુધી વિસ્તાર્યું, ત્યારે

ઍસીડોનીઆએ તેનું અડીયાપણું સ્વીકાર્યું ત્યાં તેના ઇતિહાસમાં પ્રથમ ઉલ્લેખ છે. તે પછી ટ્રાસીસ મેડી ઑન્યો; ત્યારે તેણે ગ્રીસ રાજ્યોને તેની અગાઉથી ચેતવણી આપી દીધી, ત્યાં તે ફરી ઇતિહાસમાં નોંધાઈ પોતાની અંધાધૂંધીમાં પાછું ગુમ થાય છે; તેમાંથી પીઅસ તેને છૂટી થઈ ફિલિપને ઓનામો પોતાના દરબારમાં રાખે છે ત્યારે તેનો ઉદ્ધાર થાય છે. અહીંથી ફિલિપ ગ્રીસની સંસ્કૃતિ અને અહેમ્છાઓ થઈ જાય છે અને વિજયની કારકીર્દી શરૂ કરે છે. પ્રથમ બધાં ગ્રીસ રાજ્યોમાં અંદર અંદર કુસંપ કરાવી છૂટી લે છે અને ગ્રીસ બહારની છત કરવાનો તેનો મનસૂબો અલેક્ઝાન્ડર પૂરો કરે છે. ઇતિહાસમાં આપણે ઘણીવાર જોઈએ છીએ કે કોઈ અર્ધસંસ્કૃત પ્રજા સંસ્કૃતિના સંસર્ગમાં આવે ત્યારે તેનામાં એકાએક બળનો ઉભરો આવે છે તે ઉભરા ઉપરથી તે સંસ્કૃતિના પ્રાકૃતિક બળનું અનુમાન કરવું એ ભૂલ છે. એ માત્ર આકસ્મિક (abnormal) ઉભરો જ છે. આ બધું છતાં ફિલિપ અને અલેક્ઝાન્ડર બન્ને અસંસ્કૃત જાતિના જ પુરુષો હતા. અલેક્ઝાન્ડરે તો વિજયયાત્રામાં પણ દારૂના અને ક્રોધના આવેશમાં જે જે અત્યાચારો કર્યા છે તે ભયંકર છે. ફિલિપની પણ તેવી જ કથા છે. આર્કેનિયનો ઉપર જીત મેળવી તે રાત્રે તે ખૂબ દારૂ પીને લથડીઆં ખાતો રણભૂમિ ઉપર ગયો અને તેના કટ્ટા વિરોધી ડિમૉસ્થીનીસ ઉપર કરેલ સજાની પ્રસ્તાવના જે નાટ્યમાં ગાઈ શકાય તેવી હતી તે ગાતાં ગાતાં તેણે નાચ કર્યો. આજુબાજુનું સમકાલીન સાહિત્ય વાંચો અને વિચારો કે કોઈ વિજયી રાજા આમ દારૂ પીને રાત્રે રણભૂમિ ઉપર નાચે ખરો !

અલેક્ઝાન્ડરને આપણે ગ્રીસ સંસ્કૃતિનો પ્રતિનિધિ તો નજ ગણી શકીએ. એથી ઉલટું એના વખતમાં ગ્રીક સંસ્કૃતિનું સત્વ હ્રાસ પામી ક્ષીણ થઈ ગયું હતું. એ સંસ્કૃતિનું આયુષ્ય પૂરું થયું હતું. અને મેસીડોનીયાની જીત તે આયુષ્યનો અંત જ બતાવે છે. અહીં લાગુ લખવાને બદલે એનસાઇક્લોપીડીઆ બ્રિટાનિકામાં ગ્રીસ ઉપરના લેખમાં ગ્રીસના પરાજયનું કારણ બતાવેલ છે તેજ જણાવું. તેમાં લખેલું છે કે ફિલિપ અને અલેક્ઝાન્ડરે બિલકુલ નજ દેખા દીધી હોત તો પણ ગ્રીસનું રાજ્ય ટકત જ નહિ અને એકાદ સદી પછી કોઈ બહારે પરદેશી રાજ્ય તેનો પરાજય કરત. રાજ્યોના સમતોલપણાના વિચારોથી ગ્રીસના રાજકારણમાં નબળાઈ આવી હતી.

એટલુંજ નહિ પણ કેટલાએક પ્રજાઘાતક દુર્ગુણોએ ગ્રીસમાં પ્રવેશ કર્યો હતો. બચ્ચાંની સંભાળ નહિ લેવાને લીધે મરણપ્રમાણ ઘાણું વધ્યું હતું, તે ઉપરાંત લોકોમાં, હાલ પશ્ચિમમાં છે તેમ, નિષ્પ્રજ રહેવાનો શોખ વધ્યો હતો. એરિસ્ટોટલ બચ્ચાંઓની ગેરસંભાળને નિંદે છે પણ ગર્ભપાતમાં દોષ જોતો નથી. આવી રીતે પ્રજા આત્મઘાતક પ્રવૃત્તિમાં દોરાઇ હતી ત્યારે બીજી બાજુ જૂઠાપણું, નિમકહરામી, લાંચ એ વધી પડ્યાં હતાં અને દેશાભિમાન તેના પ્રમાણમાં ઘટતું જતું હતું. આ બધું જોતાં ખાત્રી થાય છે કે મૅસીડોનીયાના ઉદય વખતે ગ્રીસની સંસ્કૃતિ તો પડી ભાગી હતી.

પણ તો અલેક્ઝાન્ડર ગ્રીસમાંથી લીધેલી કોઈ બીજી સંસ્કૃતિનો પ્રતિનિધિ એમ કેમ ન ગણવું ? માણસો બધા દુનિયા બનાવો તો જુવે છે પણ માત્ર કદાચજ તેનું રહસ્ય સમજી શકે છે તેમ ઇતિહાસનું પણ છે. મરાઠાઇતિહાસકાર ગ્રાન્ટ ડફ કહે છે કે મરાઠાઓનો ઉદય તે સહ્યાદ્રિના લાંબા ઘાસમાં પડેલ આકસ્મિક તીખારાથી થએલ દાવાનલ જેવો હતો. તેના પછવાડે નિયમન નહોતું. તેના જવાબમાં ન્યાયમૂર્તિ રાનડેએ કહેલું કે મરાઠા સત્તા ચાર અદ્ભુત સંકડામણના પ્રસંગો પસાર કરી ગયેલ છે: શિવાજીને દિલ્હીમાં કેદ કર્યો તે, શંભાજીને કેદ કરી મારી નાખ્યો તે, પાણીપતનો પરાજય, અને રઘુનાથરાવનું બંડ. આ ચારે પ્રસંગો પછી તે વિજયી નીકળી આગળ વધી એજ એની પછવાડે રહેલા પ્રજાબલની સાખ પૂરે છે. આ રાનડે તે દ્રષ્ટા હતા. તેમની દ્રષ્ટિથીજ આપણે અલેક્ઝાન્ડરના વિજય તપાસીયે કે એ તે આકસ્મિક ઉભરો હતો કે નિયમિત સંસ્કૃતિનું સામાન્ય બલ હતું. અલેક્ઝાન્ડરે ગ્રીસ જીત્યું, મહાન ઇરાની મહારાજ્ય તોડયું અને પંજાબમાં પોરસને હરાવ્યો એ બધું ખરું. પણ ગ્રીસ તો પોતાના જીવનની આખરે પહોંચ્યું હતું, ઇરાની મહારાજ્ય સડી ગએલા મહાવૃક્ષ જેવું હતું. પોરસ તેની સામે થયો અને વરસાદના અકસ્માતથી હારી ગયા, પણ તેને તેજ વખતે સિકંદરે રાજ્ય પાછું આપ્યું અને ત્યાંથી નીકળતી વખતે એક પણ મૅસિડોનીઅન ટુકડી મૂકી નહિ. આ રાજ્ય પાછું આપ્યું તે કાંઇ પોરસના ઉંચા શરીર પર મોહીને નહિ પણ આ સંસ્કૃતિના બળને લીધે. જીત કરેલો મુલક રાજા કોઇવાર મહેરબાનીથી પાછો આપેજ નહિ. બ્રિટિશ સામ્રાજ્યે દક્ષિણ આફ્રિકામાં બોઅરને હરાવ્યા એ પછી તેમને સ્વરાજ્ય આપી,

હતા તેથી પણ વધારે મજબૂત બનાવ્યા. એ શું ખરેખર ખુશ થઇ ગયેલા માટે! આ બોઅરની લડાઇથીજ બ્રિટિશ મહારાજ્યની સત્તાનો તાગ આવ્યો, દુનિયામાં કૃતકૃત્ય માની બેઠેલા અંગ્રેજો ચમક્યા, યુરોપના રાજ્યોએ બ્રિટિશ રાજ્યની નબળાઇ જોઈ લીધી અને ભવિષ્યનો ઇતિહાસકાર તે દિવસથી બ્રિટિશ મહારાજ્યની પડતીનો આરંભ ગણશે. ત્યારથી બ્રિટિશ રાજ્યને પાછળ હઠવાનુંજ રહ્યું છે. અલેક્ઝાન્ડરને પણ તેમ થયું. જીત્યો તો ખરો, પણ તેના સૈનિકોએ આગળ જવાની ના પાડી, તેથી જીતેલું રાજ્ય પોરસને પાછું આપી તેણે કૂચ શરૂ કરી. અને પછી? અલેક્ઝાન્ડરના મરણ પછી શું થયું? એ આખુંય રાજ્ય તૂટી પડ્યું. જો સંસ્કૃતિની જીત હોય, જો પ્રજાબળ હોય તો આખું રાજ્ય તો આમ ન તૂટે. જાપાન ચાળીસ વરસમાં ઉદય પામી એકવાર રુશિયાને હરાવી પછી સદા માટે અસ્ત થાય તો તેને સુધરેલું રાજ્ય કોણ કહે? ગ્રીક ઇતિહાસકાર ઓમાન આ મહાવિજયની અસર ચિરકાળની ગણે છે અને કન્દહાર શહેરને નવું વસાવેલ અલેક્ઝાન્ડ્રીઆ શહેર ગણે છે; પણ સહુ જાણે છે કે કન્દહાર તે અલેક્ઝાન્ડ્રિઆ નહિ પણ મહાભારત કાળનું ગાન્ધાર છે. અને સાઇક્લોપીડીઆનો લેખક ઠીક લખે છે કે માત્ર યુફ્રેટિસની પશ્ચિમના પ્રાંતોમાંજ ગ્રીસની અસર ટકવા પામી. આ પરિણામ પણ રોમની રાજપદ્ધતિને આભારી છે. અલેક્ઝાન્ડરનું રાજ્ય તો તેના મરણ પછી તુરત તૂટી ગયું. ઇતિહાસકાર વિન્સેન્ટ સ્મિથ પણ કબુલ કરે છે કે ગ્રીસની અસર હિંદુસ્તાનમાં ટકવા પામી નથી. પણ તે જાણે હિંદુસ્તાનના વિદ્વાનોએ બતાવેલ દેશવાત્સલ્યની લાગણીની ખાતર નમતું આપતો હોય એમ લખે છે.

આ ઉપરથી હું માનું છું કે અલેક્ઝાન્ડરના વિજય વખતે ઇજીપ્ત, ઇરાન વિગેરેની સંસ્કૃતિ માફક ગ્રીકની સંસ્કૃતિ પણ પડી ભાંગી ગઇ હતી, સિકંદર તે સંસ્કૃતિનો પ્રતિનિધિ નહોતો, તેની પોતાની પ્રજા પૂર્ણ સંસ્કૃત થઇજ નહોતી, અને પંજાબ ઉપરની તેની સ્વારી તે પશ્ચિમની સંસ્કૃતિનો પૂર્વ પર વિજય ગણવો ન જોઇએ. પુરાતન સંસ્કૃતિઓમા તે વખતે ચીન બાદ કરતા માત્ર હિન્દની સંસ્કૃતિજ અસ્તિત્વ ધરાવતી હતી.

પરંતુ સિકંદર એટલો પણ પગપેસારો કેમ કરી શક્યો? કારણ કે એ સમય બે મહારાજ્યોની સંક્રાન્તિનો હતો. અગ્નિજો

હિંદમાં સહેલાઇથી સામ્રાજ્ય સ્થાપી શક્યા તેનું એક કારણ મોગલ અને મરાઠા રાજ્યોની સંધિ પણ હતું. સિકંદર વખતે પણ એમ હતું. ગ્રીક તવારીખોમાં લખેલ છે કે ખુદ ઍન્ડ્રૉકોટોસ સિકંદર પાસે આવ્યો અને ખબર આપી કે આખો દેશ તે કબજે કરી શકે એમ હતું, કારણ કે ત્યાંનો રાજા દુષ્ટ અને નીચ કુળનો હતો તથા પ્રજાને તેના પર દ્વેષ હતો. આ ઍન્ડ્રૉકોટોસ તે ચન્દ્રગુપ્ત એવી કલ્પના છે. તે ગમે તેમ હોય પણ આ સમયે મગધનું મહારાજ્ય ઝાંખું પડી ગયેલું હતું. નવ નન્દોને ઉખેડી ચન્દ્રગુપ્ત ક્યારે ગાદીએ બેઠો તે વરસ બરાબર નક્કી થઇ શકતું નથી. એ એમ બતાવે છે કે રાજ્ય-ક્રાન્તિએ ઘણાં વરસ લીધાં હશે અને આ સંધિકાળની નબળાઇમાં સિકંદર પંજાબ સુધી ફાવી શક્યો હશે.

આ લાંબી ચર્ચા પછી હિંદની પૂર્વકાળની ભૂગોળના પ્રશ્ન તરફ હું પાછો આવું છું. આ સંબંધી રા. દેવદત્ત ભાંડારકરે પોતાનાં ૧૯૧૮નાં વ્યાખ્યાનોમાં ઘણીજ વિચક્ષણરીતે ભૂગોળની ચર્ચા કરેલ છે તેનું પરિણામજ અહીં લઇ લઉં. તે સોળ દેશોનાં નામો આપે છે અને તેની મોઘમ હદ નીચે પ્રમાણે આપે છે: અંગ અને મગધનાં બે રાજ્યોની સરહદ ચંપા નદીની હતી. અંગની રાજધાની ચંપા તે હાલનું ભાગલપુર, મગધની મૂળ રાજધાની રાજગૃહ હાલનું રાજગીર અને પાછળથી પાટલીપુત્ર એટલે હાલનું પટણા. બીજાં કાશી અને કોશલ. કોશલની રાજધાની શ્રાવસ્તી, અને અયોધ્યા પણ તેમાંજ આવેલ હતું. તે પછીનું જોડકું વજ્જિ અને મલ્લ તેની રાજધાની વૈશાલિ જે હાલના તિરહુતમાં આવેલ હતી. ચેદિ અને વંશ તેમાં પહેલો બુન્દેલખંડ [illegible] અને બીજો અલાહાબાદ પાસે. કુરુની રાજધાની ઇન્દ્રપ્રસ્થ અને પાંચાલની કમ્પિલ્ય જે હાલના મૈનપુરી પ્રાંતમાં હાલ બતાવાય છે. મત્સ્ય દેશ. હાલના જયપુર અલવાર મુલકનો સમાવેશ થતો. શૂરસેનની રાજધાની તે મથુરા. અશ્મકની રાજધાની પ્રતિષ્ઠાન તે હાલનું પૈઠણ અને અવન્તીની રાજધાની ઉજ્જૈન જે હાલ પણ તેજ નામે પ્રસિદ્ધ છે. છેવટે ગાન્ધાર અને કામ્બોજ. ગાન્ધારમાં પશ્ચિમ પંજાબ અને પૂર્વ અફઘાનિસ્તાનનો સમાવેશ થતો. તેની રાજધાની તક્ષશિલા ગ્રીકોએ કહેલ Taxila, જેના ખંડેરો રાવલપીંડી પાસે મળી આવેલ છે, કામ્બોજ તે સિન્ધુની ઉત્તર-પશ્ચિમે હતો. આ બધું જે સમયનો વિચાર કરીએ છીએ તે

[illegible] સંબંધ ઓછો [illegible] છે. એ શબ્દે અંગ્રેજીને [illegible] છે અને [illegible] પણ [illegible] છે. [illegible] શબ્દો [illegible] થઈ ત્યાં પણ સત્ય બેસાડી છે. [illegible], [illegible] હાથ બેસાડવા, [illegible] કરી છે. આ શહેર [illegible] પડ્યા અને [illegible] કિનારે કિનારે નવ [illegible] કર્યું. તે વખતે [illegible] અને [illegible] હતો જે [illegible] છે. તેને [illegible] કર્યો અને તેમાં [illegible] હતા.

બીજી દંતકથામાં છે કે તે સમયે [illegible] હતું. આ નદીનો ઉલ્લેખ કરી એમ મનાય છે. આ નદી વિષે [illegible] નથી અને એ જે [illegible] અર્થ કરવો મુશ્કેલ છે. [illegible] જેમાં નવમાનું નામ નન્દીવર્ધન છે. [illegible] નન્દીવર્ધન તે એક હતો. આ [illegible] વરસ [illegible] કર્યું અને તેમના [illegible] આવ્યો. [illegible] એક પછી એક [illegible] વરસ [illegible] છે. તેમાં [illegible] છે તે [illegible] હતી. [illegible] સંસ્કૃત [illegible] છે. [illegible] અર્થ કરે છે. [illegible] નામ [illegible] માને છે.

[illegible] એવું વર્ણન છે કે [illegible] પરશુરામની [illegible] હતી. [illegible] અને [illegible] છે. [illegible] પછી [illegible] કર્યું [illegible] છે કે [illegible] હતું [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પુરુષ હતો. તેણે એક અર્થશાસ્ત્રનો ગ્રન્થ લખેલ છે તેમાં તે છેવટે પોતાની ઓળખાણ આપતાં લખે છેઃ

> येन शास्त्रं च शस्त्रं च नन्दराजगता च भूः ।
> अमर्षेणोद्धृतान्याशु, तेन शास्त्रमिदं कृतम् ॥

(જેણે શસ્ત્ર, શાસ્ત્ર અને નન્દરાજાઓ નીચે ગયેલી પૃથ્વીને અમર્ષથી ઉદ્ધર્યાં તેણે આ શાસ્ત્ર રચેલ છે.) આ અર્થશાસ્ત્ર આજસુધી નષ્ટ થયેલું મનાતું હતું પણ સને ૧૯૦૫માં તે દક્ષિણ હિંદમાં મળી આવ્યું. ભામહનું અલંકારશાસ્ત્ર અને ભાસનાં નાટકો પેઠે આ અર્થશાસ્ત્ર શોધવાનું માન પણ દક્ષિણ હિંદને જ છે. આ ગ્રન્થની હસ્તલિખિત એક પ્રત અને તે સાથે તેના થોડા ભાગ ઉપરની ભટ્ટસ્વામીની ટીકા મ્હૈસુર ગવર્નમેન્ટ ઓરિએન્ટલ લાઇબ્રેરીને તાન્જોરના એક પંડિતે સુપ્રત કરી. તેના લાઇબ્રેરીઅન રા. શામશાસ્ત્રીએ તેનું અંગ્રેજી ભાષાન્તર ઇન્ડીઅન એન્ટીક્વેરીમાં પ્રસિદ્ધ કર્યું અને તે પછી ૧૯૦૯ માં મ્હૈસુર દરબારના ઉત્તેજનથી મૂળ ગ્રન્થ પણ પુસ્તક આકારે તેઓ બહાર પાડી શક્યા છે. પાછળથી મ્યુનિચ લાઇબ્રેરીમાંથી પણ આજ પુસ્તકની એક પ્રત મળી આવેલ તેનો ઉપયોગ આ પુસ્તકની આવૃત્તિમાં કરેલ છે. બીજી પણ એક પ્રત હાથ લાગેલ છે.

ભાસનાં નાટકોની પેઠે સંસ્કૃત સાહિત્યના અભ્યાસીઓને આ ગ્રન્થનું નામ ઘણા વખતથી પરિચિત હતું. આ શાસ્ત્ર આપણા દેશમાં સાહિત્યના અભ્યાસીઓએ તેમજ રાજકારોબારી પુરુષોએ ઘણા કાળ સુધી પ્રમાણભૂત ગણેલ છે; અને તેથી તે પછીના સાહિત્ય ઉપર તેની અસર બહુ જ સ્પષ્ટ જોઈ શકાય છે. કાલિદાસનાં કાવ્યોમાં આ શાસ્ત્રના વિચારો બહુ જ દઢ ગૂંથાયલા છે, અને કોઈ કોઈ જગાએ તો આખા વાક્યો કાવ્યના સ્વાંગમાં આપણને દર્શન દે છે. આ સામ્ય એટલું આકર્ષક છે કે તેથી લોભાઇને એક ઘણાજ ઉદ્યોગી અભ્યાસીએ કાલિદાસ એજ કૌટિલ્ય હતો એવા મતનું સમર્થન કરવા પ્રતિજ્ઞા કરી છે. અંગ્રેજી સાહિત્યમા જેમ બેકન જ શેક્સપીયર હતો એવો એક પક્ષ ઉભો થયો હતો, તેમ આપણા સાહિત્યમાં પણ આવી રીતે અર્થશાસ્ત્રની પ્રસિદ્ધિ પછી તરત જ એના જેવો જ રસમય પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. આ મતના ગુણદોષ વિષે અમે અત્રે મૌન રાખીશું. એ અભ્યાસીને પોતાના પક્ષ માટે જે કાંઈ કહેવાનું છે તે હજુ પૂરું થયું નથી; પણ એટલું તો કહેવું જોઇએ કે કાલિ-

તે આપણે સૌ જાણીએ છીએ. ખરી રીતે તો ગીતે એ આપના પુરૂષાર્થી લીધેલી છે. ગીતા પોતાના દેશની સીમા ઓળંગી દુર ગઈ, ત્યારે એનો વિચાર એટલો નાનો હતો કે મહાત્માજીની ભાવના એમનામાં આવીને ન શકે. આ આપના હિંદમાં પ્રથમ ઉદ્ભવી તેનું કારણ એ કે [illegible] મહાત્માનું ખરું નામ હતું એટલે ખરી રીતે એ વિચાર મૂળ પૂર્વમાં ઉદ્ભવ્યા છે અને ત્યાંથી પશ્ચિમ લાવ્યા છે.

પુરુષ હતો. તેણે એક અર્થશાસ્ત્રનો ગ્રન્થ લખેલ છે તેમાં તે છેવટે પોતાની ઓળખાણ આપતાં લખે છેઃ

> येन शास्त्रं च शस्त्रं च नन्दराजगता च भूः ।
> अमर्षेणोद्धृतान्याशु, तेन शास्त्रमिदं कृतम् ॥

(જેણે શસ્ત્ર, શાસ્ત્ર અને નન્દરાજાઓ નીચે ગયેલી ધરણીને અમર્ષથી ઉદ્ધર્યાં તેણે આ શાસ્ત્ર રચેલ છે.) આ અર્થશાસ્ત્ર આજસુધી નષ્ટ થયેલું મનાતું હતું પણ સને ૧૯૦૫માં તે દક્ષિણ હિંદમાં મળી આવ્યું. ભામહનું અલંકારશાસ્ત્ર અને ભાસનાં નાટકો પેઠે આ અર્થશાસ્ત્ર શોધવાનું માન પણ દક્ષિણ હિંદનેજ છે. આ ગ્રન્થની હસ્તલિખિત એક પ્રત અને તે સાથે તેના થોડા ભાગ ઉપરની ભટ્ટસ્વામીની ટીકા મ્હૈસુર ગવર્નમેન્ટ ઓરિએન્ટલ લાઇબ્રેરીને તાન્જોરના એક પંડિતે સુપ્રત કરી. તેના લાઇબ્રેરીઅન રા. શામશાસ્ત્રીએ તેનું અંગ્રેજી ભાષાન્તર ઇન્ડીઅન એન્ટીક્વેરીમાં પ્રસિદ્ધ કર્યું અને તે પછી ૧૯૦૯ માં મ્હૈસુર દરબારનાં ઉત્તેજનથી મૂળ ગ્રન્થ પણ પુસ્તક આકારે તેઓ બહાર પાડી શક્યા છે. પાછળથી મ્યુનિચ લાઇબ્રેરીમાંથી પણ આજ પુસ્તકની એક પ્રત મળી આવેલ તેનો ઉપયોગ આ પુસ્તકની આવૃત્તિમાં કરેલ છે. બીજી પણ એક પ્રત હાથ લાગેલ છે.

ભાસનાં નાટકોની પેઠે સંસ્કૃત સાહિત્યના અભ્યાસીઓને આ ગ્રન્થનું નામ ઘણા વખતથી પરિચિત હતું. આ શાસ્ત્ર આપણા દેશમાં સાહિત્યના અભ્યાસીઓએ તેમજ રાજકારોબારી પુરુષોએ ઘણા કાળ સુધી પ્રમાણભૂત ગણેલ છે; અને તેથી તે પછીના સાહિત્ય ઉપર તેની અસર બહુ જ સ્પષ્ટ જોઈ શકાય છે. કાલિદાસનાં કાવ્યોમાં આ શાસ્ત્રના વિચારો બહુ જ દૃઢ ગૂંથાયલા છે, અને કોઈ કોઈ જગાએ તો આખાં વાક્યો કાવ્યના સ્વાંગમાં આપણને દર્શન દે છે. આ સામ્ય એટલું આકર્ષક છે કે તેથી શોભાકને એક ઘણાજ ઉદ્યોગી અભ્યાસીએ કાલિદાસ એજ કૌટિલ્ય હતો એવા મતનું સમર્થન કરવા પ્રતિજ્ઞા કરી છે. અંગ્રેજી સાહિત્યમા જેમ બેકન જ શેકસપીયર હતો એવો એક પક્ષ ઉભો થયો હતો, તેમ આપણા સાહિત્યમાં પણ આવી રીતે અર્થશાસ્ત્રના પ્રસિદ્ધિ પછી તરત જ એના જેવો જ રસ-મય પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. આ મતના ગુણદોષ વિષે અમે અત્ર મૌન રાખીશું. એ અભ્યાસીને પોતાના પક્ષ માટે જે કાંઈ કહેવાનું છે તે હજુ પૂરું થયું નથી; પણ એટલું તો કહેવું જોઇએ કે કાલિ-

દાસ અને કૌટિલ્યનું સામ્ય કાલિદાસના રસજ્ઞ અને પ્રખર પ્રતિભાશાળી ટીકાકાર મલ્લિનાથને અજાણ્યું નહોતું. અર્થનું સ્ફોટન કરવા તે ઠેકઠેકાણે કૌટિલ્યનાં અવતરણો મૂકે છે. કાલિદાસ પછીનાં મહાકાવ્યોમાં પણ રાજપ્રકરણી વસ્તુ છે અને તે સંબંધી કવિઓએ પોતાના વિચારો આપેલા છે. આ બધા વિચારોમાં પણ આપણે ચાણક્યની અસર એટલી જ જોઇ શકીએ છીએ. અલબત મહાકાવ્યોની ટીકાઓમાં આપણે કૌટિલ્ય કરતાં કામન્દકનાં અવતરણો વિશેષ જોઇએ છીએ. પણ આનું કારણ, ચાણક્યની ટુંકી અને સાથે કાળે દુર્ગમ્ય થતી જતી શૈલિ અને કામન્દકીય નીતિશાસ્ત્રના, ઝીણી વિગતો કાઢી નાખેલ અને શ્લોકબદ્ધ પ્રબંધની અભ્યાસીની સ્વાભાવિક રૂચિ તેજ હશે. પણ એ કામન્દક પોતેજ ગ્રંથપ્રારંભમાં "અર્થશાસ્ત્ર મહોદધિમાંથી નીતિશાસ્ત્રામૃતનો સમુદ્ધાર કરનાર શ્રીમાન્ વિષ્ણુગુપ્તને નમસ્કાર" કરે છે. એજ બતાવી આપે છે કે કામન્દકની અસર એ ચાણક્યની જ અસર ગણવી જોઇએ. તેમ છતાં ચાણક્યની પ્રામાણિકતા સંસ્કૃત વાઙ્મયમાંથી આધુનિક કાલસુધી લુપ્ત થએલ નથી. કામન્દકનો ટીકાકાર જયમંગલ કૌટિલ્યનાં અવતરણો આપે એટલુંજ નહિ પણ કોઈ સ્થળે આગ્રહપૂર્વક ચાણક્યને અનુકૂળ જ કામન્દકનો અર્થ કરે તેમા તો નવાઈ નથી; પણ મનુસ્મૃતિના ટીકાકારો મેધાતિથિ અને કુલ્લુક પણ ચાણક્યને પ્રમાણભૂત માને છે. કિરાતાર્જુનીયનો ટીકાકાર ચિત્રભાનુ પણ કિરાતના અર્થગૌરવના ગર્ભમા કૌટિલ્યના નીતિવચનો જુવે છે. આ ટીકાકારની ચર્યાપદ્ધતિ જોતા લાગે છે કે તે મલ્લિનાથ પછીનો હોવો જોઇએ એટલે કે સંસ્કૃત વાઙ્મયની ઉતરતી દશામા ચાણક્યની અસર આપણે કેટ સુધી જોઇએ છીએ.

હવે મારે આ અર્થશાસ્ત્રના ગ્રન્થ ઉપરજ બોલવાનું રહે છે. પણ તે પહેલા મારે કેટલુંક કહેવાની જરૂર છે. હજુ હું આ મહાગ્રન્થના અભ્યાસની પ્રારંભદશામા જ છું. એટલામા આવા વિશાળ વિષય ઉપર કંઇ કહું તે ધૃષ્ટતા જ ગણાય. ખરી રીતે તો જે જે દષ્ટિબિન્દુથી હું અભ્યાસ કરવા માગું છુ તે તે દષ્ટિબિન્દુઓ જ અત્રે હું લખવા માગું છું. હજુ એ સિદ્ધ અનુમાનની કોટિના વિચારો નથી. ચાણક્ય એવો મહાન્ પુરૂષ હતો કે શરૂઆતમા તેના નામથી જ અભ્યાસીને મુશ્કેલીઓ ઉભી થાય છે. તેના નામ આસપાસ

[illegible]

[illegible]

[illegible]

३ वर्णसंघातः पदम्। तच्चतुर्विधम् नामाख्यातोपसर्ग-निपाताश्चेति।

હવે બાકીના વિભાગને અમુક મુદ્દાપૂરતા જ જોઈએ.

૧ વિદ્યાઓ, ૨ સમાજ વ્યવસ્થા, ૩ કાયદા કાનૂન, ૪ રાજકારણ.

અર્થશાસ્ત્રમાં પ્રથમ જ કૌટિલ્ય વિદ્યાઓનાં નામો ગણાવે છે. તેના પહેલાં કોઈએ એક, કોઈએ બે, કોઈએ ત્રણ વિદ્યાઓ ગણાવેલી છે. કૌટિલ્ય ચાર ગણાવે છે. આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ. આન્વીક્ષિકી એટલે ફિલસૂફી, તેમાં સાંખ્ય, યોગ અને લોકાયતનો તે સમાવેશ કરે છે. સાંખ્યનો અર્થ જાણીતો છે. પણ યોગનો અર્થ અહીં નૈયાયિક થાય છે. પ્રો. યાકોબી આ બાબત બારીકીથી સ્પષ્ટ નહિ સમજવાથી કેટલીએક ભૂલ કરે છે. જૈન શાસ્ત્રોમાં યોગ શબ્દ નૈયાયિક અર્થમાં વપરાય છે, અને ચાણક્યનો અર્થ કરવામાં જૈન શાસ્ત્રના તમામ વર્ણનોની [illegible] મદદ મળી એટલે એ [illegible] અભિપ્રાય થયો છે. સાંખ્ય યોગ પછી લોકાયત આવે છે. લોકાયત એટલે આપણે વેદવિરોધી ચાર્વાકનો મત સમજીએ છીએ. જૈન અને બૌદ્ધનો [illegible] ચાણક્ય પાખંડ શબ્દથી કરે છે અને આન્વીક્ષિકીમાં તેનો સમાવેશ નથી; એ એમ બતાવે છે કે વેદવિરોધી દર્શનોને તે [illegible] સ્થાન આપવા માગતો નથી. ત્યારે આ લોકાયત [illegible] દર્શન સ્થપાયું તે પહેલાં તે દર્શનના વિચારો, [illegible] અને [illegible] પ્રચલિત હતા અને [illegible] એવો મારો અભિપ્રાય છે. [illegible] લોકાયતનું [illegible] લોકાયતના વિચારો આપણે [illegible] એમ માનીએ છીએ અને તેને આપણે [illegible] કૌટિલ્ય [illegible] આન્વીક્ષિકી [illegible] છે, અને [illegible] सुखदुःख [illegible] છે. [illegible] વિચારો તે સમયે એટલા [illegible] અને [illegible] તેનો [illegible] તે [illegible] પણ [illegible] અને [illegible] આન્વીક્ષિકી [illegible] પણ [illegible] આન્વીક્ષિકી [illegible] આપણે [illegible]

વિષે જાણીએ છીએ તેમ સંગીન હકીકતથી આગળી ભાત પટપટમાં ગુંચાઈ રહેલી નહોતી. ચાણક્ય કહે છે કે धर्माधर्मौ त्रय्याम्। अर्थानर्थौ वार्तायाम्। नयानयौ दण्डनीत्याम्। बलाबले च एतासां हेतुभिरन्वीक्षमाणा लोकस्य उपकरोति, व्यसने अभ्युदये च बुद्धिं अवस्थापयति, प्रज्ञा वाक्यक्रियावैशारद्यं च करोति,

प्रदीपः सर्वविद्यानाम् उपायः सर्वकर्मणाम्।
आश्रयः सर्वधर्माणां शश्वदान्वीक्षकी मता॥

"ત્રયીમાં ધર્મ અને અધર્મનું, વાર્તામાં અર્થ અને અનર્થનું દણ્ડનીતિમાં નીતિ અને અનીતિનું અને તેમના બલાબલનું હેતુપુરઃસર અન્વીક્ષણ કરીને આન્વીક્ષકી લોકોને ઉપકારક થાય છે, વ્યસન અને અભ્યુદયમાં બુદ્ધિને સ્થિર કરે છે અને બુદ્ધિ, વાણી તથા કર્મનું નૈપુણ્ય આપે છે. તે સર્વ વિદ્યાનો પ્રદીપ, સર્વ કર્મનો ઉપાય, સર્વ ધર્મનો આશ્રય સદા ગણાય છે." Logic is the science of all sciences એ સિદ્ધાન્ત અહીં બહુજ શાસ્ત્રીય રીતે મૂકેલ છે. પ્રો. યાકોબી બતાવી આપે છે કે ન્યાયસૂત્રની ટીકામાં વાત્સ્યાયન આન્વીક્ષકીનો અર્થ ધર્મશાસ્ત્રના વાક્યોનું પરીક્ષણ એવો કરી આન્વીક્ષકીનું ક્ષેત્ર ટુંકું કરે છે.

વિનયનો હેતુ ઇન્દ્રિયવિજય છે. સર્વ ધર્મશાસ્ત્રનો એજ ઉદ્દેશ છે. પણ અહીં પણ ચાણક્યનું ડહાપણ આપણે જોઇએ છીએ. ષડ્રિપુનો ત્યાગ કરવો, પરસ્ત્રી દ્રવ્ય અને હિંસા વર્જવી; પણ સાથે કહે છે કે ધર્મ અને અર્થને વિરોધ ન આવે એવી રીતે કામ સેવવો. ઇન્દ્રિયજયનો અર્થ એવો નથી કે દેહ કષ્ટ કર્યા કરવું. કૌટિલ્ય સ્પષ્ટ લખે છે કે न हि निःसुखः स्यात् "પણ નિઃસુખ ન થવું." ધર્માર્થને બાધ ન આવવો જોઇએ એજ સુખોપભોગમાં યાદ રાખવું.

તે વખતના ધર્મ વિષે થોડું લખી આ વિષય પૂરો કરું. અનેક દેવોની પૂજા તો હતીજ. મંદિરો હતાં. જૈન અને બૌદ્ધ ધર્મ તે વખતે ચાલતો હતો એનો દરેક વિદ્યાર્થી જાણેજ છે. કૌટિલ્યને કોઇ ધર્મ ઉપર દ્વેષ નથી. તે ચાણ્ડાલો અને પાખણ્ડોને ગામ બહાર વસાવે છે એ ખરૂ, પણ પાખણ્ડને દૂર વસાવવાનું કારણ તેમનો પોતાનો ધર્મ છે, તેમના તરફ દ્વેષ નથી. કારણ કે રાજાએ ફરિયાદો સાંભળવામાં દેવતા, પાખણ્ડ, શ્રોત્રિય અને પશુપુણ્યસ્થાનના

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] છે અને [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible], આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] અને [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] "[illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે." આ [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કુટુંબોનું ગામ વસાવવું.[1] આયાત[2], નવી ભૂમિ માટે તેમાં આનુષંગિકવાળી [illegible] કે દશથી વીસથી [illegible] કૌટિલ્ય [illegible] છે કે તેમ દશ [illegible] તેમ [illegible]. કારણ કે તેમાં [illegible] થઈ છે અને તે રક્ષણથી રહે છે. કૌટિલ્યના રાજ્યમાં [illegible] માટે કર આપનારા અને નહિ આપનારાના ગામો જુદાં વસતાં. કૌટિલ્ય કહ્યા પ્રકાર પ્રમાણે ગામના ચાર વર્ગો પાડે છે.[3] નદી જમીન-વાળાં, આયુધીય એટલે કરને બદલે લશ્કરી નોકરી કરનારાં, [illegible] ઢોર [illegible] કર આપનારાં, કરને બદલે [illegible] અને ઘી દૂધ આપનારાં. આમાં એક ગામનો [illegible] ગામમાં રહેતા [illegible] શકતો નહિ.[4] બ્રાહ્મણ પોતાને દાનમાં મળેલી જમીન પોતાના જેવી જમીન [illegible] વેચી શકતો અને નદી જમીનવાળો પણ નદી જમીન [illegible] વેચી શકતો.

કૌટિલ્ય કહે છે કે ગામમાં આરામ કે વિહારની શાળાઓ ન બંધાવવી. નટ નર્તક ગાયક વિગેરેને પણ વસવા ન દેવા, કારણ કે તેથી ખેતીને નુકસાન થાય છે.[5] ગામને માટે [illegible] તથા [illegible] તથા તળાવ ખાસ બાંધવા.[6] તળાવ [illegible] રાજ્ય તરફથી વસ્તુઓની તથા [illegible] મદદ આપવી. પોતાના રાજ્યના [illegible] અથવા બીજા રાજ્યોમાંથી વસ્તી લાવી વસાવવી. [illegible] વિગેરેને નદી જમીન [illegible] કાઢી આપવી. ગામના [illegible] અને [illegible]; [illegible] અને [illegible] પણ. [illegible] વિગેરેને માટે [illegible]

[illegible] કરી હતી.[7] [illegible] પોતાના [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

હતો અને જુદા જુદા દેશના વાર્ષિક વરસાદનું માપ કૌટિલ્યે આપેલ છે. બીજાં કેવી રીતે વાવવાં તે પણ તે જણાવે છે. તેના કાલમાં શાળ, વ્રીહિ, કોદરા, તલ, મગ, અડદ, કસુંબી, મસૂર, કળથી, જવ, ઘઉં, વટાણા, અળસી, સરસવ વિગેરે બધાં ધાન્યો વવાતાં. શાળ ઊગે તે સૌથી શ્રેષ્ઠ, શાક ઊગે તે મધ્યમ અને શેરડી ઊગે તે જમીનને કૌટિલ્ય કનિષ્ઠ કહે છે. કામ કરનારા માણસોને પોતાના કામ પ્રમાણે અનાજ મળવાની વ્યવસ્થા હતી; અને શ્રોત્રિય અને તપસ્વીઓને પુષ્પ અને વરી મળતાં અને ઉચ્છવૃત્તિવાળાઓ ખળામાં બાકી રહેલા દાણા લેતા. કૌટિલ્ય કહે છે કે "સમયપ્રમાણે પાક થતો જાય તેમ તેમ તે લેતાં જવો. ખેતરમાં પરાળ પણ પાડ્યું રહેવા દેવું નહિ. લણેલા ધાનના ઊંચા ઢગલા—ઓઘા કરવા. અને તે નજીક નજીક ન કરવા. ખળાં એક સાથે કરવાં અને તેમાં કામ કરનારાઓએ પાણી રાખવું અને અગ્નિ વિના રહેવું.

ખેતીની જમીન ખેડુતને પોતાના આયુષ્ય સુધીને માટે અપાતી. કોઈ ખેડે નહિ તો તેની જમીન બીજાને આપવી. કર સંબંધી માફી કે રાહત વિગેરીને ફાયદો થાય તેવી રીતે આપવાં. નવી જમીન ખેડાણમાં લે તેનો કર માફ કરવો.[1] અને એવી રીતે કર માફ થયેલા ખેડુતો તરફ પછી પણ મીઠી નજર રાખવી.[2]

ઢોરને માટે પણ કૌટિલ્ય કાળજી બતાવે છે. બધાં ઢોરોની સંખ્યા રાજ્યમાં રહેતી. ખેતીને સર્પનો ઘણો ભો હતો એમ કૌટિલ્ય લખે છે, એટલે સર્પથી ઢોર બહુ મરતાં હશે એમ લાગે છે. અને હાલ પણ બંગાળા તરફ સર્પનો ઘણો ભો છે તે આપણે જાણીએ છીએ. ઢોરને માટે ખાસ એક અમલદાર ગોઅધ્યક્ષની નીમણુક થતી. દૂધ દોહવા સંબંધી કૌટિલ્ય કહે છે કે વર્ષા, શરદ અને હેમન્ત કાલમાં ઢોર બે વાર અને શિશિર, વસન્ત અને ગ્રીષ્મકાલમાં એક-વાર દોહવાં. આ નિયમનો ભંગ કરનારને અંગુષ્ઠચ્છેદની શિક્ષા થતી.[3]

કૌટિલ્યના કાળમાં પણ વેઠનો રિવાજ હતો. પણ આ વેઠ દરેકને માથે હોય એમ જણાતું નથી. કરને બદલે વેઠ લેવાતી. આગળ જુદાં જુદાં ગામોના જે વર્ગો ગણાવ્યા તેથી એમજ જણાય છે કે કરને બદલે વેઠ આપનારા ગામોજ જુદા વસતા હશે. વેઠને

૧. ૨,૯. ૨. ૨,૧. ૩. ૨,૨૯.

લીધે રૈયતને રંજાડ ન થાય માટે સાવચેત રહેવા કૌટિલ્ય કહે છે:
"કપટ, વેઠ, કરથી કૃષિને બાધ થતો અટકાવવો."

જગાએ સાધનાના દોષાદોષની ઉપેક્ષા પણ આપણે જોઈ. તે ઘણો યુક્તિબાજ છે અને કાર્ય સાધવામાં એકેય યુક્તિ જતી કરે તેવો નથી. આ ઉપરથી કેટલાએક પાશ્ચાત્ય ઇતિહાસકારો તેને પૂર્વનો મૅકિઆવેલ કહે છે. આ માત્ર ચાણક્યના નામને જ નહિ પણ સમસ્ત પૂર્વ સંસ્કૃતિને અન્યાય કરવા જેવું છે. એ ફ્લૉરેન્સના રાજનીતિજ્ઞની કારકીર્દિનો કાલ પંદરમા સૈકાનો અંત અને સોળમાની શરૂઆત હતો. તે વખતે ફ્લૉરેન્સની રાજસત્તા પડતીમાં હતી. જુલમી રાજસત્તા અને લોકસ્વાતંત્ર્ય વચ્ચે હારજીતના અનેક વિગ્રહો ચાલી છેવટે જૂની જુલમી રાજસત્તા વિજયવાન થઈ હતી. પડતીનાં સઘળાં ચિહ્નો અને પરિણામો લોકોમાં પ્રસરેલાં હતાં. તે સમયે નિરંકુશ સત્તાની પૂજા થતી હતી, ગમે તે રીતે ફાવવું એજ કૃતકૃત્યતા મનાતી હતી; અત્યાચારમાંજ શ્રદ્ધા હતી; આત્મરક્ષણ કરતાં વેર વધારે મીઠું લાગતું હતું; બુદ્ધિએ નીતિ અને ધર્મ સાથે છૂટાછેડા કર્યા હતા; બુદ્ધિશાળીને નીતિનું દૃષ્ટિબિન્દુજ ન હોઈ શકે એમ લોકો માનતા હતા. દગો, અત્યાચાર, અવિશ્વાસ, કૃતઘ્નતા, લોલુપતા અને સ્ત્રીલંપટપણું એ સમાજની મુખ્ય વૃત્તિઓ હતી. આવા જમાનામાં મૅકિઆવેલે પોતાનું પુસ્તક લખેલ છે. તે પ્રથમ લોકપક્ષમાં હતો અને લોકતંત્રનાં જુદાં જુદાં ખાતામાં તેણે અધિકાર ભોગવ્યો હતો. પોતાના પક્ષની હાર થયા પછી જુલમી રાજસત્તા પાસેથી અધિકારીનું પદ મેળવવાની લાલચથી, પોતાનો રાજ્યકારણી અનુભવ બતાવવા તેણે અર્થશાસ્ત્ર લખ્યું હતું. તેનો આદર્શપુરુષ સીઝર બોર્જિઆ હતો. આર વરસ લોકોમાં ઉત્પાત કરી અનેક વિગ્રહો, કાવતરાં, ખૂન કરી ધૂમકેતુની પેઠે તે ઇતિહાસમાંથી નષ્ટ થઇ ગયો છે. એનો પ્રત્યક્ષ અનુભવ મૅકિઆવેલિને હતો. મૅકિઆવેલે કૌટિલ્યની પેઠે કલ્પના અને શાસ્ત્રના પોકળ વાદવિવાદમાંથી અર્થશાસ્ત્રનો ઉદ્ધાર કરી તેની અનુભવ ઉપર સ્થાપના કરી તે ખરું, પણ તેને જે માણસનો અનુભવ હતો તેમનામાં ધર્મ કે નીતિ હતાંજ નહિ. તેના મન્તવ્યો છે તે કરતાં ગમે તેટલા વિશાળ ક્ષેત્ર ઉપર વિસ્તાર કરશો તોપણ તેમાં ક્યાંઈ નીતિ આવે નહિ. ચાણક્ય તો શાસ્ત્રની શરૂઆતમાંજ પ્રતિજ્ઞા કરે છે કે અર્થકામ અને ધર્મના અવિરુદ્ધ જોઇએ. ગણતંત્રોના વ્યવહારમાં પણ તે સત્યનેજ મોટી વાત માને છે. લોકમાં માત્સ્યન્યાય ન પ્રવર્તે, સબળો નબળાને ન ગળી જાય માટેજ દંડની જરૂર

તેજ વંશને ઉપેક્ષા પામેલ અંકુર વાવી તેને ઉછેર્યો અને તેમાંથી હિંદનું મોટું યશસ્વી અને ગૌરવવાળું મૌર્ય સામ્રાજ્ય ફાલ્યું જેણે યુનાની પરાજયનો અપયશ ધોઇ નાખ્યો. ઇતિહાસના મહાવીરોની જે પાની શત્રુ તરફથી હારથી થાય છે તે કરતાં પોતાના વિજયના મદથી અને તેથી કરેલ મર્યાદાના ઉલ્લંઘનથી વધારે થાય છે. આનો અંશ પણ ચાણક્યમાં નહોતો. તેણે રાજ્યની લગામ માત્ર પ્રધાનને આપવા પુરતીજ પોતાના હાથમાં રાખી અને એ પ્રધાનનું મન જીતી લીધા પછી પાછો પોતે શાન્ત્રમનનમાં પડ્યો અને તેમાં પણ તેટલોજ યશ મેળવ્યો.

ઇતિહાસમાં આવા મહાપુરુષો કોઇક વારજ ઉદ્ભવે છે. જગત બધું સર્વકાલ મહાપુરુષો માટે ઝંખના સ્પર્યાજ કરે છે, પણ હાલના સમયમાં જાણે જગત બહુજ આર્તનાદથી તેની ઝંખના કરતું જણાય છે. અત્યારે પણ આખું જગત અનેક ધાધી ચીરાએલું, રૂધિરથી ખરડાએલું પડ્યું છે. તેના વિજ્ઞાનની પ્રગતિથી માત્ર તેને વધારે ઊંડા અને કારી ઘા વાગ્યા છે. પ્રજાને ઝાંખું ઝાંખું સમજાયું છે કે પોતે જે પરંપરાગત હિંસાના હથિયારથી લડે છે તે શસ્ત્ર ખરું નથી, તે સમગ્ર જનતાનું વિનાશક છે, અને છતા જીવપર આવીને લડવા સિવાય તેને બીજું કશું સુઝતું નથી. પ્રજાઓ સમજવા માંડી છે કે સાંકડા અને દ્વેષીલા પ્રજાત્વના સિદ્ધાન્ત ઉપર ઘડાએલું આ જીવનશાસ્ત્ર અને રાજનીતિ બન્ને ખોટાં છે અને છતા તેમાથી છૂટી નવો માર્ગ જડતો નથી. પ્રજા પ્રજા વચ્ચે મરજીયાત પડી જાય છે અને વૈરજ સર્વત્ર સામ્રાજ્ય ભોગવે છે. લોભી પ્રજાઓ વધારે ને વધારે આસાત્મક પદ્ધતિ ચલાવે છે અને પરવશ પ્રજાઓ વધારે ખારીલી બની જાય છે. આ વખતે પણ આ જગતના શસ્ત્રનો ઉદ્ધાર કરનાર, જીવનશાસ્ત્રને માટે કોઇ વધારે સાત્વિક અને છતા પ્રગતિકર સિદ્ધાન્ત પ્રકાશમાં લાવનાર અને ધરણીને ગળી જનારી લોભી રાજ્યોમાંથી બચાવનાર વીરની કેટલી જરૂર છે! આ એકજ મહાપુરુષ કરી શકે તેજ ધાવ તેમાં તો સંશય નથી; કારણ કે એ ત્રણેય સવાલો ઓતપ્રોત ગુંથાએલા છે. આવી રીતે હાલના સમયમાં પણ શસ્ત્ર, શાસ્ત્ર અને લોભથી મુંઝાતી ધરણીના અમર્યાદ ઉદ્ધાર થવાની જરૂર છે. કોઇ મહાપુરુષ આ કાર્ય કરે છે કે કરશે તે તો ભાવિ ઇતિહાસજ કહી શકે.

४. उमर खय्याम

અધ્યાપકઃ—મૌલવી અબ્દુલ ઝફર નદવી

સહૃદયસભ્યો,

આજની સભા શા માટે ભરવામાં આવી છે, તેથી આપ સર્વ માહેર છો એટલે એ વિષે ફરીથી યાદ દેવડાવવાની જરૂર નથી. છતાં એટલું કહેવું હું જરૂરી સમજું છું કે જે શખ્સની હાલત અને વાણી સાંભળવા આપ સર્વ ઉત્સુક છો એ શખ્સ એટલો ઉંચા દરજ્જાનો છે કે મારા જેવો નાલાયક માણસ એના સંબંધમાં બોલવા ઉભો થાય એ કેવળ ધૃષ્ટતા છે. મારી નાલાએકિયતના (આ એકરાર સાથે હું એ પણ કહેવું જરૂરી સમજું છું કે મારો અત્યારે એવા શહેરમાં મુકામ છે કે જ્યાં હું મુસાફર જેવો છું; ન તો અહીંઆ મારી પાસે કિતાબો છે જેની હું મદદ લઇ શકું, ન તો અહીંઆ મારૂં મિત્રમંડળ એવું વિશાળ છે જે મને મદદ આપી શકે. અફસોસની વાત છે કે અહમદાબાદમાં જે કિતાબખાનાં (પુસ્તકાલયો) છે અને જ્યાં હું જઇ શક્યો છું તે સર્વે આ અલભ્ય, અણમોલા રત્નથી વંચિત છે. આથી આજે હું જે કાંઈ કહીશ તેમાંનો ઘણો ખરો ભાગ મારી સ્મૃતિ પર આધાર રાખતો હશે. ખાસ કરીને મારી નાદુરસ્ત તબિયત અને બીજી ગડમથલને લીધે મારી પાસે રૂબાઇયાતનો જે ગ્રન્થ પડ્યો છે તેની પર પણ હું પૂરૂં ધ્યાન આપી શક્યો નથી. આથી સંભવિત છે કે આપ જેવી આશા કરીને આવ્યા છો એવું મારૂં વ્યાખ્યાન રસમય નહિ થાય. એમાં ઉમર ખય્યામનો દોષ નથી, એ તો મારી નાલાએકિયતનો દોષ છે, એથી આપ ઉમર ખય્યામ વિષે કાંઈ ન ધારી બેસતા. ઉમર ખય્યામની ઉંચી ફીલસુફી અને જ્ઞાનમય પ્રકૃતિ સ્વયં પ્રકાશિત છે, એને બીજાના પ્રકાશની કે તારીફની જરૂર નથી. જે કોઇ કવિતાની અને સાચા જ્ઞાનની લિજ્જત જાણતો હશે, ઉંચી ફીલસુફીનો જે કોઇને સ્વાદ હશે તે એના વિચારો અને પૌઢીક રચનાઓ પર નજર કરતાંજ બતાવી શકશે કે તે કેવો ઉંચા દરજ્જાનો આદમી છે. પ્રભુની ઇચ્છા હશે તો ડીસેમ્બર માસ એની રૂબાઇયાતની એક સટીક, ઉમદા આવૃત્તિ બહાર પાડવાની હું કોશિશ કરીશ.

હતા ત્યારે હસનબિન સબ્બાહે એક દરખાસ્ત રજુ કરી. અમે ત્રણેએ તેનો સ્વીકાર કર્યો, અને તે સર્વાનુમતે મંજૂર થઇ. હસનબિન સબ્બાહની દરખાસ્ત એ હતી કે 'આ વાત મશહૂર છે કે આ યુનિવર્સિટીમાંથી તાલિમ લઇ જે વિદ્યાર્થીઓ બહાર પડે છે તે સર્વે નસીબદાર હોય છે. સંભવિત છે કે અમે ત્રણે જણ એવા નસીબદાર ન હોઇએ, પણ અમારામાંથી એક તો જરૂર નસીબદાર થવાનો. આથી અમારામાંથી જે કોઇ પહેલો નસીબદાર થાય અને ઉંચો દરજ્જો પ્રાપ્ત કરે તેણે બાકી રહેલાઓને - એમનો હાથ પકડી મદદ કરવી.' "

ઉમર ખય્યામ પોતાના અભ્યાસમાં જ પરોવાયેલો રહેતો. કેટલાયે વર્ષ લાગલાગટ મહેનત કર્યા પછી એ યુનિવર્સિટીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો અને યુનિવર્સિટીમાંથી ફતેહમંદીની સાથ બહાર પડ્યો. એ યુનિવર્સિટીમાં રહીને એણે કુરાને પાક, હદીસ શરીફ (પયગમ્બર સાહેબની વાણી), ઉસલ (સિદ્ધાન્ત ગ્રન્થ), મન્તક (તર્કશાસ્ત્ર), ફીલસુફી, તવારીખ, સાયન્સ (વિજ્ઞાનશાસ્ત્ર), અંકગણિત, અલજબ્રા, નજૂમી (જ્યોતિષ વિદ્યા) વગેરેની ઉંચી શિક્ષા પ્રાપ્ત કરી.

જીવનબાર—શિક્ષા ગ્રહણ કર્યા બાદ ઉમર ખય્યામ જૂદા જૂદા સ્થળે પોતાનું નસીબ અજમાવતો રહ્યો. અચાનક એના કાન પર વાત આવી કે એનો સાહાધ્યાયી હસન તુસી કોઈ ઉંચા દરજ્જાને પર પહોંચી મોટો આદમી બની બેઠો છે. પેલા કરારનામાની વાત એના દિલમાં તાજી જ હતી. તે તુરતજ એને યાદ આવી. અને તે હસન તુસીની આગળ આવી ખડો થઇ ગયો. નિઝામુલ્મુલ્ક એક આલી ખાનદાન અને કદરદાન માણસ હતો. એણે પણા પ્યારથી ઉમરને બોલાવ્યો, અને એને કેટલાયે હોદ્દા બતાવ્યા પણ એણે લેવાની ના પાડી. મારા સમજવા મુજબ આ ઇન્કારનાં કેટલાક કારણો છે. એક તો ઉમર ફીલસુફ મગજનો માણસ હતો એથી રાજદરબારના ગડબડ અને ખટપટમાં પડવાનું તે પસંદ ન કરે, પણ પોતાના ગામના અલ્પ જ્ઞાની મનુષ્યોમાં જ ફરવાનું પસંદ કરે એ સ્વાભાવિક હતું. બીજું કારણ એ પણ હોય કે એણે હસન બિન સબ્બાહના વાત સાંભળી હશે કે એ કેવી રીતે નિઝામુલ્મુલ્ક પાસે આવ્યો અને મોટા હોદ્દા પર પહોંચ્યો, ત્યાં

પાછળથી તે કેવો અવગુણી નીકળ્યો! આથી એણે એવો મત બાંધ્યો હશે કે ચાર દિવસની સાહ્યબી કરતાં હરરોજની ગૃહસ્થી સારી છે. કદાચ આમ સમજીને જ એણે નિઝામુલ્મુલ્કને કહ્યું: "જો આપ મને આપની છત્રછાયા નીચે કોઇ એવી જગા આપો જ્યાં રહી હું મારૂં જ્ઞાન વધારી શકું તથા લોકોમાં એનો ફેલાવો કરી શકું તે આપની મારા પર મોટી કૃપા થશે; એ જગા પર રહી હું આપની સુખસંપત્તિ માટે પ્રભુને પ્રાર્થના કરતો રહીશ." નિઝામુલ્મુલ્કે પણ એની અરજને ધ્યાનમાં લેઇ ૧૨૦૦ સોનામહોરનું એને વર્ષાસન બાંધી આપ્યું. ઉમર ખય્યામની જીંદગીનો મોટો ભાગ નેશાપુરમાં જ વ્યતીત થયો. એ અતિસંતોષી અને ધીર માણસ હતો. એનું જ્ઞાન અને ફીલસુફી ઉંચા દરજ્જાનાં હતાં. આને લીધે જ એણે રાજકાજમાં માથું માર્યું નહિ; કારણ કે એને ખુશામદ અને ચાપલુસીની ભારે ચીડ હતી. આથી પોતે એકાંતમાં બેસી જ્ઞાનના ફૂટ પ્રશ્નોનો ઉકેલ કરતો રહ્યો. આને લીધેજ એના કોઈ કાવ્યમાં બાદશાહ કે અમીરોનું યશોગાન નજરે ચઢતું નથી, અને આવાં યશોગાન માટે પોતાની રૂબાયાતમાં એ વારંવાર પોતાનો ધિક્કાર જાહેર કરે છે.

ઉમર ખય્યામના સહાધ્યાયી હસન બિન સબ્બાહને મીસરમાથી હાંકી કાઢી આફ્રીકા તરફના જહાજ પર સવાર કર્યો. દૈવવશાત્ એ જહાજ તોફાને ચઢયું, સર્વે મુસાફિરો ગભરાઇ ગયા અને એમના જીવ તાળવે ચોંટયા. સર્વેએ જીવવાની આશા છોડી દીધી, પણ હસન ખુશમિજાજનું પૂતળું બની તુતકપર બેઠો હતો. એના કપાળપર કરચલી સરખી પડી નહોતી. લોકોએ એના ખુશમિજાજનું કારણ પૂછ્યું. એટલે એણે કહ્યું કેઃ "મને ખાત્રી છે કે જહાજ ડૂબવાનું નથી." ખુદાની પણ એવી જ મરજી હતી. જહાજ ડૂબતાં બચી ગયું અને લોકો તાજ્જુબ થયા. આ બાબતની ચર્ચા આખા દેશમા ચાલી અને ઉમર ખય્યામને કાને પણ પહોંચી. થોડા વખત પછી હસન બિન સબ્બાહ સાથે ઉમર ખય્યામનો ભેટો થયો. એણે હસનને એ સુવિખ્યાત ઘટનાનો અહેવાલ પૂછ્યો. હસને જવાબ આપ્યોઃ "આ બાબતના બેજ ખુલાસા હોઇ શકે. જહાજ ડૂબે કે ન ડૂબે. જો જહાજ ડૂબી ગયુ હોત તો મને પૂછવા કોણ આવનાર હતું? અને ન ડૂબે તો હું સાચો ઠરૂં." અને થયું પણ તેમજ.

પણ આ બધી દુર્ભાગ્યની વાતો હતી તેથી ઉમર ખય્યામને એ બધું સાંભળી ધિક્કાર વછૂટ્યો. ઉમર ખય્યામને ફીલસૂફીનો ભારે શોખ હતો, પણ એ જમાનામાં ફીલસૂફને મોટા શંકાની નજરે જોતા. આથી વિદ્વાન માણસો ફીલસૂફી તરફ ઓછું લક્ષ આપતા. ફીલસૂફી તરફ સૌથી પ્રથમ લક્ષ આપનાર પુરૂષ ઈમામ ગઝાલી છે. એમણે ફીલસૂફીનાં તમામ પુસ્તકો વાંચીને એનું ખંડન કર્યું.

ઉમર ખય્યામ ફીલસૂફીની પ્રકૃતિનો માણસ હતો અને એનાજ પ્રશ્નોનો ઉકેલ કર્યા કરતો, એથી લોકોની નજરમાં એ દહેરાર માણસ ગણાતો. અચાનક એકવાર ઈમામ ગઝાલી અને ઉમર ખય્યામનો ભેટો થઇ ગયો, અને ફીલસૂફીના એક પ્રશ્ન પર વિવાદ ઉપસ્થિત થયો. જોહરની અઝાં (નમાજ) થઇ ગયા પછી ઈમામ ગઝાલી એમ બોલતો બોલતો ઉભો થયો “ ઝિ જા અલ હક્કો વ ઝહકલ બાતેલ ઇન્નલ બાતેલ કાન ઝહુકા.” (સાચી વાત આવી અને જૂઠી વાત જતી રહી; બેશક જૂઠી વાત મજબુત રહી શકતી નથી.) અફસોસની વાત છે કે મુઅઝ્ઝનની (અઝાં પોકારનારની) આ હરકતના બાંગે બે બુદ્ધિમાન પુરૂષોને સામસામે લીંતા અટકાવ્યા.

સુલતાનોની મુલાકાત—ઉમર ખય્યામ આમ લોકોની સાથે ઝાઝો સંબંધ નહિ રાખતો; તેને અમીરો, વઝીરો કે સુલતાનોના દરબારમાં બે હાથ જોડી ઉભા રહેવાની આદત ન હતી, ન તો તે સંસારત્યાગી સન્યાસીના માફક બિલકુલ વિરાગી હતો. કામ પડ્યે તે સુલતાનોના દરબારમાં જતો, અને વઝીરોને પણ મળતો. આથી જ મલેકશાહ સલજૂકીના દરબારમાં તે આપણને જન્માક્ષરનું ટીપણું ઉકેલતો વારંવાર નજરે પડે છે. મલેકશાહ એને સરખી દેડીના દોસ્તની માફક રાખતો. કોઇ કોઇ વાર તે નિઝામુલ્મુલ્ક તૂસીની સાથે સલાહ મસલત કરવા પણ જતો. અમીરો અને વઝીરો એની સાથે બરોબરીઆનો વર્તાવ રાખતા. શમસુલ મલેક ખાકાન બુખારી તો એને પોતાના તખ્ત પર પોતાની સાથે જ બેસાડતો. પણ આ બધી મુલાકાત અને સબંધ એના જ્ઞાનસંચયના કાર્યમાં મદદ મળતી ત્યાં સુધી જ તે રાખતો, અને એથી પોતાની અભ્યાસની પ્રવૃત્તિને જરાયે આંચ આવવા દેતો નહિ. એની રૂબાઇ-

દાખલો એકદમ બેસી જતો. પોતે ખૂબ મહેનત કરી અલજીબ્રાનું એક નવું પુસ્તક બહાર પાડયું અને એનું નામ "જેબ્રો મુકાબલા" (અલજીબ્રા) રાખ્યું. આ પુસ્તક અસલ અરબ્બી ભાષામાં છે. એનું ફ્રેન્ચ લોકોએ ઇ. સ. ૧૯૦૫ માં ભાષાંતર કરી ફ્રેન્ચની સાથે મૂળ પુસ્તક છપાવ્યું છે. અફસોસની વાત છે કે આ પુસ્તક પૂર્વના દેશોમાં મળવું ઘણું મુશ્કેલ છે. મને યાદ આવે છે કે આ પુસ્તકની એક આવૃત્તિ લખનૌની નદવા કોલેજમાં ઇ. સ. ૧૯૧૧માં મેં જોઇ હતી.

ગૃહસ્થો, મેં શરૂઆતમા જ જણાવ્યું છે કે ઉમર ખય્યામને જ્ઞાનની વિવિધ શાખાઓ પર અભિરૂચિ હતી. જેવો એને અલજીબ્રાનો ભારે શોખ હતો તેવો જ તેને એસ્ટ્રોનોમી યાને ઇલ્મે નજૂમી (જ્યોતિષવિદ્યા)નો ભારે શોખ હતો. પોતે એ વિદ્યામાં પારંગત થયો હતો, અને એના હિસાબોની ગણતરી એની આંગળીના વેઢે હતી. એ વિદ્યાનો એણે ઘણો ઉંડો અભ્યાસ કર્યો હતો, અને વિવિધ દૃષ્ટિબિન્દુથી એના કાયદા કાનૂનો અને નિયમોને ઉલટાવી ઉલટાવીને તપાસ્યા હતા. તે જમાનાના પ્રચલિત નિયમો પણ એણે નજર તળે કાઢી નાખ્યા હતા, એથી એના બનાવેલા જન્માક્ષર બીજાઓના કરતાં વધારે સાચા પડતા.

આપે કદાચ 'સને જલાલી'નુ નામ સાંભળ્યુ હશે. એ શોધ જલાલુદીન મલેકશાહ સલજૂકીના પ્રયાસથી થઇ હતી, અને એ શોધ કરનાર પણ આપણા નામવર હકીમ ઉમર ખય્યામ જ હતા. મલેકશાહના દિલમા એમ થઇ આવ્યુ કે દિવસોની વધઘટ થતી હોવાથી પંચાગમા સુધારો થવો જોઇએ છે. આ માટે એણે આઠ જ્યોતિષવિદ્યાના વિદ્વાનોનુ કમિશન નીમ્યુ અને ઉમર ખય્યામને એ સૌનો ઉપરિ નીમ્યો. ઉમર ખય્યામે ખૂબ વિચાર કરી, સરવાળા બાદબાકી મિલાવી, એક નવું પંચાગ શોધી કાઢયું અને એની સાલને 'સને જલાલી'નુ નામ આપ્યું. આજ સુધીયે 'સને જલાલી'નું નામ ચાલતુ આવે છે. આના વિષે એડવર્ડ ગિબન લખે છે કે: "એ જમાનાની ગણતરી જ્યુલિયસ સીઝરની ગણતરી કરતાં પણ ચઢી ગઇ અને ગ્રેગરી (રોમના પોપ)ના પંચાગની બરાબરીએ જઇ પહોચી. જલાલીનું પંચાગ વરસના બરાબર દિવસ મિલાવવામાં અને વધઘટ નહિ રહેવા દેવામા ગ્રેગરીના પંચાગથી કોઇ રીતે ઉતરે તેમ નથી." એણે કેટલાક ભવિષ્યફળ શોધી કાઢયાં છે

'ઝીજે મલેકશાહી' (મલેકશાહીનાં જન્ત્રી) ના નામથી પ્રસિદ્ધ છે. સને ૧૦૮૯ શિયાળામાં બાદશાહને શિકાર જવાનો શોખ થયો. એણે ઉમર ખય્યામને બોલાવી કહ્યું કે: "તમારી જ્યોતિષવિદ્યાથી એવું મુહૂર્ત બતાવો કે વરસાદ ન નડે." ખય્યામે સારૂં ચોઘડીયું જોઇ કાઢી આપ્યું. બાદશાહ શિકાર કરવા નીકળ્યો ત્યાં તો આકાશમાં કાળી ઘેઘૂર ઘટાઓ છવાઇ ગઇ અને સખ્ત તોફાનનાં ચિહ્ન જણાવા લાગ્યાં. બાદશાહ ગભરાયો અને ખય્યામને પૂછવા પાછો આવ્યો. ખય્યામે એને સમજાવ્યો કે: "આપ ખુશીથી પધારો. પાંચ ૭ દિવસ સુધી વરસાદ વરસનાર નથી." અને થયું પણ તેમજ. બાદશાહ શિકાર કરીને પાછો આવ્યો પણ વરસાદનું ટીપું સરખુંયે પડ્યું નહિ. આથી જ્યોતિષવિદ્યાની એની નિપુણતાનો આપણે અંદાજ બાંધી શકીએ છીએ. આ પરથી આપણે સમજી શકીએ છીએ કે એ કેવો પ્રતિભાશાળી પુરૂષ હતો અને એ વિષયમાં કેવું અદ્ભુત જ્ઞાન ધરાવતો. આ ઉપરાંત એણે તબીયાતના (Practical Science) વિષયમાં પણ એક જૂદું પુસ્તક રચ્યું છે. મનુષ્ય જીવનના સંબંધમાં પણ એણે એક પુસ્તક રચ્યું છે. સૃષ્ટિની ઉત્પત્તિક્રમ વિષે પણ એણે એક ખૂબીદાર (સુંદર) નિબંધ લખ્યો છે જે મીસરમાં છપાઇ પુસ્તકાકારે પ્રસિદ્ધ થયો છે. ખય્યામે અસ્ફહાનમાં એક કિતાબ જોઇ. પોતે એ કિતાબને સાદ્યન્ત વાંચી લીધી, અને નેશાપુર આવી એ કિતાબ પોતાની યાદદાસ્તમાંથી લખાવવા બેઠો. લખાવ્યા પછી એની લખાવેલી કિતાબને મૂળ કિતાબ સાથે સરખાવી જોતા એમા બહુ જૂજ ફેરફાર નજરે પડ્યો. આ પરથી એની બુદ્ધિમત્તાનો ખ્યાલ આવી શકે છે. એ ઇલ્મે તજવીદ (કુરાનની આયાતને શુદ્ધ ઉચ્ચારણ સાથે શ્લોકોની માફક ભણવી તે)નો પણ જ્ઞાતા હતો. વઝીર અબ્દુલ રઝાકની મજલિસમાં કુરાને શરીફની એક આયાતના ઉચ્ચારણ સંબંધમાં વિવાદ ઉભો થયો અને ઉમર ખય્યામે એનું નિરાકરણ કર્યુ. આ નિરાકરણ સાંભળી ઇલ્મે તજવીદના આચાર્ય અબુલ હસન ગઝાલી પણ બોલી ઉઠયા: "ઉમર ખય્યામ આ જમાનાના સર્વ કારિયોમાં (કુરાન ભણનારાઓમાં) બેનમુન છે. ખુદાની કોઇના પર કૃપા હોય તો ઉમર ખય્યામ પર હોજો!" ઉમર ખય્યામ કેવળ ફીલસૂફીમાં જ પારંગત ન હતો પણ ખાસ કરીને વિજ્ઞાન (સાયન્સ)નો પણ બડો પ્રેમી હતો. એણે એ વિષયમાં

ઘણી શોધખોળ ચલાવી, અને પોતાની ઉમ્મરનો મોટો ભાગ એમાં જ ગાળી નાખ્યો. એને પાણી શામાંથી બન્યું છે એ જાણવાની ભારે ઉલટ હતી. આ માટે એણે બડી બડી કોશિશો કરી. આખરે એણે ખૂબ મહેનત કરી શોધી કાઢયું કે પાણી ઓક્સિજન અને હાઇડ્રો-જનમાંથી બનેલું છે. એ સાથે લાગી ચીજોને જૂદી કર્યા સિવા પાણીમાં તોળી બન્ને જૂદી જૂદી ચીજોનું વજન કાઢવાનો એણે નિશ્ચય કર્યો. હવા વિષે પણ એણે ખૂબ બારીક શોધખોળ ચલાવી. આ બધી શોધખોળનું પરિણામ એ આવ્યું કે એણે એક અજબ ત્રાજવું શોધી કાઢયું. એ ત્રાજવાને પાણીમાં રાખી એના એક પલ્લામાં સોનાની હીરાજડિત વીંટી મુકવાથી સોના અને હીરાનું બન્નેનું જૂદું જૂદું વજન જણાઇ આવતું. આથી ભાગ તોડ કર્યા સિવાય હજારો રૂપિયાના માલનું મૂલ અંકાતું અને માલ અકબંધ રહેતો. ઉમર ખય્યામને સાહિત્યનો પણ ભારે શોખ હતો. અરબી ભાષામાં એનાં રચેલાં કાવ્યોના થોકના થોક મળી આવે છે.

રૂબાઇયાત—ઉમર ખય્યામને એક ખુશ્ક ફીલસૂફ (શુષ્ક વેદાંતી) સમજવો એ એ નામવર હકીમ (પંડિત) ને સરાસર અન્યાય કરવા જેવું છે. એ માત્ર ફીલસૂફ જ નહિ પણ મોટો સૂફી પણ હતો. મારા આ કથનના સાક્ષી તરીકે એની રૂબાઇયાત મોજૂદ છે. એની રૂબાઇયાતની ખ્યાતિ માત્ર એશિયામાં જ નહિ પણ યૂરપમાં પણ પ્રસરી. એશિયાના કવિવરોએ રચેલાં મસ્તાના કાવ્યોમાં ઉમર ખય્યામની રૂબાઇયાત અનોખી છે. કદાચ ઈરાનમાં તે પહેલો જ કવિ છે જેણે આ અનોખા ઢંગ પર કાવ્ય રચવાનું શરૂ કર્યું હોય. આ કવિની રૂબાઇયાતની કદર એશિયા કરતાંયે યૂરપમાં જ્યાદા થઇ. એશિયાના તમામ કવિવરો કરતાં એની સાથે યૂરપને વધારે મહોબ્બત થઇ; અને એની કદર પણ યૂરપે સૌ કરતાં વધારે કરી. વિલાયતમાં એના નામની કલબ (ખય્યામ કલબ) ખોલવામાં આવી, અને કદાચ એની શાખાઓ બીજા શહેરોમાં પણ ખોલવામાં આવી હોય તો નવાઇ પામવા જેવું નથી. અત્યારે પણ રંગૂનમાં એની કલબ મોજૂદ છે, અને એની ખ્યાતિની શાખ પૂરે છે. એશિયા કરતાં યૂરપમાં આ રૂબાઇઆતની વધારે કદર થઇ એનું કારણ શું છે? આ કારણ વિચારવા જેવું છે. મૂળ કારણ એ લાગે છે કે એશિયાના લોક આ નામવર કવિવરના હાલથી પૂરેપૂરા

બાકી હતા અને એના કલામની ખુબી પોતાની ભાષામાં હોવાથી સારી પેઠે સમજતા. જ્યાં સુધી એમણે યુરપના લોકોને ઉમરના કલામની ખુબી ન બતાવી ત્યાં સુધી તેઓ અંધારામાં જ ફુટાયા. યુરપમાં રૂહાનિયત (Spiritualism-આધ્યાત્મિકતા) દિન પર દિન કમ થતી જાય છે. અને માદ્દિયત (materialism-ભૌતિકતા) નું જોર વધતું જાય છે. આથી સ્વાભાવિક રીતે પરિણામ એ આવે છે કે મજહબ તરફ લોકોની બેપરવાઈ વધતી જાય છે, દહરિયત (નાસ્તિકતા) તરફ તેમનો ઝુકાવ વધતો જાય છે અને એશઆરામ તરફ તેમનું દિલ વધારે ને વધારે ખેંચાતું જાય છે. રૂબાઇયાતમાંનાં કેટલાંક કાવ્ય ઉપલક રીતે આવા વિચારોનું સમર્થન કરે છે એથી યુરપના લોક એમ સમજી બેઠા છે કે ઉમર ખય્યામ એમના જ વિચારનો માણસ છે. યુરપને એની રૂબાઇયાતમાં અપેકુરસ (Epicures), સસરવ (Cicero), સફિક્લ (Syphocles ?) અમ ઝેનુ (Zeno) ના ખ્યાલ નજરે ચઢે છે. તેઓ એમ સમજે છે કે એ લોકોની માફક ઉમર ખય્યામનું પણ એજ કહેવું છે કે: "ખાઓ, પીઓ અને મોજ કરો." તેઓ એમ સમજે છે કે એમની માફક ઉમર ખય્યામ પણ એમ માને છે કે જીંદગીમાં મોજ કરી તે ખરી, આ જીંદગી પછી કાંઈ નથી, કોઈ પૂછનાર ગાછનાર નથી. એમણે એશઆરામ અને મોજશોખના કેટલાક સિદ્ધાન્તો શોધી કાઢયા છે, અને એ પ્રમાણે તેઓ બરાબર અમલ કરે છે. પણ ઉમર ખય્યામના ખ્યાલો પર જરા ઉંડી નજર કરો. શું એના આજ ખ્યાલો છે કે ? આવી વાત બધે યુરપના લોક માની લે, પણ એશિયાના લોક આવી વાત પર ભરોસો કરવા બિલકુલ તૈયાર નથી. એક યુરપીયન લેખકે તો એમ પણ લખ્યું છે કે: "પોતાના દેશબંધુને કોઈ શરાબી કહે એ ભલા કોઈ ઇરાનીને પસંદ હોય કે ?" પણ આમ લખવામા લેખક મહાશયે ભારે ભૂલ ખાધી છે, કારણ કે ઇતિહાસ લખતી વેળા મુસલમાનોએ આવી રવાદારી (પક્ષપાતભરી આલચલગત) કદાપિ પસંદ કરી નથી. ગાલિબ દિલથી શરાબ પીતો હતો. એના જીવનચરિત્રના લેખકે, ખુદ એના જ શિષ્યે, એના જીવનચરિત્રમા સાફ સાફ લખ્યું છે કે એને શરાબની ટેવ હતી. આથી વધારે પુરાવો શો જોઈએ ? સાદી, હાફિઝ, જામી અને બીજા કેટલાયે કવિવરો અને ઉલમાઓના જીવન-

ચરિત્રોના લેખકોએ એમની એબ નહિ છૂપાવતાં બરાબર સચાઇથી બહાર પાડી છે. તો પછી 'દેશબંધુ'ની એબ છૂપાવવાની વાત ક્યાં રહી ? એ તો માત્ર બેહૂદો કટાક્ષ છે. વાત એ છે કે યૂરપમાં આવા ઉંચા ખ્યાલના માણસો બહુ કમ છે. ખય્યામ જે ટોચ પર ઉભો રહી આ ફાની દુનિયા તરફ જોઇ રહ્યો છે એ સ્થિતિએ પહોંચતાં હજી તેમને વાર છે. આથી એની કૃતિ પર એકતરફી ફેંસલો આપવો કે પૂરતો વિચાર કર્યા વિના એ વિષે કાંઇ નિર્ણય બાંધવો એ ઇન્સાફથી બહુ દૂર છે.

રૂબાઇયાતની આવૃત્તિઓ—અફસોસની વાત છે કે જેટલી સંખ્યામાં ઉમર ખય્યામની રૂબાઇયાતની પ્રસિદ્ધિ થવી જોઇતી હતી તેટલી સંખ્યામાં તેની પ્રસિદ્ધિ થઇ નથી. જો કે એની કેટલીક આવૃત્તિઓ જૂદા જૂદા કિતાબખાનામાં મળી આવે છે છતાં એથી દિલને સંતોષ થતો નથી. ઇ. સ. ૧૪૬૦ માં શીરાઝમાં લખાયેલી આવૃત્તિની એક નકલ મિ. બોડલેના ઑક્સફર્ડના કિતાબખાનામાં મળી આવે છે પણ તેમાં માત્ર ૧૪૫ રૂબાઇયાં જ છે. બંગાળ એશિયાટીક સોસાયટીની લાયબ્રેરીની આવૃત્તિમાં ૫૨૬ રૂબાઇયાં મળી આવે છે. વાન હેમરે જે આવૃત્તિ જોઇ એમાં માત્ર ૨૦૦ રૂબાઇયાં જ મળી આવી હતી. એક આવૃત્તિ ઈ. સ. ૧૮૩૦ માં કલકત્તામાં છપાયેલી છે, એમાં ૪૯૨ રૂબાઇયાં નજરે પડે છે. વિલાયતમાં જેટલી રૂબાઇયાં છપાઇ છે તેમાં સાથે સાથે અંગ્રેજી તરજુમો પણ આપ્યો છે. મોનસ્યર નિકોલસે પણ એક આવૃત્તિ બહાર પાડી છે જેમાં ૪૬૦ રૂબાઇયાં આપી છે. સાથે સાથે ફ્રેન્ચ તરજુમો પણ આપ્યો છે. એને છપાવવામાં એણે ઘણી પ્રામાણિકતાનો પરિચય કરાવ્યો છે. રૂબાઇયાતની સંખ્યા સિવાય આ આવૃત્તિઓના ગુણદોષ બતાવવા ઘણું મુશ્કેલ છે કેમ કે [illegible] બેપરવાઈ અને યૂરપની હલકી વૃત્તિએ એમાં કેટલીયે [illegible] છે. એશિયામાં છાપખાનાની જોગવાઇ નહોતી, લોકો [illegible] પુસ્તકો લખતા. પુસ્તકો લખતી વેળા સાધારણ લહિયાઓએ શુદ્ધ-અશુદ્ધનો ખ્યાલ બહુ ઓછો રાખ્યો અને એવા ફેરફાર [illegible] રૂબાઇયાતોમાં વધઘટ નજરે પડે છે. પણ [illegible] ખરાબ તો એ થયું કે લોકોએ એ [illegible] અને પોતાની અને બીજાઓની

રૂબાઈયાતોને ઉમર ખય્યામની કહીને એની સાથે જોડી દીધી. સભ્ભમ આજ કાલ ફિરદોસીના શાહનામાના થયા છે. એની એક દંતકથાથી (કહિનથી) માલૂમ પડે છે કે એણે કુલ ૬૦૦૦૦ શેઅર બનાવી હતી, પણ આજ એ ૬૦૦૦૦ શેઅર નથી મળતી, ઉલટું કેટલીક એવી શેઅર મળી આવે છે જે પાછળથી કોઈની ઉમેરાયેલી હોય તેવી લાગે છે, અને કેટલીક તો એની છે જ નહિ. આવો ફેરફાર કે સુધારાવધારા કરી શકે એવા માણસો યુરપમાં મળવા દુર્લભ છે, આથી યુરપના લોકોએ તો માત્ર ઉમર ખય્યામના નામની જેટલી રૂબાઈઓ મળી તે સર્વે એકઠી કરી તેનો સંગ્રહ છપાવ્યો છે. મારા સમજવા મુજબ જે શેઅરોને માટે લોકો પછી ટીકા કરે છે તેમાંની ઘણીખરી તો ઉમર ખય્યામની છે જ નહિ; માત્ર એના નામ સાથે લોકોએ જોડી દીધી છે. ઉમર ખય્યામની રૂબાઈયાત વાંચનારાઓએ આ લક્ષમાં રાખવું જોઈએ, નહિ તો વાત હોમર અને સર કમસ્યુ. ઓસલીની માફક એમના દિલમાં પણ ભ્રમ પેદા થશે. બીચારા ઓસલી સાહેબને તો ત્યાં સુધી ભ્રમ થયો કે ખય્યામ સૂફીવાદની વિરૂદ્ધ હતો કારણ કે એની કેટલીક રૂબાઈયાતમાં સૂફીઓની વિરૂદ્ધ લખાણો મળી આવે છે! પણ હકીકતમાં જોઈએ તો આ કથનને સત્યથી સો ગાઉનું છેટું છે.

રૂબાઈયાતનો ભાવાર્થ—રૂબાઈયાતના વિષયમાં મેં જે કાંઈ અભ્યાસ કર્યો છે એના દોહનરૂપે હું નીચે કેટલીક રૂબાઈયાતો આપું છું જેના પર ખૂબ ચર્ચા થઈ છે, અને જુદા જુદા વિદ્વાનોએ જેના પર વારંવાર કલમ ઉઠાવી છે. વાહદતુલ વજૂદ (પ્રભુની સર્વવ્યાપકતા), કઝાએ કદર (વિધિના લેખ) દુનિયાની બેસબાતી (જગતનું મિથ્યાત્વ,) રિયાકારોએ નફરત (ખલ પુરૂષો પ્રત્યેનો ધિક્કાર), દુઆ (પ્રાર્થના), ઇખલાકી નસીહત (ચારિત્ર્ય કેવું રાખવું એ સંબંધી શીખામણ), અને મયખારી (મદ્યપાન) આ મુખ્ય વિષયો છે. હવે આ વિષે હું ઉમર ખય્યામની કેટલીક રૂબાઈયાતો ટાકું છું જેથી આપ સૌને ખ્યાલ આવી જશે કે તે આ વિષયમાં શો મત ધરાવતો હતો.

વાહદતુલ વજુદ યા હમાઓસ્ત (પ્રભુની સર્વવ્યાપકતા)—હિન્દુઓની માફક સૂફીઓમાં પણ એક સંપ્રદાય એમ માને છે કે પ્રભુ સર્વવ્યાપક છે, આખું બ્રહ્માંડ એક જ તેજનું કિરણ છે, એક જ ઝરણાંનો પ્રવાહ છે. આ સંપ્રદાયના આદિ આચાર્ય ઇમામ મોહીયુ-

દીન અરબી છે. જો કે એમના પહેલાં કેટલાયે પવિત્ર પુરુષો થઈ ગયા છે જેઓ આજ મતમાં માનતા હતા, પણ તેમની એ માન્યતા તેમણે પોતાના હોઠ બહાર કાઢી નહોતી.

માત્ર પોતાના અંતર્ગત શિષ્યોને આ ગૂઢ રહસ્ય તેઓ એકાંતમાં સમજાવતા અને તેમને આ વાત બહાર નહિ પાડવા આદેશ કરતા. ઇમામ મોહીયુદ્દીન અરબી પહેલા શખ્સ છે જેમણે આ વાતને પુસ્તકાકારે છપાવી લોકોને જાહેર કરી દીધી. એ જમાનાનાં માણસોની માફક ઉમર ખય્યામ પણ વાહદતુલ વજૂદ યાને હમાઓસ્તમાં માનતો, અને પોતાની રૂબાઇયાતમાં એણે એક જગ્યાએ પોતાના મતનો પ્રકાશ કર્યો છે. તે કહે છે કેઃ

> બુતખાનઓ કાબ્બા ખાનએ બંદગીસ્ત
> નાકુસ ઝદન તરાનએ બંદગીસ્ત
> ઝુન્નારો કલીસાઓ તસબીહો સલીબ
> હક્કા કે હમે નિશાનએ બંદગીસ્ત. ૩૪.
>
> હક જાને, જહાંનસ્તો જહાં જુમલે બદન
> વઅસનાફે મલાયેકા હવાસે ઈંતન
> અફલાકો અનાસીરો મવાલીદ આઝા
> તવહીદ હમીનસ્તો દીગરહાહમે ફન. ૩૬૯

"બુતખાનાઓ (મૂર્તિવાળા મંદિરો) કાબાઓ (પેગોડા) બન્ને સરખા બંદગીના સ્થાન છે.—શંખ વગાડવો એ બંદગીની નીશાની છે; જનોઇ, ચર્ચ, માળા, ક્રૉસ, ખુદાના કસમ—આ બધી બંદગીની નિશાનીઓ છે. ૩૪. સત્ય દુનીઆનો આત્મા છે, તમામ દુનીઆ બદન-શરીર છે. પ્રત્યેક ફીરસ્તો—દેવતા—આ શરીરની ઇન્દ્રિયો છે. આસમાન, મહાભૂતો [પૃથ્વી, પાણી વિગેરે] અને મવાલીદ [પેદાશ છે તે ચીજો] એના અવયવ છે. અસલ તો તે એકજ છે. બાકી બધી વાતો અઘ્ધ્યારી છે." ૩૬૯.

એક બીજી રૂબાઇમાં આજ બાબતને તે વધારે સ્પષ્ટતાથી વર્ણવે છે અને જાણે કે અર્થંગુન્દરા પરનો શબ્દનો ઘૂંઘટ ખેંચી લીધો હોય તેમ એ બાબતની સુન્દરતા દેખનારને આબેહૂબ નજરે પડે છેઃ

> કનરાદ બિગરીસ્ત કે અઝ બહર ખુદાકમ હમાં,
> બહર અર કતરાદ બખન્દીદ કિ માકમ હમાં;

[illegible]
[illegible]

"[illegible]"

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

"[illegible]"

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
૮૬

"જો ખુદા એમ ન ઇચ્છે કે હું કાંઇ ઇચ્છું, તો હું જે કાંઇ ધારૂં તે શી રીતે સારૂં હોઇ શકે? જે એણે પસંદ કર્યું છે એ જો બધું ખરૂં હોય, તો મેં જે પસંદ કર્યું છે તે બધું ખોટુંજ હોય."

જો કે આ રૂબાઇનો અર્થ સ્પષ્ટ છે અને વિશેષ વર્ણનની જરૂર નથી, છતાં એજ મતલબની એક બીજી રૂબાઈ હું નીચે ઉતારૂં છું:

અઝ આબો ગીલમ સિરિશતએ મન ચે કુનમ
વીં પશમો કસ્બે તુરિશતએ મન એ કુનમ
હર નેકો બદી કે આયદ અઝ મા બવોજૂદ
તુ બર સરે મન નવિશતએ મનચે કુનમ. ૩૧૧.

"પાણી અને માટીથી તેં પેદા કર્યો. હું શું કરૂં? આ હલકાંને ચામડા સાથે તેં જોડ્યાં, હું શું કરૂં? જે કાંઇ ભલાઈ બુરાઈ માણસથી થાય છે તે તેં મારા તકદીરમાં લખી છે. હું શું કરૂં?"

એક બીજી રૂબાઇમાં કેવી ઉમદા રીતે એ કહે છે કે:

સાઝીન્દ એ કારે મુરદા વાઝીન્દા તુઇ
દારિન્દ એ ઈ ચરખે પરાગન્દા તુઈ
મન ગરચે બદમ ખાજઇ ઈં બન્દા તુઇ
કસરા ચે ગુના નેહ આફરી નિનન્દએ તુઇ. ૪૭૧.

"મરેલાનો અને જીવતાનો બનાવનાર તું છે. આ ફેલાએલા આસમાનને રાખનાર તું છે. અરે માલીક, હું જો કે બુરો છું, તો પણ તારો બન્દો-દાસ છું. કોનો શુ ગુન્હો?—નહિ-પેદા કરનાર તું છે."

દુનિયાકી બેસબાતી (જગતનું મિથ્યાત્વ)—દુનિયાની બેસબાતી વિષે ઉમર ખય્યામે જે ઘણીબધી રૂબાઈઓ લખી છે એથી એનો અટલ વિશ્વાસ ખુલ્લો નજરે આવે છે. એ એમ માને છે કે આ દુનિયા એવી જગા છે જ્યાં હરદમ ફેરફાર થયાં કરે છે, માટે આ મુકામમાં જે કામ કરવું તે ખૂબ વિચારીને કરવું જોઈએ. એ કહે છે કે:

અઝ મતઅમે દુનીઆ તુ હમે દુદ ખુરી
તા ચંદ ગમાને બુદો નાબુદ ખુરી
દુનીઆ કે બર અહલે ઉ ઝીયાનીસ્ત અઝિમ
ગર તરકે ઝીયાં કુની હમે સુદ ખુરી. ૪૨૯.

"દુનીઆના ખબ્બીખાનાનો તું હમેશા ધુમાડો ખાય છે. સત્ અને અસત્નો તું કેટલો બધો વિચાર કરે છે. દુનીઆ દુની-

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કરતો હશે, બીજાઓને તકલીફ દેતા હશે, અંદર અંદર ઝઘડા કરતા હશે? આ બધાને છોડીને ઇન્સાને બધાની સાથે નરમાશથી અને મોજથી રહેવું જોઇએ. તે કહે છે કેઃ

હર સબઝા કે દર કિનારે જુઈ રૂસતસ્ત
ગુઈ ઝ લબે ફરિશ્તા ખુઇ રૂસતસ્ત
હાં બર સરે સબઝા પા બખારી નનેહી
કાં સબઝા બખાકે લાલા રૂઇ રૂસતસ્ત. ૬૨.

"આ ઝરાના કીનારા પર જે લીલોતરી છે એ કોઇ ફિરસ્તા સરખી માશૂકના ઓઠમાંથી ઉગી હશે. આ લીલોતરી પર બે પરવાઇથી પગ ન મૂક; એ કોઈ લાલારૂ (લાલ ફૂલના જેવા ચ્હેરાવાળી) માશૂકની ખાકમાંથી ઉગી હશે."

પીશ અઝ મનો તુ લયલો નિહારી બુદસ્ત
ગર દિન્હા ફલક ઝ બહરે કારી બુદસ્ત
ઝીનહાર કદમ બખાક આહિસ્તાનેહી
કાં મરદુમકે ચશ્મે નિગારી બુદસ્ત. ૩૩.

"મારી અને તારી પહેલા દિન અને રાત હતી. અને આસમાન દરેક કામને માટે ફ્રુમતું હતું. ખબરદાર! ખાખ ઉપર પગલું આસ્તેથી મૂકો, કેમકે એ (કોઇ દિવસ) માશૂકની આંખની કીકી હતી."

એક બીજી રૂબાઇમાં આજ ભાવને ઘણી મધુર રીતે વર્ણવતાં તે કહે છેઃ

બરસંગ ઝદમ દુશ સબુઇ કાશી
સર મસ્ત બુદમ કે કરદમ ઈ અવબાશી
બા મન બઝબાને હાલ મી ગુફ્ત સુબૂ
મન ચુનુ બુદમ તુ નીઝ ચુ મન બાશી. ૪૪૬.

"મેં કાલે કાશીના પ્યાલાને પત્થર પર પછાડી ભાંગી નાખ્યો. હું મસ્ત હતો. આવું કામ મેં કર્યું! પ્યાલાએ પોતાની હાલતરૂપી જબાનથી કહ્યું 'હું તારા જેવો હતો અને તું પણ મારા જેવો થઈશ.'"

રિયાકારોસે નફરત (ખલ પુરૂષો પ્રત્યેનો ધિક્કાર)—ઉમર ખય્યામની રૂબાઇયા હકીકતમાં એક બગીચો છે જેમાં રંગબેરંગી ફુલો ખીલ્યા છે. લોક આ બગીચામાં ટહેલે છે, અને મનપસંદ ફુલો

સૂર છે. ઉમર ખય્યામની પંદરી ખૂબી એ છે કે પોતાને મનપસંદ છોડ એ બગીચામાં વાવે છે અને ઉગાડે છે. આ કામમાં તે બીજા કોઇની પરવા કરતો નથી. પોતાના આપના જેવા સાફ દિલમાં જે વાત આવે છે તે જ જબાન પર લાવે છે. સાફીઓની જેમ શબ્દ-જાળ કે સુન્દરાઇનો પડદો ઢાંકવાનો તે પ્રયત્ન નથી કરતો. એ શરાબ પીએ છે, પછી તે ગમે તે જાતનો કાં ન હો, એનો તે સાફ દિલથી એકરાર કરે છે. લોકો એને દીલસૂફ હોવાને લીધે કાફિરનો ઇલકાબ આપે છે. એ કહે છે કે "જો દીલસૂફી કાફિરી છે તો હું કાફિર સહી." એ સમજે છે કે ઇન્સાન ગુનાહથી નથી બચતો. પોતે ઇન્સાન છે અને તેથી ગુનાહગાર છે, એટલે પોતે એ દોષમાંથી નથી છટકી શકતો. આથી એને લુચ્ચા અને ખલ પુરૂષોની ભારે ચીડ છે. ઉમર ખય્યામના જમાનામાં મુસલમાનો ખાપેપીએ સુખી હતા, દોલતમન્દ હતા, માલદાર હતા. આથી એમનામાં સુસ્તીએ ઘર કર્યું હતું; એશઆરામ, મોજશોખ તથા બીજા છંદોમાં તેઓ ચકચૂર રહેતા. ઉલમાઓ અને સૂફીઓની એ ફરજ હતી કે પોતાની કોમને આ હલાક (વિનાશક) બીમારીથી બચાવે, પણ કમનસીબીની વાત એ હતી કે તેઓ પોતે જ સૌ કરતા એ બીમારીમાં વધારે ફસ્યા હતા, છતાં મોભો જાળવી રાખવાને ખાતર હરેક પ્રકારની યુક્તિઓ વાપરતા. ખૂબી એ છે કે આ જ ઉલમાઓ બીજાઓને કાફિર કહેતાં આંચકો ખાતા નહિ. ઉમર ખય્યામ પર આ લોકોએ પસ્તાળ પાડી અને એના પર તે વખતમાં જે જે વીતી એથી ઘાયલ થએલા અને માર્યા ગયેલા શહીદોનું ખૂન (લોહી) તાજું નજર આવે છે. આ વિષે ઉમર ખય્યામે પોતાની એક રૂબાઇમાં ઇશારો કરતાં કહ્યું છે કેઃ

> બામન્ તૂ હર આંચે ગોઇ અઝ કીં ગોઇ
> પયવસ્તા મરા મુલ્હિદો બેદીં ગોઇ
> મન,ખુદ મુકિરમ બર આંચિ હસ્તમ્ લેકીન
> ઇનસાફ્ બેદહ્ તોરા રસદ્ કિ ગોઇ. ૪૫૭.

"મને જે કાંઇ તું કહે છે તે કીનાને લીધે કહે છે. તું મને નાસ્તિક અને અધર્મી કહે છે. હું પોતે તે કબૂલ કરું છું કે હું એવો છું. પણ ઇન્સાફ કર કે આમ કહેવું તને યોગ્ય છે?)

એક રૂબાઇમાં આવા લોકોની એવી ખૂબ મજા ઉડાવી છે,

અને બિલકુલ નીડર બનીને આ લોકો વિષેનો પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. તે કહે છે:

શયખે બઝને ફાહિશા ગુફ્તા મસ્તી
હર લેહઝા બદામે દિગરી પાબસ્તી
ગુફ્તા શયખા હર આંચે ગુઈ હસ્તમ
અમ્મા તુ ચુનાં કે મી નુમાઈ હસ્તી. ૪૭૩.

"શેખે એક વંઠેલી ઓરતને મસ્તીમાં કહ્યું 'તું હમેશા જુદા જુદા માણસોના ફંદામાં ફસી રહે છે.' એણે કહ્યું 'મહેરબાન! આપ જેવી મને કહો છો તેવી હું છું. પણ આપ જેવા દેખાઓ છો તેવા છો?'"

આથી પણ સ્પષ્ટ રીતે આ લોકોને ઉઘાડા પાડી તે લખે છે કે:—

ગર મય નખુરી તાઅના મઝન્ મસ્તાંરા
ગર તવબા દેહદ તવબા કુનમ યઝદાંરા
તુ ફખર બદીં કુની કે મન મય ન ખુરમ
સદ્ કાર કુની કે મય ગુલામસ્ત આંરા. ૧૧.

"તું શરાબ નથી પીતો. પણ મસ્તોને મ્હેણું ન દે. એ મ્હારે પશ્ચાત્તાપ કરવો હશે તો હું ખુદાની આગળ કરૂં. આ વાત ઉપર મગરૂરી કરતો હો કે 'શરાબ નથી પીતો' તો તું સેંકડો એવાં બૂરાં કામ કરે છે કે [illegible] તેનો ગુલામ છે."

ફૂઆર (પ્ર.વાંચનાર—[illegible]) [illegible] લખ્યું છે કે ઉમર ખય્યામ એપિક્યુરસના વિચારોમાં માનતો છે. એપિક્યુરસનો એ ઉપદેશ છે કે ભૂત ભવિષ્યની ચિંતા ન કરો, અને ખાઓ, પીઓ અને ખુશ [illegible] એમ [illegible] છે કે અહીંયાના [illegible] માટે એપિક્યુરસ પણ [illegible] દુનિયામાં માનતો નથી. એ એમ સમજે છે કે દુનિયામાં [illegible] જે [illegible] કરે છે તેના સારાં [illegible] [illegible] દુનિયામાં [illegible] છે [illegible] સુધી જ ભોગવે છે. હિન્દુઓના પુનર્જન્મ કે મુસલમાનોની [illegible] તે માનતો નથી. [illegible] એને [illegible] નથી [illegible] ખુદાનો [illegible] પુનર્જન્મ કે [illegible] આથી સમજાય છે કે [illegible] આગળ [illegible] નજરે પડે. પણ [illegible] તેવા જેવું સ્પષ્ટ દેખાડે

[illegible] અને [illegible] નથી. અને [illegible] નથી. [illegible] માટે [illegible] ન થાય, અને [illegible] ન [illegible] [illegible] ઉત્પન્ન [illegible] "

[illegible]

[illegible] નીસ્ત
[illegible] નીસ્ત
[illegible] નીસ્ત
[illegible] નીસ્ત. [illegible]

" [illegible] નથી અને [illegible] "

[illegible]

ન લાકયે મસજીદમ ન દરખુરદે કનીશ્ત
ઈઝદ દાનદ ગીલે મરા અઝચે સિરીશ્ત
ચું કાફીરે દરવીશમ વ ચું કહબએ ઝીશ્ત
નય દીનો ન દુનીયાઓ ન ઉમ્મીદે બહીશ્ત. ૬૦.
મન્ બંદએ આસીયંમ રેઝાએતો કુજાસ્ત
તારીક દીલમ્ નૂરો સફાયે તો કુજાસ્ત
મારા તૂ બેહિશ્ત અગર બતાએત્ બખ્શી
ઈં મુઝદ બેવદ લુત્ફો આતાએતો કુજાસ્ત. ૯૩.

"ન હું મસ્જીદને લાયક છું, કે ન પેગોડાને લાયક છું. ખુદા જ જાણે છે કે મારી માટી કઇ જગાની છે. હું એક કંગાલ ફકીર અને બદસૂરત વેશ્યા જેવો છું. નથી હું દીનનો (ધર્મનો) કે નથી દુનીઆનો રહ્યો! સ્વર્ગની ત્હોયે ઉમેદ છે!" ૬૦.

"હું ત્હારો ગુન્હેગાર દાસ છું. તારી મહેરબાની ક્યાં છે? મારે દીલ અંધારૂં છે. તારૂં તેજ અને સફાઇ ક્યાં છે? તું જો મને સ્વર્ગ હુકમ પાળવા માટે આપે તો એ મજૂરી આપી. તારી મહેરબાની અને બખશીશ ક્યા રહી?" ૯૩.

આગળી ઉપર તે કહે છેઃ

યક્ યક્ હુનરમ્ બીન વ ગુના દહ દહ બખ્શ,
હરે જુર્મ કે રફ્ત હસ બતન લીલ્લા બખ્શ.
અઝ બાદે હવા આતીશે કીં રા મફ્રોઝ
મારા બસરે ખાકે રસુલ્લાહ બખ્શ. ૨૮૮.

"મારો એકેક ગુન્હો જો અને દશ દશ માફ કર. જે ગુન્હો મારાથી થયો છે–ખુદાની ખાતર તે માફ કરી દે. ખાહેશ (તૃષ્ણા) ની હવાથી કીનાના અગ્નિને ભભુકાવીશ નહિ. મને રસુલુલ્લાહની ખાકની ખાતર માફી દે."

એક રૂબાઇમા પશ્ચાત્તાપથી ગદ્‌ગદ્ કંઠે એ ખુદાને દુઆ કરે છે કેઃ

અય દર રાહે બંદગીયત યક્સાં કહો મેહ
દર હરદો જહાં ખીદમતે દરગાહે તુ બેહ
નઅમત તુ સીનાનીઓ સઆદત તુ દેહી
યારબ તુ બ ફઝલે ખીશ બેસીનો વ બે દહે. ૪૨૨.

"ઓ પરમાત્મન! તારી બંદગીના રસ્તામાં નાના મોટા સઉ બરાબર છે. અને દુનિઆમા તારી દરગાહની (દરબાર) ખીદમત

(ખુદા) કહેતા છે. ખુદા તું છે અને તકદીર તું. એ ખુદા, તારી મરજી વડે આ બધું છે અને એ ખાસ."

આથી માલૂમ થશે કે ... જાય છે, અને કવિની ખૂબી પર આફરીન થઈ જાય છે.

ખુદા પર એને ભારે ભરોસો છે અને એ કોઈ દિવસ નાઉમેદ થતો નથી. એ કહે છે કે:

ગર ગૌહરે તાઅતત ન સુફતમ હરગીઝ
વર ગર્દ ગુનેહ અઝ રૂખ ન રૂફતમ હરગીઝ
બાવ ઉમીદ નયમ ઝ બારગાહે કરમત
ઝીરા કે યકીરા દો ન ગુફતમ હરગીઝ. ૨૬૮

"જો મેં તારા હુકમના મોતીને કદી પરોવ્યાં નથી અને ચહેરા ઉપરથી ગુનાની ધૂળ કદી ખંખેરી નથી, તો પણ તારા મોટા દરબારની અને નિરાશા નથી. કારણ કે મેં ' એક ' ના ' બે ' કર્યાં નથી. [મેં એકજ ઈશ્વર માન્યો છે.] "

એક બીજી રુબાઈમાં પ્રભુની નિત્યતા અને એકતા વિષે કેવી રીતે પ્રાર્થના કરી છે ! તે કહે છે કે:

બુકશાય દરમ કે દર ગુશાયન્દા તુઈ
બિનુમાય રેહમ કે રેહ નુમાયન્દા તુઈ
મન દસ્ત બહીચ દસ્તગીરે ન દેહમ
કે ઈન્હાં હમે ફાની અંદ વ પાયન્દા તુઈ. ૪૯૨.

"મારો દ્વાર ખોલ, [કારણ કે] તું જ દ્વાર ખોલનાર છે. મને રસ્તો બતાવ, [કારણ કે] તું જ રસ્તો બતાવનાર છે. હું બીજા કોઈના હાથમાં મારો હાથ નહિ મૂકું. કારણ કે આ બધું ફાની છે અને હમેશા રહેનાર તો ફક્ત તું છે."

મયખારી (મદ્યપાન)—ઉમર ખય્યામની રુબાઈયાત પર વિચાર કરતાં સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થાય છે કે રુબાઈયાતમાં જે જોર શોરથી ઉમર ખય્યામ શરાબની વાત કરે છે તે કયો શરાબ છે? કેટલાક અપવાદો સિવાય પૂર્વના તેમજ પશ્ચિમના લોકો એમ માની બેઠા છે કે ઉમર ખય્યામ અંગૂરી (દ્રાક્ષના) શરાબની વાત કરે છે; અને તે એ શરાબ પીતો હતો એથી જ તે પોતાની રુબાઈયાતમાં વારંવાર એ શરાબની વાત કરે છે. આ વિષયમાં હું વધારે દલીલ કરવા નથી ચાહતો, માત્ર એના એ વિષયની થોડી

प्राचीन गणित शास्त्र.

अध्यापक जेठालाल चीमनलाल स्वामिनारायण

પ્રાચીન સમયમાં ભારતવાસીઓએ ગણિતશાસ્ત્રમાં ઘણી પ્રગતિ કરી હતી. તે સમયની બીજી પ્રજાઓ કરતાં ભારતવાસીઓ ગણિતશાસ્ત્રમાં ઘણા આગળ વધેલા હતા.

શરૂઆતમાં ગણત્રીને બાધક ઘણાં બન્ધનો હોય છે. તે બન્ધનોને જેમ જેમ ઓળંઘવામાં આવે છે તેમ તેમ શાસ્ત્રની પ્રગતિ થાય છે. બાદબાકીનો સવાલ હાથ ધરીએ તો જણાશે કે નાની સંખ્યામાંથી મોટી સંખ્યાને બાદ કરવાનો પ્રશ્ન શરૂઆતમાં ઉપસ્થિત થાય જ નહીં. મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરી શકાય એવો ખ્યાલ પ્રચલિત હોય છે. ત્રણમાંથી પાંચ બાદ કરી શકાય એ કલ્પનાને દાખલ કરવી મુશ્કેલ છે. માણસ જાતના વિચારો ઇતિહાસના ગમે તે કાળમાં તે તે સમયની રૂઢિથી દઢબદ્ધ હોય છે. આવાં રૂઢિબન્ધનોને વટાવી આગળ વધીએ ત્યારે જ આપણા જ્ઞાનમાં અભિવૃદ્ધિ થઇ શકે છે. જ્યાં સુધી ઋણસંખ્યાઓને ગણત્રીમાં દાખલ ન કરીએ ત્યાં સુધી નાની સંખ્યામાંથી મોટી સંખ્યાને બાદ કરવાના પ્રશ્નનું નિરાકરણ થતું નથી. ધનસંખ્યાઓ અને ઋણસંખ્યાઓના વિષયમાં ભારતવાસીઓએ સ્પષ્ટ નિર્ણય ઘણા જુના કાળથી કરેલો હતો. ઘણા અર્વાચીન સમયમાં થયેલા ગ્રીક ગણિતશાસ્ત્રી ડાયોફેન્ટસને ઋણસંખ્યાની કલ્પના ન હતી. દ્વિઘાત સમીકરણોનાં બે મૂલ સ્પષ્ટપણે ભાસ્કરાચાર્યે આપેલાં છે. એક મૂલ ધન હોય અને બીજું મૂલ ઋણ હોય ત્યારે પણ ભાસ્કરાચાર્યે બન્ને મૂલ ચોખ્ખી રીતે બતાવેલાં છેઃ

ક્ષ^{૨}—૧૨ ક્ષ + ૩૫ = ૦

આવા સમીકરણનાં બે મૂલ ધન છે. આ સમીકરણને શોધતાં ક્ષ = ૭ અથવા ૫ એવી રીતે બે મૂલ આવે છે. જ્યાં બન્ને મૂલ ધન હોય ત્યા ડાયોફેન્ટસ બન્ને મૂલ આપી શક્યો છે. પણ જ્યાં એક મૂલ ધન હોય અને બીજું ઋણ હોય ત્યાં ફક્ત ધન મૂલને ડાયોફેન્ટસ આપે છે. પણ ભાસ્કરાચાર્યે નીચેનું સમીકરણ જેમાં એક મૂલ ધન છે અને બીજું ઋણ છે તેમા બન્ને મૂલ દર્શાવે છે તે સમીકરણનો વિષય હાથ ધરતા પહેલા દ્વિઘાત સમીકરણ છોડ-

વામાં પ્રાચીન ભારતીયોની કુશલતા બતાવવા માટે શ્રીધરાચાર્ય અને ભાસ્કરાચાર્યનાં સૂત્રો નીચે ટાંકવાની રજા લઉં છું.

શ્રીધરાચાર્યનું સૂત્ર

चतुराहतवर्गसमै रूपैः पक्षद्वयं गुणयेत् ।
अव्यक्तवर्गरूपैर्युक्तौ पक्षौ ततो मूलम् ॥

દ્વિઘાત સમીકરણમાં ત્રણ અંગ હોય છે.

$ક\ ક્ષ^2 + ખ\ ક્ષ = ગ.$

અવ્યક્તના વર્ગનો જે ગુણક હોય તેને ચાર ગણો કરી જે સંખ્યા આવે તેના વડે સમીકરણની બન્ને બાજુઓને ગુણવી.

$૪\ ક^2\ ક્ષ^2 + ૪\ ક\ ખ\ ક્ષ = ૪\ ક\ ગ.$

પછી તે સમીકરણની બન્ને બાજુમાં અવ્યક્તના ગુણકનો વર્ગ ઉમેરવો.

$૪\ ક^2\ ક્ષ^2 + ૪\ ક\ ખ\ ક્ષ + ખ^2 = ૪\ ક\ ગ + ખ^2$

આથી [illegible] ડાબી બાજુનું મૂળ નીકળી શકે છે. તેથી

$૨\ ક\ ક્ષ + ખ = \sqrt{૪\ ક\ ગ + ખ^2}$

આ.થી અવ્યક્ત ક્ષ ની કિંમત સહેલાઈથી નીકળી શકે.

अव्यक्तवर्गादि यदावशेषं
पक्षौ तदिष्टेन निहत्य किंचित् ।
क्षेप्यं तयोर्येन पदप्रदः स्यात्
अव्यक्तपक्षस्य पदेन भूयः ॥
व्यक्तस्य पक्षस्य समक्रियैव-
मव्यक्तमानं खलु लभ्यते तत् ॥

[illegible] એવા પણ હતા કે [illegible] [illegible] દે.ન. પછી બન્ને પક્ષે [illegible] [illegible] [illegible] સમીકરણ કરવાથી [illegible]

[illegible]

[illegible] શ્રીધરાચાર્યથી [illegible]

[illegible]

[illegible]
[illegible] ॥

फूत्कारनादप्रतिनादहृष्टा
दृष्टा गिरौ द्वादश ते कियन्तः ॥

એક જંગલમાં વાનરોની સંખ્યાના આઠમા ભાગના વર્ગ જેટલાં વાનરો આનન્દમાં કૂદાકૂદ કરે છે. તેમના નાદથી જે પડઘો પડે છે તે સાંભળી આનન્દ પામતાં બાર વાનરો પહાડ ઉપર છે, તો બધાં વાનરોની સંખ્યા કેટલી ?

આ પ્રશ્નને છોડવાનો આધાર નીચેના સમીકરણ ઉપર છે:

$$\left(\frac{\text{ક્ષ}}{૮}\right)^{૨} + ૧૨ = \text{ક્ષ},$$

$$\text{ક્ષ}^{૨} - ૬૪\ \text{ક્ષ} = - ૭૬૮,$$

$$\text{ક્ષ}^{૨} - ૬૪\ \text{ક્ષ} + ૧૦૨૪ = - ૭૬૮ + ૧૦૨૪,$$

$$= ૧૦૨૪ - ૭૬૮,$$

$$= ૨૫૬.$$

$\text{ક્ષ} - ૩૨ = ૧૬$, અથવા $- ૧૬$.

$\text{ક્ષ} = ૪૮$, અથવા ૧૬.

આવી જ રીતે ભાસ્કરાચાર્ય બીજું ઉદાહરણ આપે છે:

यूथात्पञ्चांशकस्त्र्यूनो वर्गितो गह्वरं गतः ।
दृष्टः शाखामृगः शाखामारूढो वद ते कति ॥

એક વાનરોનું યૂથ છે તે યૂથના પાંચમા ભાગમાંથી ત્રણ બાદ કરતાં જે સંખ્યા આવે તેના વર્ગ જેટલાં વાનરો પહાડની ગુફામાં પેસી ગયાં છે અને એક વાનર વૃક્ષની શાખા ઉપર બેઠેલ છે. બધાં વાનરોની સંખ્યા કેટલી છે તે શોધી કાઢો.

આ પ્રશ્નનું સમીકરણ નીચે પ્રમાણે છે:

$$\left(\frac{\text{ક્ષ}}{૫} - ૩\right)^{૨} + ૧ = \text{ક્ષ},$$

$$\frac{\text{ક્ષ}^{૨}}{૨૫} - \frac{૬\text{ક્ષ}}{૫} + ૯ + ૧ = \text{ક્ષ},$$

$$\text{ક્ષ}^{૨} - ૩૦\ \text{ક્ષ} + ૨૫૦ = ૨૫\ \text{ક્ષ},$$

$$\text{ક્ષ}^{૨} - ૫૫\ \text{ક્ષ} = - ૨૫૦,$$

$$૪\ \text{ક્ષ}^{૨} - ૨૨૦\ \text{ક્ષ} = - ૧૦૦૦,$$

$$૪\ \text{ક્ષ}^{૨} - ૨૨૦\ \text{ક્ષ} + ૫૫^{૨} = - ૧૦૦૦ + ૩૦૨૫,$$

$$= ૨૦૨૫.$$

$૨\ \text{ક્ષ} - ૫૫ = ૪૫$, અથવા $- ૪૫$.

$૨\ \text{ક્ષ} = ૧૦૦$, અથવા ૧૦,

$\text{ક્ષ} = ૫૦$, અથવા ૫.

બે ધન સંખ્યાનો ગુણાકાર ધન છે એવું તો સ્વતઃસિદ્ધ છે. પાંચ માણસમાંના દરેકને વીસ રૂપિયાનું દેવું હોય તો કુલ દેવું ઋણ સો થાય. એટલે ધન અને ઋણનો ગુણાકાર ઋણ છે એવું સાબીત કરવામાં મહેનત પડે નહી, પણ બે ઋણસંખ્યાના ગુણાકારનો પ્રશ્ન આવે ત્યારે તે ગુણાકારને ધન માનવો કે ઋણ માનવો એવો નિર્ણય કરવામાં ઊંડો વિચાર કરવાની આવશ્યકતા છે. દાખલા તરીકે ૮ × ૬ = ૪૮ છે.

હવે, ૮ = ૧૦ — ૨.

૬ = ૧૦ — ૪.

હવે, (૧૦ — ૨) ને (૧૦ — ૪) વડે ગુણીએ, તેમાં

૧૦ × ૧૦ = ૧૦૦.

૧૦ × (— ૪) = — ૪૦.

૧૦ × (— ૨) = — ૨૦.

હવે, (— ૨) × (— ૪)ને +૮ ગણવા જ જોઇએ, કારણ કે (— ૨) × (— ૪)ને (— ૮)ની બરોબર ગણીએ તો

(૧૦ — ૨) × (૧૦ — ૪)

= ૧૦૦ — ૪૦ — ૨૦ — ૮,

= ૩૨ થાય.

પણ આપણે જાણીએ છીએ કે તે બન્નેનો ગુણાકાર ૪૮ છે. તેથી (— ૨) × (— ૪)ને +૮ની બરોબર જ ગણવા જોઇએ, તેમ ન કરીએ તો અસત્ય પરિણામ આવે છે. તેથી બે ઋણ સંખ્યાઓના ગુણાકારને ધન માનવો જોઇએ. તે માનતા સ્વીકારવામાં કોઈપણ પ્રકારનો દોષ રહેતો નથી. એટલે હવે આપણે (૧૦ — ૨) × (૧૦ — ૪) = ૧૦૦ — ૪૦ — ૨૦ + ૮,

= ૪૮.

ઋણસંખ્યાઓની આવી સ્પષ્ટ કલ્પના યૂરોપ દેશમાં ઘણા લાંબા કાળ સુધી થઈ હતી ન હતી આગળ વધીને ભાસ્કરાચાર્યે ત્રિઘાત અનુધાત સમીકરણોના ઉદાહરણ આપે છે:

को राशिर्द्विशतीक्षुण्णो राशिवर्गयुतो हतः ।
द्वाभ्यां तेनोनितो राशिवर्गवर्गोऽयुतं भवेत् ।
रूपोनं वद तं राशिं वेत्सि बीजक्रियां यदि ॥

એક અજ્ઞાત રાશિને ૨૦૦ વડે ગુણવામાં આવે છે અને તેમાં તે રાશિનો વર્ગ ઉમેરવામાં આવે છે. આમ કરતાં જે ફલ આવે છે તેને બે વડે ગુણવામાં આવે છે, અને જે ફલ આવે તેને રાશિના વર્ગના વર્ગમાંથી બાદ કરવામાં આવે છે. આનું પરિણામ અયુત એટલે ૧૦૦૦૦ માંથી એક બાદ કરતાં જે સંખ્યા આવે તેની બરોબર થાય છે, તો તે રાશિ કેટલો હોવો જોઈએ ?

જુઓ ક્ષ ને ૨૦૦ વડે ગુણ્યા એટલા ૨૦૦ ક્ષ આવ્યા. તેમાં $ક્ષ^{૨}$ ઉમેર્યા એટલે $ક્ષ^{૨} + ૨૦૦\ ક્ષ$ થયા. તેને બમણા કરતાં $૨\ ક્ષ^{૨} + ૪૦૦\ ક્ષ$ થયા. આને $ક્ષ^{૪}$ માંથી બાદ કરવાના છે. એટલે છેવટે અવ્યક્ત પક્ષ

$ક્ષ^{૪} — ૨\ ક્ષ^{૨} — ૪૦૦\ ક્ષ$ ની બરોબર થયો. તેથી પ્રશ્ન છોડવા માટેનું સમીકરણ નીચે પ્રમાણે આવ્યું:

$ક્ષ^{૪} — ૨\ ક્ષ^{૨} — ૪૦૦\ ક્ષ = ૯૯૯૯$. આમાં બન્ને બાજુમાં $૪\ ક્ષ^{૨} + ૪૦૦\ ક્ષ + ૧$ ઉમેરવાથી બન્ને બાજુઓનું મૂલ નીકળી શકશે

$ક્ષ^{૪} + ૨\ ક્ષ^{૨} + ૧ = ૪\ ક્ષ^{૨} + ૪૦૦\ ક્ષ + ૧૦૦૦૦,$

$ક્ષ^{૨} + ૧ = ૨\ ક્ષ + ૧૦૦$, અથવા $— (૨\ ક્ષ + ૧૦૦)$.

$ક્ષ^{૨} — ૨\ ક્ષ = ૯૯$, અથવા $ક્ષ^{૨} + ૨\ ક્ષ + ૧૦૧ = ૦$.

પહેલામાંથી $ક્ષ = ૧૧$, અથવા $— ૯$.

બીજા સમીકરણના મૂલ વાસ્તવિક નહીં આવે.

ચતુર્ઘાત સમીકરણને છોડવામાં ભાસ્કરાચાર્ય અટકળનો ઉપયોગ કરે છે. આધુનિક સમયમાં ચાતુર્ઘાત સમીકરણોનો પ્રશ્ન સંતોષ રીતે છોડવામાં આવ્યો છે. તેથી ઉપર જણાવેલા સમીકરણને નિયમસર છોડવામાં નીચેની પદ્ધતિ અનુસરી શકીએ:

ધારો કે

$ક્ષ^{૪} — ૨\ ક્ષ^{૨} — ૪૦૦\ ક્ષ — ૯૯૯૯ = ૦$, એ સમીકરણ ની ડાબી બાજુ

$(ક્ષ^{૨} + ૨\ ન\ ક્ષ + ય)(ક્ષ^{૨} — ૨\ ત\ ક્ષ + દ)$ ની બરોબર છે.

આ બન્ને અવયવોનો ગુણાકાર

$ક્ષ^{૪} + ક્ષ^{૨}(ય + દ — ૪\ ત^{૨}) + ૨\ ક્ષ\ ત\ (દ — ય) + ય\ દ$, ની બરોબર થાય છે.

સરખા ઘાતવાળા અવ્યક્તોના ગુણકો સરખાવતાં

$$ય + ર - ૪ ત^૨ = - ૨; \quad \dots \quad \dots \quad (૧)$$
$$૨ ત (ર - ય) = - ૪૦૦; \quad \dots \quad \dots \quad (૨)$$
$$ય ર = - ૯૯૯૯. \quad \dots \quad \dots \quad \dots \quad (૩)$$

સમીકરણ (૧), (૨) અને (૩) માંથી ય અને ર ને દૂર કરીએ તો કેવળ ત અવ્યક્તવાળું સમીકરણ આવશે:

$$ય + ર = ૪ ત^૨ - ૨,$$
$$ય - ર = \frac{૪૦૦}{૨ત} = \frac{૨૦૦}{ત},$$
$$ય = ૨ ત^૨ - ૧ + \frac{૧૦૦}{ત}; \quad \dots \quad \dots \quad \dots \quad (૪)$$
$$ર = ૨ ત^૨ - ૧ - \frac{૧૦૦}{ત}. \quad \dots \quad \dots \quad \dots \quad (૫)$$

તેથી, ય અને ર નાં મૂલ્યોનો ગુણાકાર કરતાં

$$\left(૨ ત^૨ - ૧ + \frac{૧૦૦}{ત} \right) \left(૨ ત^૨ - ૧ - \frac{૧૦૦}{ત} \right) = - ૯૯૯૯.$$

$$(૨ ત^૨ - ૧)^૨ - \frac{૧૦૦૦૦}{ત^૨} = - ૯૯૯૯;$$

$$૪ ત^૪ - ૪ ત^૨ + ૧ - \frac{૧૦૦૦૦}{ત^૨} = - ૯૯૯૯;$$

$$૪ ત^૪ - ૪ ત^૨ + ૧૦૦૦૦ - \frac{૧૦૦૦૦}{ત^૨} = ૦;$$

$$૪ ત^૬ - ૪ ત^૪ + ૧૦૦૦૦ ત^૨ - ૧૦૦૦૦ = ૦;$$
$$ત^૬ - ત^૪ + ૨૫૦૦ ત^૨ - ૨૫૦૦ = ૦.$$

આ સમીકરણમાં $ત^૨$ ને અવ્યક્ત ગણતાં ત્રિઘાત સમીકરણ છે.
તેની ડાબી બાજુના અવયવ પાડતાં

$$(ત^૨ - ૧) (ત^૪ + ૨૫૦૦) = ૦.$$

તેથી $ત^૨ = ૧$,
એટલે $ત = ૧$, અથવા -૧;
આમાંથી ત ની ગમે તે કિમ્મતનો ઉપયોગ કરીશું તોપણ એક જ પ્રકારના જવાબ આવશે.

સમીકરણ (૪) અને (૫) મા $ત = ૧$ મૂકીએ, તો

$$ય = ૨ - ૧ + ૧૦૦ = ૧૦૧.$$
$$ર = ૨ - ૧ - ૧૦૦ = - ૯૯.$$

તેથી આપેલું સમીકરણ નીચે પ્રમાણે થશે.

$$(ક્ષ^૨ + ૨ ક્ષ + ૧૦૧) (ક્ષ^૨ - ૨ ક્ષ - ૯૯) = ૦.$$

$\text{ક્ષ} + ૧ = ૧૦\sqrt{-૧}$, અથવા $-૧૦\sqrt{-૧}$;

$\text{ક્ષ} = ૧૦\sqrt{-૧} - ૧$, અથવા $-૧૦\sqrt{-૧} - ૧$.

તેથી, $\text{ક્ષ} = -૧ + ૧૦\sqrt{-૧}$, અથવા $-૧ - ૧૦\sqrt{-૧}$.

કોઈ પણ ધરાતલમાં બે લમ્બ અક્ષ લેવા અને તેમાંના એક અક્ષ ઉપર વાસ્તવિક સંખ્યાઓ માપવી અને બીજા અક્ષ ઉપર કાલ્પનિક સંખ્યાઓ માપવી અને એવી રીતે ગમે તે સંખ્યાને ધરાતલમાં દર્શાવવી. સંખ્યાને તેના પુરેપુરા સામાન્ય સ્વરૂપમાં લઈએ તો તે સંખ્યામાં વાસ્તવિક તેમજ કાલ્પનિક ભાગ હોઈ શકે. સંખ્યાનું સામાન્યમાં સામાન્ય સ્વરૂપ $\text{ક્ષ} + \text{ઇ}\sqrt{-૧}$ એવું છે. આમાં ક્ષ વાસ્તવિક છે, ઇ પણ વાસ્તવિક છે, પરંતુ $\text{ઇ}\sqrt{-૧}$ અવાસ્તવિક છે. આવી સંખ્યાને મિશ્રસંખ્યા કહે છે. મિશ્રસંખ્યાની કલ્પના દાખલ કર્યા બાદ અર્વાચીન ગણિતશાસ્ત્રની શરૂઆત થાય છે.

હવે વાસ્તવિક સંખ્યાઓમાં પણ બે વિભાગ છે. ધનસંખ્યાનું મૂલ નીકળી શકે એવું ભાસ્કરાચાર્યે કહ્યું છે.

પણ કેટલીક ધનસંખ્યાઓનું મૂલ એકદમ નીકળી શકે છે, જ્યારે કેટલીક ધનસંખ્યાઓનું મૂલ એકદમ નીકળી શકતું નથી. દાખલા તરીકે, ૩૬ નું મૂલ તુરત નીકળે છે. ૩૬ નું મૂલ ૬ આવે છે, પણ ૬ નું મૂલ કાઢવું હોય તો લાંબી ગણત્રી કરવા છતાં ચોક્કસ મૂલ નીકળતું નથી. વાસ્તવિક સંખ્યાઓમાં દેખાતા આ ભેદને ભાસ્કરાચાર્યે સ્પષ્ટપણે દર્શાવ્યો છે. અને ૬ ના મૂલ જેવી સંખ્યાઓને કરણી સંખ્યાઓ તરીકે પોતાની ગણત્રીમાં દાખલ કરી છે. દાખલા તરીકે તેવી સંખ્યાઓને કરણી સંખ્યાઓ એવું નામ આપ્યું છે. કરણી સંખ્યાઓના સરવાળા, બાદબાકી, વર્ગમૂલ વિગેરે ક્રિયાઓ ભાસ્કરાચાર્યે સંપૂર્ણ રીતે દર્શાવી છે.

કેટલીક કરણી સંખ્યાઓ સજાતીય હોય છે અને કેટલીક કરણી સંખ્યાઓ વિજાતીય હોય છે. સજાતીય કરણીઓનો સરવાળો કે બાદબાકી થઈ શકે અને વિજાતીય કરણીઓને એક બીજાની સાથે જ મુકવી પડે. દાખલા તરીકે,

$\sqrt{૧૮}$ અને $\sqrt{૨}$,

આ બે કરણી સજાતીય છે, અને

√૫ અને √૩,
એ બે કરણી વિજાતીય છે.

વિજાતીય કરણીના સરવાળા અથવા બાદબાકીમાં √૫ + √૩, અથવા √૩ એમ છુટું છુટું લખવું પડશે. સજાતીય કરણીનો યોગ અથવા વિયોગ કરવા માટે ભાસ્કરાચાર્યે નીચેનું સૂત્ર આપે છે:

योगं करण्योर्महतीं प्रकल्प्य
घातस्य मूलं द्विगुणं लघुं च ।
योगान्तरे रूपवदेतयोस्तो
वर्गेण वर्गं गुणयेद्भजेच्च ॥
लघ्व्या हृतायास्तु पदं महत्याः
सैकं निरेकं स्वहतं लघुघ्नं ।
योगान्तरे स्तः क्रमशस्तयोर्वा
पृथक् स्थितिः स्याद्यदि नास्ति मूलम् ॥

બે કરણી સંખ્યાઓનો સરવાળો કે બાદબાકી કરવી હોય તો તે સંખ્યાઓના વ્યક્ત ભાગનો સરવાળો કરવો અને તેને મહતી એવી સંજ્ઞા આપવી અને તેમના ગુણાકારના મૂળના બમણાને લઘુ એવી સંજ્ઞા આપવી. હવે મહતી અને લઘુનો સરવાળો કે બાદબાકી વ્યક્ત સંખ્યા પ્રમાણે કરવી. જે જવાબ આવે તેની પાછળ કરણીનું ચિહ્ન મૂકતા કરણીઓનો સરવાળો કે બાદબાકી આવશે.

√૧૮ + √૨ શોધવા હોય તો
૧૮ + ૨ = ૨૦, આને મહતી કહીશું.
૧૮ × ૨ = ૩૬.
હવે, ૩૬ ના મૂળ ૬ ના બમણા એટલે ૧૨ ને લઘુ કહીશું.
મહતી અને લઘુનો સરવાળો ૨૦ + ૧૨ = ૩૨ થાય છે. તેથી, √૧૮ + √૨ = √૩૨. મહતી અને લઘુની બાદબાકી ૨૦ − ૧૨ = ૮ થઈ. તેથી, √૧૮ − √૨ = √૮.

હવે લઘુસંખ્યા કરતી વખતે કરણીની વ્યક્ત સંખ્યાઓના ગુણાકારનું મૂળ કાઢવું જોઈએ. જો મૂળ નીકળે તો આપેલી કરણી [illegible] સજાતીય છે અને મૂળ ન નીકળે તો આપેલી કરણી [illegible] વિજાતીય છે. મૂળ નીકળી શકે તો જ ઉપર પ્રમાણે ક્રિ-

વાનો અથવા બાદબાકી થઈ શકે. મૂળ ન નીકળે તો સંખ્યાઓને ફરી મુકવી પડશે.

આ નિયમને આધુનિક દૃષ્ટિથી જોઈશું તો સ્પષ્ટ રીતે જણાશે કે
$\sqrt{क्ष} + \sqrt{ह} = \sqrt{क्ष + ह + २ \sqrt{क्ष ह}}$, અથવા
$\sqrt{क्ष} - \sqrt{ह} = \sqrt{क्ष + ह - २ \sqrt{क्ष ह}}$. આમાં

જણાશે કે $क्ष + ह$ ને ભાસ્કરાચાર્ય મહતી કહે છે અને $२ \sqrt{क्ष ह}$ ને ભાસ્કરાચાર્ય લઘુ કહે છે. આથી $अ + \sqrt{आ}$ નું વર્ગમૂળ કાઢવાનો નિયમ શોધી શકાશે.

$अ + \sqrt{आ}$ નું સ્વરૂપ $क्ष + ह + २ \sqrt{क्ष ह}$ ના જેવું હોવું જોઈએ.

$$\text{તેથી} \quad अ = क्ष + ह,$$
$$\sqrt{आ} = २ \sqrt{क्ष ह},$$
$$आ = ४ क्ष ह.$$
$$अ^{२} = क्ष^{२} + ह^{२} + २ क्ष ह,$$
$$आ = ४ क्ष ह,$$
$$अ^{२} - आ = क्ष^{२} + ह^{२} - २ क्ष ह,$$
$$क्ष - ह = \sqrt{अ^{२} - आ},$$
$$२ क्ष = अ + \sqrt{अ^{२} - आ},$$
$$२ ह = अ - \sqrt{अ^{२} - आ},$$
$$\text{તેથી,} \ क्ष = \frac{अ + \sqrt{अ^{२} - आ}}{२},$$
$$ह = \frac{अ - \sqrt{अ^{२} - आ}}{२}.$$

આ પ્રમાણે, $अ + \sqrt{आ}$ નું મૂળ

$$\sqrt{\frac{अ + \sqrt{अ^{२} - आ}}{२}} + \sqrt{\frac{अ - \sqrt{अ^{२} - आ}}{२}} \text{ થયું.}$$

આવી રીતે કરણીના વર્ગમૂળનો પ્રશ્ન પણ ભાસ્કરાચાર્યે સ્પષ્ટ રીતે ઉકેલ્યો છે.

હવે કરણીસંખ્યાઓના સરવાળા તેમજ બાદબાકીના વિષયમાં જે બીજી રીત ભાસ્કરાચાર્યે આપેલી છે તેનો આપણે વિચાર કરીએ.

$\sqrt{૫}$ અને $\sqrt{૩}$,

એ બે કરણી વિજાતીય છે.

વિજાતીય કરણીના સરવાળા અથવા બાદબાકીમાં $\sqrt{૫} + \sqrt{૩}$, અથવા $\sqrt{૩}$ એમ જુદું જુદું લખવું પડશે. સજાતીય કરણીનો યોગ અથવા વિયોગ કરવા માટે ભાસ્કરાચાર્ય નીચેનું સૂત્ર આપે છેઃ

> योगं करण्योर्महतीं प्रकल्प्य
> वधस्य मूलं द्विगुणं लघुं च ।
> योगान्तरे रूपवदेतयोस्तो
> वर्गेण वर्गं गुणयेद्भजेच ॥
> लघ्व्या हृतायास्तु पदं महत्याः
> सैकं निरेकं स्वहतं लघुघ्नं ।
> योगान्तरे स्तः क्रमशस्तयोर्वा
> पृथक् स्थितिः स्याद्यदि नास्ति मूलम् ॥

બે કરણી સંખ્યાઓનો સરવાળો કે બાદબાકી કરવી હોય તો તે સંખ્યાઓના બંને ભાગનો સરવાળો કરવો અને તેને મહતી એવી સંજ્ઞા આપવી અને તેમના ગુણાકારના મૂળના બમણાને લઘુ એવી સંજ્ઞા આપવી. હવે મહતી અને લઘુનો સરવાળો કે બાદબાકી બંને સંખ્યા રૂપમાં કરવી. જે જવાબ આવે તેની પાછળ કરણીનું ચિહ્ન મૂકતાં કરણીઓનો સરવાળો કે બાદબાકી આવશે.

જો $૧૮ + \sqrt{૨}$ શોધવા હોય તો

$૧૮ + ૨ = ૨૦$, આને મહતી કહીશુ.

$૧૮ \times ૨ = ૩૬$

હવે, ૩૬ ના મૂળ ૬ ના બમણા એટલે ૧૨ ને લઘુ કહીશું. મહતી અને લઘુનો સરવાળો $૨૦ + ૧૨ = ૩૨$ થશે. તેથી, $\sqrt{૧૮} + \sqrt{૨} = \sqrt{૩૨}$. મહતી અને લઘુની બાદબાકી $૨૦ - ૧૨ = ૮$ થશે. તેથી, $\sqrt{૧૮} - \sqrt{૨} = \sqrt{૮}$.

૬૪ [illegible]. કરણી અને કરણીની બંને સંખ્યાઓના ગુણાકારનું મૂળ [illegible] જો મૂળ નીકળે તો આપેલી કરણીઓ સજાતીય છે અને મૂળ ન નીકળે તો આપેલી કરણીઓ વિજાતીય છે. મૂળ નીકળે છે કે નહિ એ ઉપર પ્રમાણે કર-

વાળો અથવા બાદબાકી થઈ શકે. મૂળ ન નીકળે તો સંખ્યાઓને છૂટી મૂકવી પડશે.

આ નિયમને આધુનિક દૃષ્ટિથી જોઈશું તો સ્પષ્ટ રીતે જણાશે કે
$\sqrt{क्ष} + \sqrt{ह} = \sqrt{क्ष + ह + २\sqrt{क्ष ह}}$, અથવા
$\sqrt{क्ष} - \sqrt{ह} = \sqrt{क्ष + ह - २\sqrt{क्ष ह}}$. આમાં

જણાશે કે $क्ष + ह$ ને ભાસ્કરાચાર્ય મહતી કહે છે અને $२\sqrt{क्ष ह}$ ને ભાસ્કરાચાર્ય લઘુ કહે છે. આથી $अ + \sqrt{आ}$ નું વર્ગમૂળ કાઢવાનો નિયમ શોધી કઢાશે.

$अ + \sqrt{आ}$ નું સ્વરૂપ $क्ष + ह + २\sqrt{क्ष ह}$ ના જેવું હોવું જોઈએ.

$$\text{તેથી } अ = क्ष + ह,$$
$$\sqrt{आ} = २\sqrt{क्ष ह},$$
$$आ = ४\, क्ष\, ह.$$
$$अ^२ = क्ष^२ + ह^२ + २\, क्ष\, ह,$$
$$आ = ४\, क्ष\, ह,$$
$$अ^२ - आ = क्ष^२ + ह^२ - २\, क्ष\, ह,$$
$$क्ष - ह = \sqrt{अ^२ - आ},$$
$$२\, क्ष = अ + \sqrt{अ^२ - आ},$$
$$२\, ह = अ - \sqrt{अ^२ - आ},$$
$$\text{તેથી, } क्ष = \frac{अ + \sqrt{अ^२ - आ}}{२},$$
$$ह = \frac{अ - \sqrt{अ^२ - आ}}{२}.$$

આ પ્રમાણે, $अ + \sqrt{आ}$ નું મૂળ
$$\sqrt{\frac{अ + \sqrt{अ^२ - आ}}{२}} + \sqrt{\frac{अ - \sqrt{अ^२ - आ}}{२}} \text{ થયું.}$$

આવી રીતે કરણીના વર્ગમૂળનો પ્રશ્ન પણ ભાસ્કરાચાર્યે સ્પષ્ટ રીતે ઉકેલ્યો છે.

હવે કરણીસંખ્યાઓના સરવાળા તેમજ બાદબાકીના વિષયમાં જે બીજી રીતિ ભાસ્કરાચાર્યે આપેલી છે તેનો આપણે વિચાર કરીએ.

બે કરણીમાંથી જે મોટી કરણી હોય તેની વ્યક્ત સંખ્યાને નાના કરણીની વ્યક્ત સંખ્યા વડે ભાગવો અને જે ફલ આવે તેનું મૂલ કાઢવું. જો સરવાળો કરવો હોય તો તે મૂલમાં ૧ ઉમેરવો અને જો બાદબાકી કરવી હોય તો તે મૂલમાંથી ૧ બાદ કરવો. તેમ કરતાં જે પરિણામ આવે તેનો વર્ગ કરવો, અને જે વર્ગ આવે તેને નાના કરણીની વ્યક્ત સંખ્યા વડે ગુણવો. આ પ્રમાણે કરવાથી કરણી સંખ્યાઓનો સરવાળો અથવા બાદબાકી આવશે.

જુઓ આપણે $\sqrt{૨૪} + \sqrt{૫૪}$ નું મૂલ્ય કાઢવું છે. આમાં $\sqrt{૫૪}$ મોટો કરણી છે અને $\sqrt{૨૪}$ નાનો કરણી છે. હવે આપણે ૫૪ ને ૨૪ વડે ભાગવા. $\frac{૫૪}{૨૪} = \frac{૯}{૪}$ એ પ્રમાણે ભાગાકાર આવ્યો. હવે જે ભાગાકાર આવે તેનું મૂલ નીકળવું જ જોઇએ. જો મૂલ નીકળે તો જ આપેલા બન્ને કરણીઓ સજાતીય છે. જો મૂલ ન નીકળે તો આપેલા બન્ને કરણીઓ વિજાતીય છે. આપણા ઉદાહરણમાં $\frac{૯}{૪}$ નું મૂલ નીકળે છે. $\frac{૯}{૪}$ નું મૂલ $\frac{૩}{૨}$ એ પ્રમાણે આવ્યું. હવે $\frac{૩}{૨} + ૧ = \frac{૫}{૨}$ થયા હવે $\frac{૫}{૨} \times \frac{૫}{૨} = \frac{૨૫}{૪}$ એ પ્રમાણે વર્ગ થયો. તે વર્ગને નાના કરણીની વ્યક્ત સંખ્યા વડે ગુણવો જોઇએ.

$\frac{૨૫}{૪} \times ૨૪ = ૨૫ \times ૬ = ૧૫૦;$

એટલે $\sqrt{૫૪} + \sqrt{૧૫૦}\ \sqrt{૨૪} = \sqrt{૧૫૦}.$

જો $\sqrt{૫૪}$ માથી $\sqrt{૨૪}$ બાદ કરવાના હોત તો $\frac{૩}{૨}$ માંથી ૧ બાદ કરવો પડત, એટલે, $\frac{૩}{૨} - ૧ = \frac{૧}{૨}$ આવત. હવે $\frac{૧}{૨} \times \frac{૧}{૨} = \frac{૧}{૪}$ એ પ્રમાણે વર્ગ થાત. $\frac{૧}{૪}$ ને નાના કરણીની વ્યક્ત સંખ્યા વડે ગુણતા $\frac{૧}{૪} \times ૨૪ = ૬$ આવ્યા. એટલે $\sqrt{૫૪} - \sqrt{૨૪} = \sqrt{૧}.$

આવી રીતે કરણી સંખ્યાઓના સંબંધમાં પ્રાચીન ગણિત શાસ્ત્રીઓએ ઊંડું સંશોધન કર્યું હતું.

આધુનિક સમયમા ઘણી નાની સંખ્યાઓ, જેને આપણે શૂન્ય કહીશુ, તેના વિષયમા ઘણી પ્રગતિ થયેલી છે. શૂન્યના સંબંધમાં મુખ્ય નિયમો જે ભાસ્કરાચાર્યે આપેલા છે તે આપણે તપાસીશું.

> योगे खं क्षेपसमं
> वर्गादौ खं खभाजितो राशिः ।
> खहरः स्यात् खगुणः खं
> खगुणश्चिन्त्यश्च शेषविधौ ॥

કોઈ સંખ્યામાં શૂન્ય ઉમેરીએ તો તે સંખ્યા જેટલીજ સં-ખ્યા આવે છે. તેવીજ રીતે કોઈ સંખ્યામાંથી શૂન્ય બાદ કરીએ તો પણ તે સંખ્યા જેટલીજ બરાબર આવે છે. શૂન્યનો વર્ગ કરીએ તો પણ શૂન્ય રહે છે અને શૂન્યનો ઘન કરીએ તો પણ શૂન્ય આવે છે. કોઈપણ રાશિને શૂન્ય વડે ભાગીએ તો ખહર રાશિ, એટલે, અનન્ત રાશિ થાય છે. કોઈપણ સંખ્યાને શૂન્ય વડે ગુણીએ તો ગુણાકાર શૂન્ય બરોબર આવે છે.

આ નિયમો નીચે મુજબ દર્શાવી શકાય:

$$ક + ૦ = ક.$$
$$ક - ૦ = ક.$$
$$ક \times ૦ = ૦.$$

જેના હારમાં શૂન્ય હોય છે તે રાશિને ભાસ્કરાચાર્ય ખહર, અથવા, અનન્ત રાશિ કહે છે. ખહર રાશિમાં બીજી કોઈ સાન્ત રાશિ ઉમેરવાથી અથવા બાદ કરવાથી કશો ફેરફાર થતો નથી. જેમકે

$$\frac{ક}{૦} + ખ = \frac{ક + ખ \times ૦}{૦},$$
$$= \frac{ક + ૦}{૦} = \frac{ક}{૦}.$$

તેવીજ રીતે $\frac{ક}{૦} - ખ = \frac{ક - ખ \times ૦}{૦} = \frac{ક}{૦}.$

અર્થાત્, ખહર રાશિમાં કોઈ સાન્ત રાશિ ઉમેરીએ અથવા તેમાંથી કોઈ સાન્ત રાશિ બાદ કરીએ, તો પણ ખહર રાશિ અવિકૃત રહે છે. આ વિચારને ભાસ્કરાચાર્યે પણ જ સુન્દર શબ્દોમાં રજુ કરેલો છે.

अस्मिन विकारः खहरे न राशा-
वपि प्रविष्टेष्वपि निःसृतेषु ।
बहुष्वपि स्याल्लयसृष्टिकालेऽ-
नन्तेऽच्युते भूतगणेषु यद्वत् ॥

જેવી રીતે પ્રલય વખતે અનન્ત, અચ્યુત ભગવાનમાં અનેક ભૂત પ્રાણીઓ લય પામે છે અને સૃષ્ટિ સમયે અનન્ત ભગવાનમાંથી અનેક ભૂત પ્રાણીઓ છૂટા પડે છે, તો પણ અનન્ત, અચ્યુત, ભગ-વાનમાં કશો ફેરફાર થતો નથી, તેવી જ રીતે ખહર રાશિમાં કોઈ પણ રાશિ ઉમેરીએ અથવા તેમાથી કોઈ પણ રાશિ બાદ કરીએ તોપણ તે ખહર રાશિમાં કશો વિકાર થતો નથી. આ પ્રમાણે ખહર

રાશિના સંબંધમાં ભાસ્કરાચાર્યે સ્પષ્ટ નિવેદન કરેલું છે. પણ કોઈ રાશિને શૂન્ય વડે ગુણીએ અને શૂન્ય વડે ભાગીએ, તો તે રાશિ હતો તેટલો ને તેટલો રહે છે એવું જે ભાસ્કરાચાર્યે કહેવું તે ભૂલ ભરેલું છે. આધુનિક સમયમાં શૂન્યલબ્ધિ અને શૂન્યયુતિનાં શાસ્ત્રો નિર્માણ થયાં છે તેનો આધાર $\frac{૦}{૦}$ નું મૂલ્ય કાઢવા ઉપર રાખે છે. ભાસ્કરાચાર્ય તો $\frac{૦}{૦}$ ને ૧ ની બરોબર ગણે છે.

> शून्ये गुणके जाते
> खं हारश्चेत् पुनस्तदा राशिः ।
> अविकृत एव ज्ञेय-
> स्तथैव खेनोनितः श्चयुतः ॥

કોઈ રાશિને શૂન્ય વડે ગુણીએ અને શૂન્ય વડે ભાગીએ તો તે રાશિમાં કશો વિકાર થતો નથી. અર્થાત્, ભાસ્કરાચાર્યના કહેવા મુજબ

$$\frac{૬ \times ૦}{૦} = ૬,$$

એટલે $\frac{૦}{૦}$ નું મૂલ્ય હમેશા ૧ ની બરોબર છે.

આ માન્યતામાં રહેલી ભૂલ આપણે સ્વીકારવી જ પડશે. ધારો આપણે $\frac{\text{ક્ષ}^૨ - ૧}{\text{ક્ષ} - ૧}$નું મૂલ્ય, જ્યારે ક્ષ = ૧ હોય, ત્યારે કાઢવું છે.

આપેલા ભિન્નના અંશમાં ક્ષ = ૧ મુકીએ, તો અંશ શૂન્ય બરોબર થાય છે. તેવી જ રીતે હારમાં ક્ષ = ૧ મુકીએ તો હાર પણ શૂન્યની બરોબર થાય છે, તેથી જ્યારે ક્ષ = ૧ હોય, ત્યારે $\frac{\text{ક્ષ}^૨ - ૧}{\text{ક્ષ} - ૧}$નું સ્વરૂપ $\frac{૦}{૦}$ જેવું થાય છે.

ભાસ્કરાચાર્યની માન્યતા મુજબ આને આપણે ૧ ની બરોબર ગણવું જોઈએ, પણ જરા ખ્યાલ કરવાથી જણાશે કે જ્યારે ક્ષ = ૧ મુકવામાં આવે ત્યારે $\frac{\text{ક્ષ}^૨ - ૧}{\text{ક્ષ} - ૧}$ નું મૂલ્ય એકની બરોબર નથી એવું તુરત સમજાશે.


ધારો કે આપણે ક્ષ = ૧ મુકવાને બદલે ક્ષ = ૧ + ક મુકીએ અને નિશ્ચય કરીએ કે ક ના કિંમત પદ્ધતિસર નાની છે. આપણે કલ્પના કરી શકીએ એટલી નાનામાં નાની વસ્તુ કરતાં આપણે ક ને નાનો ગણવાનો છે.

$$\frac{\text{ક્ષ}^2-૧}{\text{ક્ષ}-૧}=\frac{(\text{દ}+૧)^2-૧}{(\text{દ}+૧)-૧}=\frac{\text{દ}^2+૨\,\text{દ}+૧-૧}{\text{દ}}$$

$$=\text{દ}+૨=૨+\text{દ}.$$

તેથી જ્યારે દ ને ખુબ નાનો કરવામાં આવે ત્યારે અતિ $\frac{\text{ક્ષ}^2-૧}{\text{ક્ષ}-૧}$ની કિમ્મત ૨ ની બરોબર થશે. જેમ જેમ દ ને નાનો કરતાં જઈશું, તેમ તેમ ક્ષ અને ૧ વચ્ચેનું અન્તર ઓછું થતું જશે અને તેવીજ રીતે $\frac{\text{ક્ષ}^2-૧}{\text{ક્ષ}-૧}$ અને ૨ વચ્ચેનું અન્તર ઓછું ને ઓછું થતું જશે.

આ પ્રમાણે સંખ્યાઓની કલ્પનામાં પ્રાચીન ભારતવાસીઓએ કેટલી પ્રગતિનો વિચાર કર્યા પછી ભૂમિતિમાં જે જે શોધખોળો ભારત ભૂમિમાં સ્વતંત્ર રીતે થઈ હતી તેનો આપણે વિચાર કરીશું. વેદોના સમયથી ભૂમિતિમાં શોધખોળ થયેલી છે. યજ્ઞની વેદિઓ બનાવવા માટે ભૂમિતિના નિયમોની જરૂર પડતી. પ્રાચીન સમયની ભૂમિતિનો યજ્ઞના ક્રિયા કાણ્ડ સાથે સમ્બન્ધ છે. પ્રાચીન ભૂમિતિનાં દર્શન શુલ્વ સૂત્રમાં થાય છે. એટલું અમે જણાવીશું કે ભારત વર્ષમાં ભૂમિતિ અને બીજગણિતને વિખુટાં પાડવામાં નથી આવ્યાં. ભૂમિતિમાં પણ જ્યાંએ ત્યાં બીજ ગણિતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગ્રીક ભૂમિતિમાં ગણત્રીને સ્થાન આપવામાં નહોતું આવતું. ભૂમિતિ અને ગણિત એવા વિખૂટાં પાડવામાં આવ્યા હતાં કે એકનો બીજામાં પ્રવેશ થઇ શકેજ નહી. આવી સંકુચિત દૃષ્ટિની અસર ઠેઠ અર્વાચીન વખત સુધી યુરોપમાં રહી હતી. શુદ્ધ ભૂમિતિના પ્રશ્નોમાં બીજ ગણિતનો ઉપયોગ ન કરવો એવી માન્યતા અત્યાર સુધી પ્રચલિત હતી. આધુનિક સમયમાં બૈજિક ભૂમિતિમાં અસાધારણ પ્રગતિ થયા બાદ આ સાંકડા વિચારોને છોડી દેવામાં આવ્યા છે. ભારતવાસીઓ તો ભૂમિતિમાં બીજ ગણિતનો છુટથી ઉપયોગ કરે છે. દાખલા તરીકે, કોઇપણ સમકોણ ત્રિભુજના કર્ણનો વર્ગ સમકોણની પાસેની બાજુઓના વર્ગના યોગની બરોબર છે. આ સિદ્ધાન્તને સાબીત કરવામાં જે પદ્ધતિ સ્વીકારવામાં આવી છે તે પદ્ધતિમાં બીજ ગણિતનો છુટથી ઉપયોગ થયેલો છે.



લસવ ત્રિભુજમાં સ ખુણો સમ છે. સ ખુણાની સાં
બાજુ કર્ણ છે. કર્ણ ઉપર જે વર્ગ કાઢવામાં આવે તેમાંથી આ
ત્રિભુજ જેવડા ચાર ત્રિભુજો કાઢી નાંખીએ તો એક સમચતુ
બાકી રહે છે. હવે ધારો કે લવ બાજુ કની બરોબર છે
તેવીજ રીતે લસ બાજુ ખની બરોબર અને સવ બાજુ
બરોબર છે. હવે આકૃતિમાંથી સ્પષ્ટ દેખાય છે કે કના વર્ગમાં
પેલા ત્રિભુજ જેવડા ચાર ત્રિભુજ અને (ખ–ગ) નો વર્ગ સ
જાય છે.

એટલે $ક^2 = ૪ \left(\frac{૧}{૨} ખ ગ \right) + (ખ-ગ)^2$

$ક^2 = ૨ ખ ગ + ખ^2 - ૨ ખ ગ + ગ^2$

તેથી $ક^2 = ખ^2 + ગ^2$

આ સિદ્ધાન્તને આપણે પીથાગોરસના સિદ્ધાન્ત ત
ઓળખીએ છીએ.

ત્રિકોણનું પૃષ્ઠ ૪ળ અને વૃત્તાન્તર્ગત ચતુષ્કોણનું ક્ષેત્રફળ
બ્રહ્મગુપ્તે ઇસ્વીસનના પાંચમા સૈકાના સુમારમાં આપેલું છે.
વિષયના નિયમો ભાસ્કરાચાર્યે નીચેના સૂત્રોમા ગુંથ્યા છે.

सर्वदोर्युतिदलं चतुःस्थितं
बाहुभिर्विरहितं च तद्धतेः ।
मूलमस्फुटफलं चतुर्भुजे
स्पष्टमेवमुदितं त्रिबाहुके ॥

ચતુર્ભુજના ચારે ભુજના યોગને અડધો કરવો. તેને
સ્થલમાં રાખવો અને તે દરેકમાથી અનુક્રમે ચારે ભુજની લંબા
બાદ કરવી. એમ કરતા જે ચાર ફલ આવે તેનો ગુણાકાર કરી

આવે તેનું વર્ગ મૂલ કરવું. આમ કરવાથી ચતુર્ભુજમાં અસ્ફુટ ફલ આવશે પણ ત્રિભુજમાં સ્ફુટ ફલ આવશે.

જો તે ચતુર્ભુજ લઈએ તો ફલ અસ્ફુટ છે પણ વૃત્તાન્તર્ગત ચતુર્ભુજ લઈએ તો ફલ સ્ફુટ છે. આધુનિક સમયમાં પણ વૃત્તાન્તર્ગત ચતુર્ભુજ માટે આજ નિયમનો ઉપયોગ કરવામાં આવે છે.

ધારો કે જે ચતુર્ભુજને વૃત્તની અંદર મુકી શકાય એવો હોય તેવા ચતુર્ભુજના ચારે બાજુઓની લંબાઈ ક, ખ, ગ, ઘ છે. આપણે ½ (ક + ખ + ગ + ઘ) ને માટે સ મુકીશું. નિયમ મુજબ આવા ચતુર્ભુજનું ક્ષેત્રફળ

√(સ—ક) (સ—ખ) (સ—ગ) (સ—ઘ) થયું.

તેવીજ રીતે કોઈ ત્રિભુજની ત્રણે બાજુઓ ક, ખ, ગ હોય તો ક્ષેત્ર ફળ

√સ (સ-ક) (સ-ખ) (સ-ગ) થાય વૃત્તની અંદર કાઢેલા ત્રિભુજ, ચતુર્ભુજ, પંચભુજ, ષડ્ભુજ વિગેરેની બાજુની લંબાઈ વેદિઓ બનાવવામાં ઉપયોગી હોવાથી શોધી કાઢવામાં આવી છે. આ કોઠક ઘણું ઉપયોગી છે અને તે ઉપરથી કેટલાક કોણોનો જ્યાર્ધ શોધી કાઢવામાં પ્રયત્ન થયેલો એવું સ્પષ્ટ જણાય છે. વૃત્તમાં કાઢેલા ત્રિભુજથી નવભુજ સુધીના ભુજની લંબાઈ નીચેના શ્લોકોમાં ભાસ્કરાચાર્યે આપેલી છે.

त्रिद्व्यङ्काग्निनभश्चन्द्रैस् (१०३९२३)
त्रिबाणाष्टयुगाष्टभिः । (८४८५३)
वेदाग्निबाणखाश्वैश्च । (७०५३४)
खखाभ्राभ्ररसैः क्रमात् ॥ (६००००)
बाणेषुनखबाणैश्च (५२०५५)
द्विद्विनन्देषुसागरैः ॥ (४५९२२)
कुरामदशवेदैश्च (४१०४१)
वृत्तव्यासे समाहते ॥
खखखाभ्रार्क (१२००००) संभक्ते
लभ्यन्ते क्रमशो भुजाः ।
वृत्तान्तस्त्र्यस्रपूर्वाणां
नवास्रान्तं पृथक् पृथक् ॥

કોઈ પણ વર્તુલનો વ્યાસ વ હોય તો વને પરિધિના મળે તે
બિન્દુએ સમ્મુખીભૂત કોણ ના જ્યાર્ધ વડે ગુણવાથી વૃત્તાન્તર્ગ
સમકોણ સમભુજ બહુકોણના ભુજની લંબાઇ આવે છે. એટ
ઉપરનાં સૂત્રોમાં ૬૦°, ૪૫°, ૩૦° $(\frac{૧૮૦}{૭})°$, $(૨૨\frac{૧}{૨})°$
(૨૦)° નો જ્યાર્ધ આપેલો છે એવું કહીએ તો ચાલે. આમાં
૬૦°, ૪૫° અને ૩૦° નો જ્યાર્ધ બરોબર આપેલો છે. બીજામાં કે
ફેરફાર છે તે બતાવીશું. ખરા મૂલ્ય નીચે પ્રમાણે છે.


$$ज्यार्ध\ (\frac{૧૮૦}{૭}) = \frac{૫૨૦૬૬}{૧૨૦૦૦૦}$$

$$ज्यार्ध\ (૨૨\frac{૧}{૨}) = \frac{૪૫૯૨૨}{૧૨૦૦૦૦}$$

$$ज्यार्ध\ (૨૦) = \frac{૪૧૦૪૨}{૧૨૦૦૦૦}$$

જ્યારે તેમને માટે ભાસ્કરાચાર્યે આપેલા મૂલ્ય અનુક્ર
$\frac{૫૨૦૫૫}{૧૨૦૦૦૦}$, $\frac{૪૫૯૨૨}{૧૨૦૦૦૦}$ અને $\frac{૪૧૦૩૧}{૧૨૦૦૦૦}$ છે.

આ ઉપરથી જણાશે કે સમભુજ અને નવભુજની બાજુ કાઢ
વામાં થોડી ચુક છે. જ્યાં આપેલા કોણના અડધાનું જ્યાર્ધ કાઢ
વાનું હોય છે ત્યાં ભુલ હોતી નથી. અમુક ભુજની સંખ્યાવાળ
સમબહુભુજના બાજુના માપ ઉપરથી તેનાથી બમણા ભુજવાળ
સમબહુભુજના બાજુના માપ કાઢવા માટે પ્રાચીન ભારતી
સીઓ એક વધુ સુન્દર નિયમ હતો.



$$\text{તદ} = \sqrt{૨ - \sqrt{૪ - \text{તથ}^૨}}$$

આ નિયમમાં વ્યાસાર્ધની કિમ્મત એક છે. તથ બાજુને પરિધિ પાસે સમ્મુખીભૂત ખુણો ક્ષ હોય તો

$$\text{તથ} = ૨ \times \text{જ્યા ક્ષ}$$

$$૪ - \text{તથ}^૨ = ૪ - ૪ \text{ જ્યા}^૨ \text{ ક્ષ}$$

$$= ૪ \text{ કોજ્યા}^૨ \text{ ક્ષ}$$

$$\sqrt{૪ - \text{તથ}^૨} = ૨ \text{ કોજ્યા ક્ષ}$$

$$\sqrt{૨ - \sqrt{૪ - \text{તથ}^૨}} = \sqrt{૨ - ૨ \text{ કો જ્યા ક્ષ}}$$

$$\text{હવે } ૧ - \text{કોજ્યા ક્ષ} = ૨ \text{ જ્યા}^૨ \left(\frac{\text{ક્ષ}}{૨}\right)$$

$$૨ - ૨ \text{ કો જ્યા ક્ષ} = ૪ \text{ જ્યા}^૨ \left(\frac{\text{ક્ષ}}{૨}\right)$$

$$૨ \text{ જ્યા} \left(\frac{\text{ક્ષ}}{૨}\right) = \sqrt{૨ - ૨ \text{ કો જ્યા ક્ષ}}$$

$$\text{પણ તદ} = ૨ \text{ જ્યા} \left(\frac{\text{ક્ષ}}{૨}\right)$$

$$\text{એટલે તદ} = \sqrt{૨ - \sqrt{૪ - \text{તથ}^૨}}$$

આ ઉપરથી સમજાશે કે ૬૦°, ૪૫°, ૩૦°, (૨૨½)° વિગેરેના જ્યાર્ધની ગણત્રીમાં ભાસ્કરાચાર્યની લગારે ભુલ નથી. બીજી ગણત્રી અટકળથી કરેલી હોવાને લીધે થોડી ચુક જણાય છે.

હવે ૫ ભુજની બાજુ વ્યાસાર્ધની એટલે ત્રિજ્યાની બરોબર છે. આ ઉપરથી કાદશ ભુજની બાજુની કિમ્મત તુરત નીકળશે.

$$\sqrt{૨ - \sqrt{૪ - ૧}} \text{ એટલે } \sqrt{૨ - \sqrt{૩}}$$

આ ઉપરથી સમજાશે કે

$$૨ \text{ જ્યા } ૧૫^\circ = \sqrt{૨ - \sqrt{૩}}$$

$$\text{એટલે } ૨ \text{ જ્યા } ૧૫^\circ = \sqrt{\frac{૩}{૨}} - \sqrt{\frac{૧}{૨}} = \frac{\sqrt{૩} - ૧}{\sqrt{૨}}$$

$$\text{તેથી જ્યા } ૧૫^\circ = \frac{\sqrt{૩} - ૧}{૨\sqrt{૨}}$$

આ નિયમનો વારવાર ઉપયોગ કરી (૩¾)° ના જ્યાર્ધની કિમ્મત શોધી કાઢવામાં આવી છે. આગળ વધી ૩૮૪ ભુજવાળા બહુભુજની બાજુની લમ્બાઈ શોધવામાં આવી છે અને વૃત્તના

પરિધિનું મૂલ્ય કાઢવામાં આવ્યું છે, વૃત્તના પરિધિ અને વ્યાસ વચ્ચેના ગુણોત્તરના શોધનમાં પ્રાચીન સમયથી અસંખ્ય ગણિત શાસ્ત્રીઓએ પરિશ્રમ કર્યો છે, આર્યભટે આ ગુણોત્તરનું મૂલ્ય $\frac{૩૯૨૭}{૧૨૫૦}$ એ પ્રમાણે આપ્યું છે.

ભાસ્કરનું સૂત્ર નીચે પ્રમાણે છે.

> व्यासे भनन्दाग्निहते विभक्ते
> खबाणसूर्यैः परिधिः स सूक्ष्मः ।
> द्वाविंशतिघ्ने विहृतेऽथ शैलैः
> स्थूलोऽथवा स्याद्व्यवहारयोग्यः ॥

વ્યાસને ૩૯૨૭ વડે ગુણી ૧૨૫૦ વડે ભાગવાથી સૂક્ષ્મપરિધિ આવે છે અને વ્યાસને ૨૨ વડે ગુણી ૭ વડે ભાગવાથી સ્થૂલ પરિધિ આવે છે. અર્થાત્

$$\frac{\text{પરિધિ}}{\text{વ્યાસ}} = \frac{૩૯૨૭}{૧૨૫૦} = ૩.૧૪૧૬,$$

આ સૂક્ષ્મ મૂલ્ય છે અને

$\frac{\text{પરિધિ}}{\text{વ્યાસ}} = \frac{૨૨}{૭}$ એ સ્થૂલમૂલ્ય છે અને વ્યવહારમાં ઝડપથી ગણત્રી કરતી વખતે વપરાય છે.

ભારતવાસીઓની ખરી કીર્તિ તો અનિશ્ચિત સમીકરણોના શોધનમાં છે, દાખલા તરીકે

$$૨૩\ ક્ષ + ૧૨ = ૩૫\ ह,$$

આ સમીકરણનું પૂર્ણાંકમાં શોધન કરવું હોય ત્યારે જે નિયમોનો ઉપયોગ કરવો પડે છે તે બધા પ્રાચીન ભારતવાસીઓએ શોધી કાઢ્યા છે. આ વિષય ઘણો ગહન છે, તેનું સંપૂર્ણ વિવેચન કરતા લંબાણ ઘણું થઇ જાય તેથી ફક્ત ઉપર બતાવેલા સમીકરણને છોડવામાં કેવી પદ્ધતિ સ્વીકારવામાં આવી છે તેનો ટુંકામાં નિર્દેશ કરીશું.

$$\frac{૩૫\ ह - ૧૨}{૨૩} = ક્ષ = ह + \frac{૧૨\ ह - ૧૨}{૨૩};\ હવે$$

$$\frac{૧૨\,\text{ह} - ૧૨}{૨૩} = \text{क}$$

$$\frac{૨૩\,\text{क} + ૧૨}{૧૨} = \text{ह} = \text{क} + \frac{૧૧\,\text{क} + ૧૨}{૧૨}$$

$$\frac{૧૧\,\text{क} + ૧૨}{૧૨} = \text{ख}$$

$$\frac{૧૨\,\text{ख} - ૧૨}{૧૧} = \text{क} = \text{ख} + \frac{\text{ख} - ૧૨}{૧૧}, \text{ તેથી } \frac{\text{ख} - ૧૨}{૧૧} = \text{ग}$$

$$૧૧\,\text{ग} + ૧૨ = \text{ख}$$

હવે ધારો કે $\text{ग} = ૧$

$$\text{ख} = ૨૩$$

$$\text{क} = \frac{૧૨ \times ૨૩ - ૧૨}{૧૧} = \frac{૧૨ \times ૨૨}{૧૧} = ૨૪$$

$$\text{ह} = \frac{૨૩ \times ૨૪ + ૧૨}{૧૨} = ૪૭$$

$$\text{क्ष} = \frac{૩૫ \times ૪૭ - ૧૨}{૨૩} = \frac{૧૬૪૫ - ૧૨}{૨૩} =$$

$$\frac{૧૬૩૩}{૨૩} = ૭૧$$

$\text{क्ष} = ૭૧$ અને $\text{ह} = ૪૭$

હવે क्ष મા ૩૫ ઘટાડીએ તો ह મા ૨૩ નો ઘટાડો થશે.

$\text{क्ष} = ૩૬$ અને $\text{ह} = ૨૪$

આવી રીતે $\text{क्ष} = ૩૬ + ૩૫\,\text{ट}$

અને $\text{ह} = ૨૪ + ૨૩\,\text{ट}$,

જ્યા ट ને ગમે તે પૂર્ણ કિમ્મત આપી શકાય. આવાં સમીકરણોને અનિશ્ચિત સમીકરણો કહે છે. આના શોધનમાં ભારતવાસીઓએ જે નિયમો આપ્યા છે તે બધા અઢારમા સૈકામા ઓઇલર નામના ગણિતશાસ્ત્રીને ફરીથી શોધવા પડ્યા હતા. કારણ કે ભાસ્કરાચાર્યના પુસ્તકો ઓગણીસમા સૈકા પહેલા યુરોપમા પહોચ્યા નહતા. આ સમીકરણોને ભાસ્કરાચાર્ય કુટ્ટક સમીકરણો કહે છે. આ વિષયમાં બની શકશે તો એક સ્વતંત્ર વ્યાખ્યાન આપવા પ્રયત્ન કરીશ.

ઉપર જે વર્ણન કર્યું છે તે ઉપરથી સંપૂર્ણ રીતે સાબીત થશે કે પ્રાચીન ભારત વર્ષમાં ગણિત શાસ્ત્રમાં ઘણું સંશોધન થયેલું હતું. આ વિષયમાં જેટલું વધારે વિવેચન કરીએ તેટલું થોડું છે. મેં ફક્ત થોડા મુદ્દા ટુંકી બની શકે તેટલી સ્પષ્ટ ભાષામાં સમજુતી પૂર્વક આપની સમક્ષ વ્યાખ્યાન કર્યું છે. શાસ્ત્રીય વિષયમાં ખાસ પ્રયત્ન કરી સમજવાની તસ્દી લઇએ ત્યારેજ સમજણ પડે છે. તેથી આપને વિચાર કરતાં અને સમજવાનો પરિશ્રમ લેતાં મેં જે કહ્યું છે તે સારી રીતે સમજી શકાશે. આપ સઘળાએ આવા ગહન વિષયમાં જે શાન્તિપૂર્વક અવધાનસહિત શ્રવણ કર્યું છે તે માટે હું આપ સઘળાનો ઉપકાર માનું છું.



યોગદર્શન

પં. સુખલાલજી સંઘવી.

પ્રત્યેક મનુષ્યવ્યક્તિ સૂર્યની જેમ અપરિમિત શક્તિઓના તેજનો પુંજ છે. જે રીતે સૂર્યના આડે એ અનેક વાદળોનું પડળ છે, તેમ આત્મા પણ જ્યારે [illegible] વ્યક્તિ આ [illegible] અવરોધના કે નિરાશાના વમળમાં ફસાય છે ત્યારે 'તેનું કારણ શું' એ પ્રશ્ન સહજ ઉદ્ભવે છે. વિશેષ વિચારતાં જણાય છે કે નિરાશાના આ વિકલ્પનું કારણ યોગ (સ્થિરતા)નો અભાવ છે. યોગના અભાવથી બુદ્ધિ સંકોચિત થયા કરે છે, અને તેથી પ્રયત્નની દિશા અનિશ્ચિત થઈ જવાને લીધે મનુષ્યની શક્તિઓ પૂરી ઉપયોગમાં ન આવતાં તેને ઉન્નત બનાવવાને બદલે પાયમાલ કરી નાખે છે; તે માટે સર્વ શક્તિઓને એક કેન્દ્રસ્થ બનાવવા તથા સાધ્ય સુધી પહોંચવા વાસ્તે અનિવાર્ય રીતે દરેકને યોગની આવશ્યકતા છે. એ જ હેતુથી પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં યોગનો વિષય પસંદ કરવામાં આવેલ છે.

આ વિષયની શાસ્ત્રીય મીમાંસા કરવાનો ઉદ્દેશ એ છે કે આપણને આપણા પૂર્વજોના તથા [illegible] યથાર્થ વિદિત થાય અને તે દ્વારા આર્યસંસ્કૃતિના એક [illegible] પણ નિશ્ચિત રહસ્ય સમજાય.

યોગદર્શન એ સામાસિક [illegible] [illegible] દર્શન એ બે શબ્દો મળીને છે

ક. યોગ શબ્દનો અર્થ— [illegible] યુજ [illegible] અને ઘઞ્ પ્રત્યય ઉપરથી સિદ્ધ થયેલ છે. યુજ [illegible] એનો અર્થ છે 'જોડવું' અને બીજાનો અર્થ [illegible] સમાધિ [illegible]. સામાન્ય રીતે યોગ શબ્દનો અર્થ 'સંબંધ [illegible]' અથવા 'માનસિક સ્થિરતા પ્રાપ્ત કરવી' એટલો જ થાય છે, પરંતુ [illegible] અનુસાર તેના અનેક અર્થો [illegible] જાય છે. એ બહુરૂપિતાને લીધે જ લોકમાન્ય પોતાના [illegible] ગીતાનું

૧. યુજૂંપી યોગે હેમચંદ્ર ધાતુપા., ગણ ૭.
૨. યુજિંચ્ સમાધૌ „ „ ગણ ૪.

ગ. દર્શન શબ્દનો અર્થ—ચાક્ષુષજ્ઞાન[1], નિર્વિકલ્પ (નિરાકાર) બોધ[2], શ્રદ્ધા[3] મત,[4] આદિ અનેક અર્થો દર્શન શબ્દના જોવામાં આવે છે. પરંતુ પ્રસ્તુત વિષયમાં દર્શન શબ્દનો 'મત' એ એક જ અર્થ ઇષ્ટ છે.

યોગના આવિષ્કારનું માન—કેટલા દેશ અને કેટલી જાતિઓના આધ્યાત્મિક મહાપુરુષોની જીવનકથા તેમજ તેમનું જે સાહિત્ય ઉપલબ્ધ છે તે ઉપરથી જોનાર કોઈ પણ એમ નહિ કહી શકે કે આધ્યાત્મિક વિકાસ એ અમુક દેશ અથવા અમુક જાતિનો જ વારસો છે, કારણ કે બધા દેશ અને બધી જાતિઓમાં ઓછાવત્તા પ્રમાણમાં આધ્યાત્મિક વિકાસ ધરાવનાર મહાપુરુષો થઈ ગયાનાં પ્રમાણો મળી આવે છે.[5] યોગનો સંબંધ આધ્યાત્મિક વિકાસ સાથે છે, તેથી એ સ્પષ્ટ છે કે સમસ્ત દેશ તથા સમસ્ત જાતિઓમાં યોગનું અસ્તિત્વ રહેલ છે. છતાં કોઈ પણ વિચારશીલ મનુષ્ય એ વાતનો અસ્વીકાર નહીં કરે કે યોગના આવિષ્કારનું તથા તેને પરાકાષ્ઠા સુધી પહોંચાડવાનું માન ભારતવર્ષ તથા આર્યજાતિને જ ઘટે છે. આ વાતની પુષ્ટિમાં મુખ્ય ત્રણ બાબતો રજૂ કરી શકાય: (૧) યોગી, જ્ઞાની, તપસ્વી આદિ આધ્યાત્મિક મહાપુરુષોની વિપુલતા, (૨) સાહિત્યના ધ્યેયની એકરૂપતા, અને (૩) લોકરુચિ. આ ત્રણે બાબતો અનુક્રમે તપાસીએ.

(૧) પહેલેથી આજ સુધી ભારતવર્ષમાં આધ્યાત્મિક મહાપુરુષોની સંખ્યા એટલી મોટી રહેતી આવી છે કે જેના સામે બીજા બધા દેશ અને બધી જાતિઓના આધ્યાત્મિક પુરુષોની કુલ સંખ્યા એટલી અલ્પ જણાય છે કે જેમ ગંગાની સામે એક નાની નદી.

(૨) તત્ત્વજ્ઞાન, આચાર, ઇતિહાસ, કાવ્ય, નાટક આદિ સાહિત્યના કોઈ પણ ભાગ ઉપર દૃષ્ટિપાત કરતાં જણાશે કે તેનું અંતિમ ધ્યેય ઘણે ભાગે મોક્ષ જ હશે. વેદનો મોટો ભાગ પ્રાકૃતિક

---

૧. દૃશં પ્રેક્ષણે—હેમચંદ્ર, ધાતુપાઠ, ગણ ૧.
૨. શ્લોકવાર્તિક—તત્ત્વાર્થ અધ્યાય ૨, સૂત્ર ૯.
૩. „ „ „ ૧, „ ૨
૪. ષડ્દર્શન સમુચ્ચય—શ્લોક ૨—"दर्शनानि षडेवात्र" ઇત્યાદિ.
૫. ઉદાહરણાર્થ જરથોસ્ત, ઈસુ, મહમ્મદ આદિ.

અ. દર્શન શબ્દનો અર્થ—નેત્રજન્યજ્ઞાન[1], નિર્વિકલ્પ (નિરાકાર) બોધ[2], શ્રદ્ધા[3] મત,[4] આદિ અનેક અર્થો દર્શન શબ્દના જોવામાં આવે છે. પરંતુ પ્રસ્તુત વિષયમાં દર્શન શબ્દનો 'મત' એ એક જ અર્થ ઇષ્ટ છે.

યોગના આવિષ્કારનું માન—જેટલા દેશ અને જેટલી જાતિયોના આધ્યાત્મિક મહાપુરૂષોની જીવનકથા તેમજ તેઓનું જે સાહિત્ય ઉપલબ્ધ થા છે તેને જોનાર કોઈ પણ એમ નહિ કહી શકે કે આધ્યાત્મિક વિકાસ એ અમુક દેશ અથવા અમુક જાતિનો જ વારસો છે, કારણ કે સમગ્ર દેશ અને સમગ્ર જાતિયોમાં ઓછાવત્તા પ્રમાણમાં આધ્યાત્મિક વિકાસ ધરાવનાર મહાપુરૂષો થઇ ગયાનાં પ્રમાણો મળી આવે છે.[5] યોગનો સંબંધ આધ્યાત્મિક વિકાસ સાથે છે, તેથી એ ખુલ્લું છે કે સમસ્ત દેશ તથા સમસ્ત જાતિયોમાં યોગનું અસ્તિત્વ રહેલ છે. છતાં કોઇ પણ વિચારશીલ મનુષ્ય એ વાતનો અસ્વીકાર નહીં કરે કે યોગના આવિષ્કારનું તથા તેને પરાકાષ્ઠા સુધી પ્હોંચાડવાનું માન ભારતવર્ષ તથા આર્યજાતિને જ ઘટે છે. આ વાતની પુષ્ટિમાં મુખ્ય ત્રણ બાબતો રજુ કરી શકાયઃ (૧) યોગી, જ્ઞાની, તપસ્વી આદિ આધ્યાત્મિક મહાપુરૂષોની વિપુલતા, (૨) સાહિત્યના ધ્યેયની એકરૂપતા, અને (૩) લોકરૂચિ. આ ત્રણે બાબતો અનુક્રમે તપાસીયે.

(૧) પહેલેથી આજ સુધી ભારતવર્ષમા આધ્યાત્મિક મહાપુરૂષોની સંખ્યા એટલી મોટી રહેતી આવી છે કે જેના સામે બીજા સઘળા દેશ અને સઘળી જાતિયોના આધ્યાત્મિક પુરૂષોની કુલ સંખ્યા એટલી અલ્પ જણાય છે કે જેમ ગંગાની સામે એક નાની નદી.

(૨) તત્વજ્ઞાન, આચાર, ઇતિહાસ, કાવ્ય, નાટક આદિ સાહિત્યના કોઇ પણ ભાગ ઉપર દ્રષ્ટિપાત કરતાં જણાશે કે ત્હેનું અંતિમ ધ્યેય ઘણે ભાગે મોક્ષ જ હશે. વેદનો મોટો ભાગ પ્રાકૃતિક

---

૧. દૃશૃં પ્રેક્ષણે—હેમચંદ્ર, ધાતુપાઠ, ગણ ૧.
૨. શ્લોકવાર્તિક—તત્વાર્થ અધ્યાય ૨, સૂત્ર ૯.
૩. „ „ „ ૧, „ ૨
૪. ષડ્દર્શન સમુચ્ચય—શ્લોક ૨—" દર્શનાનિ ષડેવાત્ર" ઇત્યાદિ.
૫. ઉદાહરણાર્થ જરથોસ્ત, ઇસુ, મહમ્મદ આદિ.

તાત્પર્ય સમજાવવા માટે યોગશબ્દાર્થનિર્ણયની વિસ્તૃત ભૂમિકા રચવી પડી છે.[1] કિન્તુ યોગદર્શનમાં યોગ શબ્દનો અર્થ શો છે એ જણાવવા માટે તેટલા ઉંડાણમાં ઉતરવાની કંઇ આવશ્યકતા નથી, કારણ કે 'યોગ' સંબંધી તમામ ગ્રન્થોમાં જ્યાં જ્યાં યોગ શબ્દ આવેલ છે ત્યાં સર્વત્ર તેનો એક જ અર્થ છે. અને તે અર્થનું સ્પષ્ટીકરણ તે તે ગ્રન્થમાં ગ્રન્થકારે પોતે જ કરેલ છે. ભગવાન્ પતંજલિએ પોતાના યોગસૂત્રમાં[2] ચિત્તવૃત્તિનિરોધને જ યોગ કહેલ છે, અને તે ગ્રન્થમાં સર્વત્ર યોગ શબ્દનો તે એક જ અર્થ વિવક્ષિત છે. આચાર્ય હરિભદ્રે પોતાના યોગ વિષયના તમામ ગ્રન્થોમાં[3] મોક્ષ પ્રાપ્ત કરાવનાર ધર્મવ્યાપારને જ યોગ કહેલ છે; અને તેમના ઉક્ત સમસ્ત ગ્રન્થોમાં યોગ શબ્દનો તે એક જ અર્થ વિવક્ષિત છે. 'ચિત્તવૃત્તિનિરોધ' અને 'મોક્ષપ્રાપક ધર્મવ્યાપાર' એ બે વાક્યોના અર્થમાં ઉપલક રીતે જોતાં ઘણી ભિન્નતા જણાય છે, પણ બારીક રીતે જોતાં તેઓના અર્થોની અભિન્નતા સ્પષ્ટ જણાઇ આવે છે; કારણ કે 'ચિત્તવૃત્તિનિરોધ' એ શબ્દથી તે જ ક્રિયા યા વ્યાપાર વિવક્ષિત છે કે જે મોક્ષ માટે અનુકૂલ હોય અને જેનાથી ચિત્તની સંસારોન્મુખ વૃત્તિઓ રોકાઇ જાય. 'મોક્ષપ્રાપક ધર્મવ્યાપાર' એ શબ્દથી પણ તે જ ક્રિયા યા વ્યાપાર વિવક્ષિત છે. તેથી પ્રસ્તુત વિષયમાં યોગ શબ્દનો અર્થ 'સ્વાભાવિક સમસ્ત આત્મશક્તિઓનો પૂર્ણ વિકાસ કરાવનાર ક્રિયા' અર્થાત્ 'આત્મોન્મુખ પ્રવૃત્તિ' એટલો જ સમજવો[4] જોઇએ. યોગવિષયક વૈદિક, જૈન અને બૌદ્ધ ગ્રન્થોમાં યોગ, ધ્યાન, સમાધિ એ શબ્દો બહુધા સમાનાર્થક જોવામાં આવે છે.

---

૧. જુઓ પૃ૪ ૫૫ થી ૬૦. ૨. પા. ૧, સૂ. ૨ योगश्चित्तवृत्तिनिरोधः । ૩. યોગબિન્દુ, શ્લોક ૩૧:—

अध्यात्मं भावनाऽध्यानं समता वृत्तिसंक्षयः ।
मोक्षेण योजनाद्योग एष श्रेष्ठो यथोत्तरम् ॥

તથા યોગવિંશિકા, ગાથા ૧:—

मुक्खेण जोयणाओ, जोगो सव्वो वि धम्मवावारो ।
परिसुद्धो विन्नेओ, ठाणाइगओ विसेसेणं ॥

૪. લૉર્ડ એવેબરીએ શિક્ષાની જે પૂર્ણ વ્યાખ્યા કરી છે, તે આ પ્રમાણે છે:—Education is the harmonious development of all our faculties.

શૃંગારપ્રિય તરીકે પ્રસિદ્ધિ પામનાર કાલિદાસ જેવા મહાકવિઓ પણ પોતાના મુખ્ય પાત્રોનું મહત્ત્વ મોક્ષ તરફના તેઓના વલણમાં જ જુએ છે.[1] જૈન આગમો અને બૌદ્ધ પિટકો તો નિવૃત્તિમાર્ગને જ પ્રધાનતા આપતા હોવાથી મુખ્યપણે મોક્ષ સિવાય બીજા વિષયોનું વર્ણન કરતા પણ સંકોચ પામે છે. વ્યાકરણશાસ્ત્રમાં પણ શબ્દશુદ્ધિને તત્ત્વજ્ઞાનનો ઉપાય માની તેનું અન્તિમ સાધ્ય પરમ શ્રેય જ મનાયેલ છે.[2] કિં બહુના, કામશાસ્ત્ર સુદ્ધાંનો અંતિમ ઉદ્દેશ મોક્ષ જ માનવામાં આવેલ છે.[3] આ રીતે ભારતવર્ષીય સાહિત્યના કોઈ પણ પ્રવાહને જોતાં એમ ખાત્રી થાય છે કે તેની ગતિ માત્ર સમુદ્ર જેવા અપરિમિત એક ચતુર્થ પુરુષાર્થની તરફ જ હતી.

(૩) આધ્યાત્મિક વિષયની ચર્ચાવાળો અને ખાસ કરી યોગવિષયનો કોઈ ગ્રંથ કોઈએ લખ્યો કે તરત જ લોકોએ તેને

---

૧. કુમારસંભવ—સર્ગ ૩ તથા ૫, તપસ્યાવર્ણનમ્;
શાકુન્તલ નાટક, અંક ૪ કણ્વોક્તિઃ
भूत्वा चिराय चतुरन्तमहीसपत्नी
दौष्यन्तिमप्रतिरथं तनयं निवेश्य ।
भर्त्रा तदर्पितकुटुम्बभरेण सार्धं
शान्ते करिष्यसि पदं पुनराश्रमेऽस्मिन् ॥
રઘુવંશ—
शैशवेऽभ्यस्तविद्यानाम् यौवने विषयैषिणाम् ।
वार्धके मुनिवृत्तीनाम् योगेनान्ते तनुत्यजाम् ॥८॥ સર્ગ ૧.
अथ स विषयव्यावृत्तात्मा यथाविधि सूनवे
नृपतिककुदं दत्त्वा यूने सितातपवारणम् ।
मुनिवनतरुच्छायां देव्या तया सह शिश्रिये
गलितवयसामिक्ष्वाकूणामिदं हि कुलव्रतम् ॥७०॥ સર્ગ ૩.

૨. द्वे ब्रह्मणी वेदितव्ये शब्दब्रह्म परं च यत् ।
शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति ॥
व्याकरणात्पदसिद्धिः पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात्तत्त्वज्ञानं तत्त्वज्ञानात्परं श्रेयः ॥

શ્રી હૈમશબ્દાનુશાસન, અ. ૧, પા. ૧, સૂ. ૨ લઘુન્યાસ.

૩. " स्थाविरे धर्मं मोक्षं च " કામસૂત્ર, અ. ૨ પૃ. ૧૧. મુંબાઈ આવૃત્તિ.

હોવાથી સ્પષ્ટ તેમજ પરિપક્વ હોય છે. તેથી એમ સમજવું પડે છે કે સ્પષ્ટ તેમજ પરિપક્વ જ્ઞાનની એક માત્ર ચાવી યોગ જ છે. આધિભૌતિક અથવા આધ્યાત્મિક કોઈ પણ પ્રકારનો યોગ હોય, પણ તે જે દેશ અને જે કાળમાં જેટલા પ્રમાણમાં ખીલેલો હોય, તે દેશ અને તે કાળમાં તેટલો જ વિકાસ અધિક પ્રમાણમાં થયેલો હોય છે. ખરો જ્ઞાની તે જ કહેવાય કે જે યોગી હોય.[1] જેમાં યોગ કિંવા એકાગ્રતા ન હોય તેને યોગવાસિષ્ઠના શબ્દોમાં 'જ્ઞાનબંધુ'[2] કહેવો જોઈએ. કોઈ પણ મનુષ્યની પ્રગતિ યોગ સિવાય સંભવતી જ નથી, કારણ કે માનસિક ચંચલતાને લીધે તેવા માણસની સમગ્ર શક્તિઓ એક વિષયમાં ન લાગતાં જુદા જુદા વિષયોમાં વીખરાઈ જઈ ક્ષીણ થઈ જાય છે અને નકામી થઈ બરબાદ જાય છે. તેથી માટે ખેડૂત હો કે કારીગર, લેખક હો કે શોધક, ત્યાગી હો કે અન્ય કોઈ, દરેકને પોતાની વિવિધ શક્તિઓ એક કેન્દ્રસ્થ કરવા માટે યોગ જ પરમ સાધન છે.

વ્યાવહારિક અને પારમાર્થિક યોગ—એકાગ્રતા એ યોગનું બાહ્ય શરીર છે અને આત્મા તો અહંત્વ, મમત્વનો ત્યાગ છે. જેમાં ફક્ત એકાગ્રતા જ હોય તે વ્યાવહારિક યોગ અને જેમાં એકાગ્રતા ઉપરાંત અહંત્વ, મમત્વનો ત્યાગ પણ હોય તે પારમાર્થિક યોગ છે. ભલે દુનિયાની નજરે કોઈ પ્રવૃત્તિ [illegible] હોય પણ તેમાં જો યોગનો ઉક્ત આત્મા વિદ્યમાન હોય તો તેને પારમાર્થિક યોગ જ કહેવો જોઈએ. એથી ઊલટું સ્થૂલ દૃષ્ટિએ જે પ્રવૃત્તિ આધ્યાત્મિક સમજાતી હોય તેમાં યોગનો ઉક્ત આત્મા [illegible] ન [illegible] હોય તો તે પ્રવૃત્તિને વ્યાવહારિક યોગ જ કહેવો જોઈએ. આ જ વાત

1. ગીતા અ. ૫, શ્લો ૫—
यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥

2. યોગવાસિષ્ઠ, નિર્વાણ પ્રકરણ ઉત્તરાર્ધ, સર્ગ ૨૧—
[illegible]

ગીતાના સામ્યગર્ભિત કર્મયોગમાં કહેવામાં આવી છે.[1]

યોગની બે ધારાઓ—વ્યવહારમાં કોઈ પણ વસ્તુને પરિપૂર્ણ રૂપમાં તૈયાર કરવા માટે પ્રથમ જ્ઞાન અને ક્રિયા એ બે સાધનોની આવશ્યકતા હોય છે. ચિત્રકારને ચિત્ર તૈયાર કર્યા પહેલાં ચિત્રના સ્વરૂપનું, ત્હેનાં સાધનોનું, અને સાધનોના ઉપયોગનું જ્ઞાન હોય છે, તેમ જ તે જ્ઞાનાનુસાર ક્રિયા પણ કરે છે, ત્યારે જ તે ચિત્રકાર પોતાનું કલ્પિત ચિત્ર તૈયાર કરી શકે છે. તેવી જ રીતે આધ્યાત્મિક પ્રદેશમાં મોક્ષના અભિલાષીઓ માટે બંધમોક્ષ, આત્મા, બંધમોક્ષનાં કારણો અને તે કારણોના પરિહાર કે ઉપાદાનનું જ્ઞાન જરૂરી છે; એટલું જ નહિ પણ ત્હેના માટે તે જ્ઞાનાનુસાર પ્રવૃત્તિ કરવી પણ આવશ્યક છે. આ જ કારણથી ટુંકમાં એમ કહેવાય છે કે "જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ." યોગ એ ક્રિયામાર્ગનું નામ છે. આ માર્ગમાં પ્રવૃત્તિ કર્યા પહેલાં અધિકારી મનુષ્ય, આત્મા આદિ આધ્યાત્મિક વિષયોનું જ્ઞાન શાસ્ત્રથી, સત્સંગથી અગર તો પોતાની પ્રતિભાથી મેળવી લે છે. આ તત્ત્વવિષયક પ્રાથમિક જ્ઞાન 'પ્રવર્તક જ્ઞાન' તરીકે પ્રસિદ્ધ છે. પ્રવર્તક જ્ઞાન પ્રાથમિક અવસ્થાનું જ્ઞાન હોવાથી દરેક અધિકારીને એકરૂપ કે સમાન હોતું નથી. તેટલા જ માટે યોગમાર્ગમાં કે ત્હેના પરિણામરૂપ મોક્ષના સ્વરૂપમાં વાસ્તવિક ભેદ ન હોવા છતાં પણ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરાવનાર ફક્ત પ્રાથમિક જ્ઞાનમાં કાંઈક ભિન્નતા અનિવાર્ય છે. આ પ્રવર્તક જ્ઞાનનો મુખ્ય વિષય આત્માનું અસ્તિત્વ છે. આત્માનું સ્વતન્ત્ર અસ્તિત્વ માનનારાઓમાં એક તો એકાત્મવાદી અને બીજો નાનાત્મવાદી એવા બે પક્ષો મુખ્ય છે નાનાત્મવાદી પક્ષમાં પણ આત્માની વ્યાપકતા, અવ્યાપકતા, પરિણામિતા અને અપરિણામિતા માનનાર અનેક પક્ષો છે. પણ તે અનેક પક્ષોને બાજુએ રાખતાં મુખ્ય જે આત્માની એકતા અને અનેકતાના બે પક્ષો છે ત્હેને આધારે યોગમાર્ગની બે ધારાઓ થઈ ગઈ છે. તેથી જ યોગનું સાહિત્ય પણ બે ભાગમાં વહેંચાઈ જાય છે. કેટલાંક ઉપનિષદો,[2] યોગવાસિષ્ઠ અને હઠયોગપ્રદીપિકા આદિ

---

૧. અ. ૨, શ્લોક ૪૮—

योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥

૨. બ્રહ્મવિદ્યા, ક્ષુરિકા, ચૂલિકા, નાદબિન્દુ, બ્રહ્મબિન્દુ, અમૃતબિન્દુ, ધ્યાનબિન્દુ, તેજોબિન્દુ, શિખા, યોગતત્ત્વ, હંસ.

ગ્રન્થો એકાત્મવાદના સિદ્ધાન્ત ઉપર રચાયેલ છે. મહાભારત અંતર્ગત યોગ પ્રકરણો, પાતંજલ યોગસૂત્ર અને જૈન તથા બૌદ્ધ સંપ્રદાયના યોગ ગ્રન્થોની રચના નાનાત્મવાદના સિદ્ધાન્ત ઉપર થયેલ છે.

યોગ અને ત્હેના સાહિત્યના વિકાસનું દિગ્દર્શન—આર્ય સાહિત્યનો ભંડાર મુખ્યપણે ત્રણ ભાગોમાં વ્હેંચાઇ જાય છે—વૈદિક, જૈન અને બૌદ્ધ.

ક.—વૈદિક સાહિત્યનો પ્રાચીનતમ ગ્રન્થ ઋગ્વેદ છે. તેમાં આધિભૌતિક અને આધિદૈવિક વર્ણન પ્રધાનપદ ભોગવે છે, પણ તેમા આધ્યાત્મિક ભાવ અર્થાત્ પરમાત્મચિન્તનનો અભાવ નથી જ.[1] પરમાત્મચિંતનનો ભાગ ત્હેમાં અલ્પ છે ખરો, પણ તે એટલો અધિક સ્પષ્ટ, સુંદર, અને ભાવપૂર્ણ છે કે ત્હેને ધ્યાનપૂર્વક જોવાથી એ વાત સ્પષ્ટ જણાઈ આવે છે કે તત્કાલીન લોકોની દૃષ્ટિ કેવળ બાહ્ય ન હતી.[2] તે સિવાય ત્હેમા જ્ઞાન[3], શ્રદ્ધા,[4], ઉદારતા,[5]

---

૧. જુઓ "भागवताचा उपसंहार" પૃ૰ ૨૫૨.

૨. ઉદાહરણાર્થે કાઇક સૂક્ત આપવામાં આવે છે—

ઋગ્વેદ મં. ૧, સૂ. ૧૬૪-૪૬—

इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान्।
एकं सद्विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥

ભાષાંતર—લોકો તેને ઇન્દ્ર, મિત્ર, વરુણ યા અગ્નિ કહે છે. તે સુંદર પાખવાળું દિવ્ય પક્ષી છે. એક જ સત્નું વિદ્વાન્ લોક અનેક પ્રકારથી વર્ણન કરે છે. કોઇ તેને અગ્નિ, યમ, વાયુ પણ કહે છે.

ઋગ્વેદ મં૰ ૬, સૂ. ૯—

वि मे कर्णा पतयतो वि चक्षुर्वीदं ज्योतिर्हृदय आहितं यत्।
वि मे मनश्चरति दूर आधीः किंस्विद् वक्ष्यामि किमु नु मनिष्ये ॥ ६ ॥

विश्वे देवा अनमस्यन् भियानास्त्वामग्ने तमसि तस्थिवांसम्।
वैश्वानरोऽवतूतये नोऽमर्त्योऽवतूतये नः ॥ ७ ॥

ભાષાંતર—મ્હારા કાનો વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરે છે. મ્હારાં નેત્રો, મ્હારા હૃદયમા રહેલ જ્યોતિ અને મ્હારૂં દૂરવર્તિ મન પણ વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરી રહેલ છે. હું શું કહું અને શું વિચાર કરૂં? (૬). અંધકારસ્થિત હે અગ્નિ! ત્હને અંધકારથી ભય

બ્રહ્મચર્ય[1] આદિ આધ્યાત્મિક ઉચ્ચ માનસિક ભાવોનાં ચિત્રો પણ બહુ ખૂબીવાળાં દૃષ્ટિગોચર થાય છે. તે ઉપરથી એ અનુમાન ઉપર આવવું સહજ છે કે તે જમાનાના લોકોનું વલણ આધ્યાત્મિક અવશ્ય હતું. જો કે ઋગ્વેદમાં યોગ શબ્દ અનેક સ્થાનોમાં વપરાયેલ છે, પણ સર્વત્ર ત્હેનો અર્થ પ્રાયઃ જોડવું એટલો જ છે;

પામનાર દેવ નમસ્કાર કરે છે. વૈશ્વાનર અમારું રક્ષણ કરે, અમર્ત્ય અમારું રક્ષણ કરે. (૭)

ઋગ્વેદ પુરુષસૂક્ત: મંડલ ૧૦, સૂ. ૯૦—

सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।
स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥१॥
पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम् ।
उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥२॥
एतावानस्य महिमाऽतो ज्यायांश्च पूरुषः ।
पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥३॥

ભાષાંતર—(જે) હજાર શિરવાળો, હજાર આંખોવાળો, હજાર પગવાળો પુરુષ (છે) તે ભૂમિને ચારે બાજુથી ઘેરીને (ફરી પણ) દશ આંગળ વધીને રહેલ છે. (૧). પુરુષ જ આ સઘળું છે—જે ભૂત અને જે ભાવિ, (તે) અમૃતત્વનો ઈશ અન્નથી વધે છે (૨). આટલો આનો મહિમા—એથી પણ તે પુરુષ અધિકતર છે, સમસ્ત ભૂતો ત્હેનો એક પાદ માત્ર છે. ત્હેના અમર ત્રણ પાદ સ્વર્ગમાં છે. (૩).

ઋગ્વેદ મં. ૧૦, સૂ. ૧૨૧—

हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥१॥
य आत्मदा बलदा यस्य विश्व उपासते प्रशिषं यस्य देवाः ।
यस्य छायामृतं यस्य मृत्युः कस्मै देवाय हविषा विधेम ॥२॥

ભાષાંતર—પહેલાં હિરણ્યગર્ભ હતો, તે જ એક ભૂત માત્રનો પતિ બન્યો હતો, તેણે પૃથ્વી અને આ આકાશને ધારણ કર્યા; ક્યા દેવને અમે હવિથી પૂજીયે ? (૧); જે આત્મા અને બળને દેવાવાળો છે, જેનું વિશ્વ છે, જેના શાસનની દેવ ઉપાસના કરે છે, અમૃત અને મૃત્યુ જેની છાયા છે; ક્યા દેવને અમે હવિથી પૂજીયે ? (૨).

ઋગ્વેદ મં. ૧૦-૧૨૫-૬ તથા ૭—

ધ્યાન કે સમાધિ અર્થ નથી. એટલું જ નહિ બલ્કે પાછળનાં યોગ-વિષયક સાહિત્યમાં ધ્યાન, વૈરાગ્ય, પ્રાણાયામ, પ્રત્યાહાર આદિ જે યોગપ્રક્રિયાપ્રસિદ્ધ શબ્દો ઉપલબ્ધ થાય છે, તે ઋગ્વેદમાં બીલકુલ જણાતા નથી. એમ હોવાનું કારણ ગમે તે હોય પણ એ તો નિશ્ચિત છે કે તત્કાલીન લોકોમાં ધ્યાનની અભિરુચિ હતી. ઋગ્વેદનું અધ્યાત્મ સ્ફુરણ જેમ જેમ વિકાસ પામતું ગયું અને ઉપનિષદના જમાનામાં તેણે જે રીતે વિસ્તૃત રૂપ ધારણ કર્યું તેમ તેમ ધ્યાનમાર્ગ પણ અધિક પુષ્ટ અને સાંગોપાંગ થતો ગયો. આ જ કારણથી પ્રાચીન ઉપનિષદો સુદ્ધાંમાં સમાધિ અર્થવાળા યોગ, ધ્યાન આદિ શબ્દો નજરે પડે છે.[1] શ્વેતાશ્વતર ઉપનિષદમાં તો સ્પષ્ટપણે યોગનું તથા યોગોચિત સ્થાન, પ્રત્યાહાર, ધારણા આદિ યોગાંગોનું વર્ણન છે.[2]

को अद्धा वेद क इह प्र वोचत् कुत आ जाता कुत इयं विसृष्टिः।
अर्वाग्देवा अस्य विसर्जनेनाथा को वेद यत आ बभूव॥
इयं विसृष्टिर्यत आ बभूव यदि वा दधे यदि वा न।
यो अस्याध्यक्षः परमे व्योमन्त्सो अङ्ग वेद यदि वा न वेद॥

ભાષાંતર—કોણ જાણે છે-કોણ કહી શકે છે કે આ વિવિધ સૃષ્ટિ ક્યાંથી ઉત્પન્ન થઈ? દેવો એના વિવિધ સર્જનની પછી (થયા) છે; કોણ જાણી શકે છે કે આ ક્યાંથી આવી? આ વિવિધ સૃષ્ટિ ક્યાંથી આવી અને સ્થિતિમાં છે વા નથી? આ વાત પરમ વ્યોમમાં જે આનો અધ્યક્ષ છે તે જાણે,—કદાચિત્ તે પણ ન જાણતો હોય.

૩.-ઋગ્વેદ, મં. ૧૦, સૂ. ૧૨[illegible]. ૪.-ઋગ્વેદ, મં. ૧૦, સૂ. ૧૫૨. ૫.-ઋગ્વેદ, મં. ૧૦ સૂ. ૧૧[illegible]. ૬.-ઋગ્વેદ, મં. ૧૦, સૂ. [illegible] [illegible] ૧ [illegible] ૪ [illegible] ૬, મં. ૧૦ સૂ. ૧૧૧; મં. ૫, મં. ૧ સૂ. ૧૮; મં. ૭, સૂ. ૧ સૂ. ૫; મં. ૩, મં. ૨ સૂ. ૮; મં. ૧, સૂ. ૯ સૂ. ૫૮ મં. ૩.

૧. (ક) તૈત્તિરીય ૨-૪, કઠ ૨-૬-૧૧, શ્વેતાશ્વતર ૨-૧૧, ૬-૩. (ખ) છાન્દોગ્ય ૭-૬-૧, ૭-૬-૨, ૭-૭-૧, ૭-૨૬-૧, શ્વેતાશ્વતર ૧-૧૪, કૌષીતકિ ૩-૨, ૩-૩, ૩-૪, ૩-૬.

૨. શ્વેતાશ્વતરોપનિષદ, અધ્યાય ૨—

त्रिरुन्नतं स्थाप्य समं शरीरं हृदीन्द्रियाणि मनसा संनिवेश्य।
ब्रह्मोडुपेन प्रतरेत विद्वान्स्रोतांसि सर्वाणि भयावहानि॥

મધ્યકાલીન તેમજ અર્વાચીન અનેક ઉપનિષદો[1] તો કેવળ યોગ વિષયક જ છે, જેઓમાં યોગશાસ્ત્રની પેઠે સાંગોપાંગ યોગપ્રક્રિયાનું વર્ણન છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ઋગ્વેદમાં જે પરમાત્મચિન્તન અંકુરાયમાન હતું તે જ ઉપનિષદોમાં પલ્લવિત, પુષ્પિત થઈ નાના શાખા, પ્રશાખાઓ સાથે ફલ રૂપને પ્રાપ્ત થયું: આ હેતુથી ઉપનિષદના સમયમાં યોગમાર્ગનું પુષ્ટ રૂપમાં ઉપલબ્ધ થવું સ્વાભાવિક જ છે.

ઉપનિષદોમાં જગત્, જીવ અને પરમાત્મસંબંધી જે તાત્ત્વિક વિચાર છે, તેને ભિન્ન ભિન્ન ઋષિઓએ પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે સૂત્રોમાં ગ્રથિત કર્યો, અને તે પ્રમાણે તે વિચારે દર્શનોનું રૂપ ધારણ કર્યું. સમસ્ત દર્શનકારોનો અંતિમ ઉદ્દેશ મોક્ષ જ[2] રહેલ છે, તેથી તેઓએ પોતપોતાની માન્યતા પ્રમાણે તત્ત્વવિચાર કર્યા પછી પણ

प्राणान्प्रपीड्येह संयुक्तचेष्टः क्षीणे प्राणे नासिकयोच्छ्वसीत ।
दुष्टाश्वयुक्तमिव वाहमेनं विद्वान्मनो धारयेताप्रमत्तः ॥९॥
समे शुचौ शर्करावह्निवालुकाविवर्जिते शब्दजलाश्रयादिभिः ।
मनोनुकूले न तु चक्षुपीडने गुहानिवाताश्रयणे प्रयोजयेत् ॥१०॥
ઇત્યાદિ.

૧—બ્રહ્મવિદ્યોપનિષદ્, ક્ષુરિકોપનિષદ્, ચૂલિકોપનિષદ્, નાદબિન્દુ, બ્રહ્મબિન્દુ, અમૃતબિન્દુ, ધ્યાનબિન્દુ, તેજોબિન્દુ, યોગશિખા, યોગતત્ત્વ, હંસ.

જુઓ ડયુસેન કૃત—Philosophy of the Upanishads.

૨. प्रमाणप्रमेयसंशयप्रयोजनदृष्टान्तसिद्धान्तावयवतर्कनिर्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छलजातिनिग्रहस्थानानां तत्त्वज्ञानान्निःश्रेयसाधिगमः ॥ ગૌ. સૂ. ૧-૧-૧. धर्मविशेषप्रसूताद् द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायानां पदार्थानां साधर्म्यवैधर्म्याभ्यां तत्त्वज्ञानान्निःश्रेयसम्. વૈ. સૂ. ૧-૧-૪. अथ त्रिविधदुःखात्यन्तनिवृत्तिरत्यन्तपुरुषार्थः સાં. દ. ૧-૧. पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरूपप्रतिष्ठा वा चितिशक्तिरिति. યો. સૂ. ૪-૩૩. अनावृत्तिः शब्दादनावृत्तिः शब्दात् બ્ર. સૂ. ૪-૪, ૨૨.

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः तत्त्वार्थ જૈન દ૦
બૌદ્ધદર્શનમાં ત્રીજું નિરોધનામક આર્યસત્ય જ મોક્ષ છે.

જોવાની ભલામણ કરેલ છે.[1] પૂર્વમીમાંસામાં મહર્ષિ જૈમિનિએ યોગનો નિર્દેશ સુદ્ધાં નથી કરેલ તે યોગ્ય જ છે, કારણ તેમાં સકામ કર્મકાંડ અર્થાત્ ધૂમ-માર્ગની જ મીમાંસા છે. કર્મકાંડની સીમા સ્વર્ગ સુધી જ છે, મોક્ષ તેનું સાધ્ય નથી અને યોગનો ઉપયોગ તો મોક્ષ માટે જ થાય છે.

જે યોગ ઉપનિષદોમાં સૂચિત અને સૂત્રગ્રન્થોમાં સૂત્રિત છે, તેનું મહત્ત્વ ગીતામાં અનેક રૂપે ગવાયેલ છે. તેમાં યોગનું તાન ક્યારેક કર્મ સાથે, ક્યારેક ભક્તિ સાથે, તો ક્યારેક જ્ઞાન સાથે સંભળાય છે.[2] ગીતાના છઠ્ઠા અને તેરમા અધ્યાયમાં તો યોગના મૌલિક સંપૂર્ણ સિદ્ધાન્તો તેમજ યોગની અખિલ પ્રક્રિયા આવી જાય છે.[3] કૃષ્ણના મુખે અર્જુનને ગીતા રૂપમાં યોગનો ઉપદેશ અપાવીને જ મહાભારત સંતુષ્ટ ન થયું. તેના અવિશ્રાન્ત સ્વર જોતાં કહેવું પડે છે કે તેમ થવું સંભવિત ન હતું, તેથી જ શાંતિ-પર્વ અને અનુશાસન પર્વમાં યોગ સંબંધી અનેક સર્ગો વિદ્યમાન છે[4] જેમાં યોગની સાદ્યંત પ્રક્રિયાનું વર્ણન પુનરુક્તિના ભય સિવાય કરાયેલું છે. તેમાં બાણશય્યા પર સૂતેલ ભીષ્મને વારંવાર પૂછવામાં યુધિષ્ઠિરને કંટાળો નથી આવતો, અગર તે સુપાત્ર ધાર્મિક નરેશને ઉપદેશ દેવામાં ભીષ્મનેય શ્રમ નથી જણાતો.

યોગવાસિષ્ઠનો વિશાળ પ્રાસાદ તો યોગની ભૂમિકા ઉપર જ નિર્માણ થયેલ છે. તેનાં છ પ્રકરણો[5] જાણે તેના સુદીર્ઘ ખંડો છે. જેમાં યોગ સાથે સંબંધ ધરાવનાર કુલ વિષયો રોચકતા પૂર્વક

૧. योगशास्त्राच्चाध्यात्मविधिः प्रतिपत्तव्यः ન્યાયદર્શન ૪-૨-૪૬ ભાષ્ય.

૨. ગીતાના અઢાર અધ્યાયોમા પહેલા છ અધ્યાય કર્મયોગ-પ્રધાન, વચલા છ અધ્યાયો ભક્તિયોગપ્રધાન અને અન્તિમ છ અધ્યાય જ્ઞાનયોગપ્રધાન છે.

૩. योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ॥ ઇત્યાદિ, ગીતા, અ૦ ૬, શ્લો૦ ૧૦-૧૪.

૪. શાન્તિપર્વ ૧૯૩, ૨૧૭, ૨૪૬, ૨૫૪ ઇત્યાદિ. અનુશાસન પર્વ, ૩૬, ૨૪૬ ઇત્યાદિ.

૫. વૈરાગ્ય, મુમુક્ષુવ્યવહાર, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ અને નિર્વાણ.

વર્ણવાયેલા છે. યોગની જે જે વાતો યોગસૂત્રમાં સંક્ષેપમાં કહેવાઈ છે, તેને વિવિધ રૂપમાં વિસ્તારીને ગ્રન્થકારે યોગવાસિષ્ઠનું કલેવર ખૂબ વધારી દીધું છે; જેથી એમ કહેવું પડે છે કે યોગવાસિષ્ઠ યોગનો ગ્રન્થરાજ છે.

પુરાણોમાં ખાસ પુરાણશિરોમણિ ભાગવતને જુઓ. તેમાં સુમધુર પદ્યોમાં યોગનું સંપૂર્ણ વર્ણન છે.[1]

યોગવિષયક વિવિધ સાહિત્યને લીધે લોકોની અભિરુચિ એટલી બધી જાગૃત થઈ ગઈ હતી કે તાન્ત્રિક સંપ્રદાયવાળાઓએ પણ તંત્રમાં યોગને સ્થાન આપ્યું, તે એટલે સુધી કે યોગ એ તંત્રનું એક ખાસ અંગ બની ગયું. અનેક તાન્ત્રિક ગ્રન્થોમાં યોગની ચર્ચા છે, પણ તે બધામાં મહાનિર્વાણ તંત્ર, ષટ્ચક્રનિરૂપણ આદિ ગ્રન્થ પ્રધાન છે.[2]

જ્યારે નદીમાં પૂર આવે છે ત્યારે તે ચારે તરફથી પ્રવાહિત થવા લાગે છે. યોગની પણ એ જ દશા થઈ અને તે આસન, મુદ્રા, પ્રાણાયામ આદિ બાહ્ય અંગોમાં હઠયોગ વહેવા લાગ્યો. ખાસ અંગોનું ભેદ પ્રયત્નપૂર્વક એનું ખાસ વર્ણન કરાયું અને તે ઉપર

---

૧. સ્કન્ધ ૩, અધ્યાય ૨૮. સ્કન્ધ ૧૧, અ. ૧૪, ૧૫, ૨૦ આદિ.

૨. જુઓ: મહાનિર્વાણતન્ત્ર અધ્યાય ૩, જુઓ: ષટ્ચક્રનિરૂપણ

ऐक्यं जीवात्मनोराहुर्योगं योगविशारदाः ।
शिवात्मनोरभेदेन प्रतिपत्तिं परे विदुः ॥ १४ १२.

समत्वभावनां नित्यं जीवात्मपरमात्मनोः ।
समाधिमाहुर्मुनयः प्रोक्तमष्टाङ्गलक्षणम् ॥ १४ ६३.

यदत्र नात्र निर्भासि स्तिमितोदधिवत् स्मृतम् ।
स्वरूपशून्यं यद् ध्यानं तत्समाधिर्विधीयते ॥ १४ ६०.

त्रिपादात्म सनातनः ... न ... विमुक्तात्मा ।
... ... ॥ १४ १०.

... ... ॥
१४ ११०

... ... ।
... ... ।
... ... ॥ १४ १३४.

[...].

એટલો ભર્યો ભાર મૂકવામાં આવ્યો કે જેથી તે યોગની એક સ્વતંત્ર શાખા જ થઈ ગઈ, જે હઠયોગ તરીકે પ્રસિદ્ધ છે.

હઠયોગના અનેક ગ્રન્થોમાં હઠયોગપ્રદીપિકા, શિવસંહિતા, ઘેરંડસંહિતા, ગોરક્ષપદ્ધતિ, ગોરક્ષશતક આદિ ગ્રન્થો પ્રસિદ્ધ છે, જેમાં આસન, બંધ, મુદ્રા, ષટ્કર્મ, કુંભક, રેચક, પૂરક આદિ બાહ્ય યોગાંગોનું પેટ ભરી ભરીને વર્ણન કરવામાં આવ્યું છે, તે એટલે સુધી કે ઘેરંડે તો આસનની ચોરાશી સંખ્યાને ચોરાશી લાખ સુધી પહોંચાડી દીધી છે.

ઉક્ત હઠયોગના ગ્રંથોમાં હઠયોગપ્રદીપિકા જ મુખ્ય છે, કારણ કે હેનો જ વિષય અન્ય ગ્રન્થોમાં સવિસ્તર પ્રતિપાદન થયેલ છે. યોગવિષયક સાહિત્યના જિજ્ઞાસુઓએ યોગતારાવલી, બિન્દુયોગ, યોગબીજ અને યોગકલ્પદ્રુમ વગેરે ગ્રન્થો વિસરવા ન જોઈએ. વિક્રમની સત્તરમી શતાબ્દીમાં મૈથિલ પંડિત ભવદેવનો રચેલ યોગનિબંધ નામક હસ્તલિખિત ગ્રન્થ જોવામાં આવ્યો છે, જેમાં વિષ્ણુપુરાણ આદિ અનેક ગ્રન્થોના પ્રમાણો ઉદ્ધૃત કરીને યોગ સંબંધી પ્રત્યેક વિષય ઉપર વિસ્તૃત ચર્ચા કરાયેલ છે.

સંસ્કૃત ભાષામાં કેવલ યોગના વર્ણનને લીધે સર્વ સાધારણની જિજ્ઞાસાને શાન્તિ મળતી ન જોઈ, લોકભાષાકુશળ યોગીઓએ પણ પોતપોતાની ભાષામાં યોગનું જ્ઞાન કરાવવું આરંભ્યું.

મહારાષ્ટ્રીય ભાષામાં ગીતા ઉપર જ્ઞાનદેવકૃત જ્ઞાનેશ્વરી ટીકા પ્રસિદ્ધ છે, જેના છઠ્ઠા અધ્યાયનો ભાગ ઘણો જ હૃદયહારક છે. નિઃસંદેહ જ્ઞાનેશ્વરી દ્વારા જ્ઞાનદેવે પોતાનો અનુભવ તેમજ વાણીને અવન્ધ્ય કરેલ છે. સુદીરોમાં આંબેય રચિત નાગલપેદાવાનુસારી સિદ્ધાન્તસંહિતા પણ યોગના જિજ્ઞાસુઓ માટે એક દર્શનીય વસ્તુ છે.

કબીરનો બીજક ગ્રન્થ યોગસંબંધી ભાષાસાહિત્યનો એક સુંદર મણકો છે.

બીજા યોગી સંતોએ પણ પોતપોતાના યોગાનુભવની પ્રસાદી લોકભાષામાં જનતાને ચખાડી છે, જેથી જનતાનો ઘણો મોટો ભાગ યોગના નામ માત્રથી મંત્રમુગ્ધ થઈ જાય છે.

આ જ કારણને લીધે હિન્દી, ગુજરાતી, મરાઠી, બંગાળી આદિ પ્રસિદ્ધ પ્રત્યેક પ્રાન્તીય ભાષામાં પાતંજલ યોગશાસ્ત્રનો અનુવાદ, વિવેચન આદિ અનેક નાના મોટા ગ્રન્થો બન્યા છે. અંગ્રેજી

..

આ વાત સ્મરણમાં રાખવી ઘટે છે કે જૈન આગમોમાં યોગ અર્થ માટે ઘણે ભાગે 'ધ્યાન' શબ્દ વપરાયેલ છે. ધ્યાનનાં લક્ષણો ત્હેના ભેદ, પ્રભેદ, આલંબન આદિનું વિસ્તૃત વર્ણન અનેક જૈન આગમોમાં[1] છે. આગમ પછી નિર્યુક્તિનો[2] નંબર છે. ત્હેમાં પણ આગમગત ધ્યાનનું સ્પષ્ટીકરણ છે. વાચક ઉમાસ્વાતિ કૃત તત્ત્વાર્થ-સૂત્રમાં પણ ધ્યાનનું વર્ણન[3] છે. કિન્તુ ત્હેમાં આગમ કે નિર્યુક્તિ કરતાં કોઈ વિશેષ વાત નથી. જિનભદ્રગણી ક્ષમાશ્રમણ કૃત ધ્યાન-શતક,[4] એ આગમ આદિ ઉક્ત ગ્રન્થોમાં વર્ણવાયેલ ધ્યાનનું સ્પષ્ટીકરણ માત્ર છે. અહિં સુધીના યોગવિષયક જૈન વિચારોમાં આગમોક્ત વર્ણનશૈલી જ પ્રધાન પદ ભોગવે છે. પરંતુ તે શૈલીને શ્રીમાન્ હરિભદ્રસૂરિએ એકદમ બદલી દઈ તત્કાલીન પરિસ્થિતિ તથા લોકરુચિ પ્રમાણે નવીન પરિભાષાનો આશ્રય લઈ અને વર્ણનશૈલી અપૂર્વ જેવી બનાવી જૈન યોગસાહિત્યમાં નવીન યુગ દાખલ કર્યો. ત્હેના પ્રમાણમાં તેઓના બનાવેલ યોગબિન્દુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગવિંશિકા, યોગશતક[5] અને ષોડશક એ ગ્રન્થો પ્રસિદ્ધ છે. એ ગ્રન્થોમાં તેઓએ ફક્ત જૈન-માર્ગાનુસાર યોગનું વર્ણન કરીને જ સંતોષ નથી માન્યો પણ પાતઞ્જલ યોગસૂત્રમાં વર્ણવેલી યોગપ્રક્રિયા તથા ત્હેની ખાસ પરિભાષાઓ સાથે જૈન સંકેતોનું મિલન પણ કરેલ

तइयाए गोयरकालं, पुणो चउत्थिए सज्झायं ॥ १६ ॥
रत्तिं पि चउरो भाए भिक्खू कुज्जा वियक्खणो ।
तओ उत्तरगुणे कुज्जा राइंभागेसु चउसु वि ॥ १७ ॥
पढमं पोरिसिं सज्झायं बिइअं झाणं झियायइ ।
तइयाए निद्दमोक्खं तु चउत्थिए भुज्जो वि सज्झायं ॥१८॥

ઉત્તરાધ્યયન, અ. ૨૬.

૧. જુઓ સ્થાનાંગ, અ. ૪, ઉદ્દેશ ૧. સમવાયાંગ સ. ૪; ભગવતી શતક-૨૫, ઉદ્દેશ ૭, ઉત્તરાધ્યયન અ. ૩૦. શ્લો. ૩૫.

૨. જુઓ આવશ્યક નિર્યુક્તિ, કાયોત્સર્ગ અધ્યયન ગા. ૧૪૬૨-૧૪૮૬.

૩. જુઓ અ. ૯ સૂ. ૨૭ થી આગળ.

૪. જુઓ હરિભદ્રીય આવશ્યક વૃત્તિ, પ્રતિક્રમણાધ્યયન, પૃ. ૫૮૧.

૫. આ ગ્રંથ જૈન ગ્રંથાવલિમાં દર્શાવેલ છે. પૃ. ૧૧૨.

છે.[1] યોગદૃષ્ટિસમુચ્ચયમાં જે યોગની આઠ દૃષ્ટિઓનું વર્ણન[2] છે તે ઉપલબ્ધ સમસ્ત યોગસાહિત્યમાં નવીન દિશા છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિના યોગવિષયક ગ્રન્થો તેઓની યોગાભિરૂચિ અને યોગવિષયક વ્યાપક બુદ્ધિના ખાસ નમૂનાઓ છે.

ત્યાર પછી શ્રીમાન્ હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રનું સ્થાન છે. તેમાં પાતંજલ યોગસૂત્ર નિર્દિષ્ટ આઠ યોગાંગોના ક્રમ પ્રમાણે સાધુ તેમજ ગૃહસ્થ જીવનની આચાર-પ્રક્રિયાનું જૈન શૈલી અનુસાર વર્ણન છે, જેમાં આસન અને પ્રાણાયામ સાથે સંબંધ ધરાવનારી અનેક વાતોનું વિસ્તૃત પ્રતિપાદન છે; જેને જોવાથી એ જણાઈ આવે છે કે તે વખતના લોકોમાં હઠયોગ-પ્રક્રિયાનો કેટલો અધિક પ્રચાર હતો. હેમચન્દ્રાચાર્યે પોતાના યોગશાસ્ત્રમાં હરિભદ્રસૂરિના યોગગ્રન્થોની નવીન પરિભાષા અને રોચક શૈલીનો ક્યાંય પણ નિર્દેશ કર્યો નથી; પણ શુભચન્દ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવગત પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનનું વિસ્તૃત તેમજ સ્પષ્ટ વર્ણન કીધું છે.[3] અન્તમાં તેઓએ વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન એવા મનના ચાર ભેદોનું સ્વાનુભવથી વર્ણન કરીને તેમાં નવીનતા લાવવાનું કૌશલ બતાવ્યું[4] છે. બેશક તેઓનું યોગશાસ્ત્ર જૈન તત્ત્વજ્ઞાન અને જૈન આચારનો એક પાઠ્ય ગ્રન્થ છે.

---

૧. समाधिरेष एवान्यैः संप्रज्ञातोऽभिधीयते ।
सम्यक्प्रकर्षरूपेण वृत्त्यर्थज्ञानतस्तथा ॥ ४१८ ॥
असंप्रज्ञात एषोऽपि समाधिर्गीयते परैः ।
निरुद्धाशेषवृत्त्यादितत्स्वरूपानुवेधतः ॥४२०॥ ઇત્યાદિ.
યોગબિંદુ.

૨. मित्रा तारा बला दीप्रा स्थिरा कान्ता प्रभा परा।
नामानि योगदृष्टीनां लक्षणं च निबोधत ॥ १३ ॥

આ આઠ દૃષ્ટિઓનું સ્વરૂપ, દૃષ્ટાન્ત આદિ વિષય, યોગના જિજ્ઞાસુઓને માટે જોવા યોગ્ય છે. આ વિષય ઉપર યશોવિજયજીએ ૨૧, ૨૨, ૨૩, ૨૪ એ ચાર દ્વાત્રિંશિકાઓ લખી છે. તેની સાથે સંસ્કૃત ન જાણનારાઓને હિતાર્થે આઠ દૃષ્ટિઓની સજ્ઝાયો પણ ગુજરાતી ભાષામાં બનાવેલ [illegible].

૩. જુઓ પ્રકાશ ૭-૧૦ સુધી.

૪. ૧૨ મો પ્રકાશ, શ્લોક ૨-૩-૪.

અધ્યાત્મ ઉપનિષદ્ ઇત્યાદિ શ્રી હરિભદ્રસૂરિકૃત યોગગ્રન્થો ઉપર ટીકા
લખ્યે છે. ઉપાધ્યાયજીનું શાસ્ત્રજ્ઞાન, તર્કકૌશલ અને યોગાનુભવ
ઘણું ગંભીર હતું. તેથી તેઓએ અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્
તથા સટીક બત્રીસ બત્રીશીઓ જેવા યોગસંબંધી વિષયો પર લખ્યું છે.
જેમાં જૈન મન્તવ્યોની સ્પષ્ટ અને રોચક મીમાંસા કરતાં ઉપરાંત
જૈન, જૈનેતર દર્શનોનું મિલન પણ કર્યું છે. તે સિવાય તેઓએ
હરિભદ્રસૂરિકૃત યોગવિંશિકા અને ષોડશક ઉપર ટીકા લખીને પ્રાચીન
ગૂઢ તત્ત્વોનું સ્પષ્ટ ઉદ્ઘાટન કર્યું છે. એટલું જ કરીને તેઓ સંતુષ્ટ
ન થયા, તેઓએ મહર્ષિ પતંજલિકૃત યોગસૂત્રો ઉપર એક લઘુ
વૃત્તિ[2] પણ લખી છે. આ વૃત્તિ જૈન પ્રક્રિયા અનુસાર લખાયેલ હોવાથી
તેમાં તેમણે યથાસંભવ યોગદર્શનના આધારરૂપ સાંખ્ય પ્રક્રિયાનું
જૈન પ્રક્રિયા સાથે મિલન પણ કર્યું છે; અને અનેક સ્થાનોમાં
તેનો સયુક્તિક પ્રતિવાદ પણ કર્યો છે. ઉપાધ્યાયજીએ પોતાની
વિવેચનામાં જે મધ્યસ્થતા, ગુણગ્રાહકતા, સૂક્ષ્મ સમન્વયશક્તિ, અને
સ્પષ્ટભાષિતા બતાવેલ[3] છે, તેવી અન્ય આચાર્યોની કૃતિમાં ઓછી
નજરે પડે[4] છે.

---

૧ અધ્યાત્મસારના યોગાધિકાર અને ધ્યાનાધિકારમાં
મુખ્યપણે ભગવદ્ગીતા તથા પાતંજલસૂત્રનો ઉપયોગ કરીને અનેક
જૈનપ્રક્રિયાપ્રસિદ્ધ ધ્યાન વિષયોનો [illegible] ગ્રંથોની સાથે સમ-
ન્વય કરેલ છે, જે ખાસ ધ્યાનપૂર્વક વાંચવા યોગ્ય છે. અધ્યાત્મોપનિ-
ષદ્ના શાસ્ત્ર, જ્ઞાન, ક્રિયા અને સામ્ય એ ચાર યોગોમાં મુખ્યપણે
યોગવાસિષ્ઠ તથા તૈત્તિરીય ઉપનિષદના [illegible] અવતરણ આપી
તાત્ત્વિક ઐક્ય બતાવેલ [illegible] ખ્યાલ કરી પાતં-
જલ યોગના પ્રસિદ્ધ [illegible] ઉપયોગ કરેલ છે.

૨ આ વૃત્તિ [illegible] હાલ
પ્રકાશિત થયેલ છે, [illegible] ૧) માં મળે છે.

૩. આને માટે જુઓ તેમનાં [illegible], [illegible] અંતિમ
[illegible] જોવી જોઈએ. શાસ્ત્ર-
[illegible] સ્પષ્ટ છે.

૪. આને માટે તેમના [illegible] ધ્યાન-
પૂર્વક જોવી જોઈએ. [illegible] કરી [illegible]
મનનપૂર્વક જોવાથી [illegible] માલૂમ પડશે.

છે.[1] યોગદૃષ્ટિસમુચ્ચયમાં જે યોગની આઠ દૃષ્ટિઓનું વર્ણન[2] છે તે ઉપલબ્ધ સમસ્ત યોગસાહિત્યમાં નવીન દિશા છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિના યોગવિષયક ગ્રન્થો તેઓની યોગાભિરુચિ અને યોગવિષયક વ્યાપક બુદ્ધિના ખાસ નમૂનાઓ છે.

ત્યાર પછી શ્રીમાન્ હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રનું સ્થાન છે. જેમાં પાતંજલ યોગસૂત્ર નિર્દિષ્ટ આઠ યોગાંગોના ક્રમ પ્રમાણે સાધુ તેમજ ગૃહસ્થ જીવનના આચાર-પ્રક્રિયાનું જૈન શૈલી અનુસાર વર્ણન છે, જેમાં આસન અને પ્રાણાયામ સાથે સંબંધ ધરાવનારી અનેક વાતોનું વિસ્તૃત પ્રતિપાદન છે, જેને જોવાથી એ જણાઈ આવે છે કે તે વખતના લોકોમાં હઠયોગ-પ્રક્રિયાનો કેટલો અધિક પ્રચાર હતો. હેમચન્દ્રાચાર્યે પોતાના યોગશાસ્ત્રમાં હરિભદ્રસૂરિના યોગગ્રન્થોની નવીન પરિભાષા અને રોચક શૈલીનો ક્યાંય પણ નિર્દેશ કર્યો નથી; પણ શુભચન્દ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવગત પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનનું વિસ્તૃત તેમજ સ્પષ્ટ વર્ણન પણ છે.[3] અન્તમાં તેઓએ વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન એવા મનના ચાર ભેદોનું સ્વાનુભવથી વર્ણન કરીને તેમાં નવીનતા લાવવાનું કૌશળ બતાવ્યું[4] છે. એકંદર તેઓનું યોગશાસ્ત્ર જૈન તત્ત્વજ્ઞાન અને જૈન આચારનો એક પ[illegible] ગ્રન્થ છે.

---

१ समाधिरेष एवान्यैः संप्रज्ञातोऽभिधीयते।
सम्यक्प्रकर्षरूपेण वृत्त्यर्थज्ञानतस्तथा ॥ ४१८ ॥
असंप्रज्ञात एषोऽपि समाधिर्गीयते परैः।
निरुद्धाशेषवृत्त्यादितत्स्वरूपानुवेधतः ॥४२०॥ યોગબિંદુ.

२ मित्रा तारा बला दीप्रा स्थिरा कान्ता प्रभा परा।
नामानि योगदृष्टीनां लक्षणं च निबोधत ॥ १३ ॥

[illegible] શિવ, યોગના [illegible] ઉપાધ્યાય યશોવિજયજીએ ૨૧, ૨૨, ૨[illegible] સાથે સંસ્કૃત [illegible] નવત્રીસી પણ ગુજરાતી ભાષામાં [illegible]

૩. જુઓ ૩૯ [illegible]

૪. ૧૨ મો પ્રકાશ, [illegible]

તત્પશ્ચાત્ ઉપાધ્યાય યશોવિજયજી કૃત યોગગ્રન્થો ઉપર નજર કરે છે. ઉપાધ્યાયજીનું શાસ્ત્રજ્ઞાન, તર્કકૌશલ અને યોગાનુભવ ઘણાં ગંભીર હતાં. તેથી તેઓએ અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્ તથા સટીક બત્રીસ બત્રીશીઓ યોગ સંબંધી વિષયો પર લખી છે. તેમાં જૈન મન્તવ્યોની સૂક્ષ્મ અને રોચક મીમાંસા કર્યા ઉપરાંત જૈન, જૈનેતર દર્શનોનું મિલન પણ કર્યું[1] છે. તે સિવાય તેઓએ હરિભદ્રસૂરિ કૃત યોગવિંશિકા અને ષોડશક ઉપર ટીકા લખીને પ્રાચીન ગૂઢ તત્ત્વોનું સ્પષ્ટ ઉદ્‌ઘાટન કરેલ છે. એટલું જ કરીને તેઓ સન્તુષ્ટ ન થયા, તેઓએ મહર્ષિ પતંજલિ કૃત યોગસૂત્રો ઉપર એક લઘુ વૃત્તિ[2] પણ લખી છે. આ વૃત્તિ જૈન પ્રક્રિયા અનુસાર લખાયેલ છે તેથી તેમાં યથાસંભવ યોગદર્શનના આધાર રૂપ સાંખ્ય પ્રક્રિયાનું જૈન પ્રક્રિયા સાથે મિલન પણ કર્યું છે; અને અનેક સ્થાનોમાં તેનો સયુક્તિક પ્રતિવાદ પણ કર્યો છે. ઉપાધ્યાયજીએ પોતાની વિવેચનામાં જે મધ્યસ્થતા, ગુણગ્રાહકતા, સૂક્ષ્મ સમન્વયશક્તિ, અને સ્પષ્ટભાષિતા બતાવેલ[3] છે, તેવી અન્ય આચાર્યોની કૃતિમાં ઓછી નજરે પડે[4] છે.

---

૧. અધ્યાત્મસારના યોગાધિકાર અને ધ્યાનાધિકારમાં મુખ્યપણે ભગવદ્‌ગીતા તથા પાતંજલસૂત્રનો ઉપયોગ કરીને અનેક જૈનપ્રક્રિયાપ્રસિદ્ધ ધ્યાન વિષયોનો તેમનાં ગ્રન્થોની સાથે સમન્વય કરેલ છે, જે બહુ ધ્યાનપૂર્વક જોવા યોગ્ય છે. અધ્યાત્મોપનિષદ્‌ના શાસ્ત્ર, જ્ઞાન, ક્રિયા અને સામ્ય એ ચાર યોગોમાં મુખ્યપણે યોગવાસિષ્ઠ તથા તૈત્તિરીય ઉપનિષદનાં વાક્યોનું અવતરણ આપી તાત્ત્વિક ઐક્ય બતાવેલ છે. યોગાવતાર બત્રીશીમાં ખાસ કરી પાતંજલ યોગના પદાર્થોનું જૈન પ્રક્રિયા અનુસાર સ્પષ્ટીકરણ કરેલ છે.

૨. આ વૃત્તિ “ આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડલ, ” આગ્રા, દ્વારા પ્રકાશિત થયેલ છે, જે હિંદી ભાષ્ય ભાગ (પૃ. ૩. ૧) માં મળે છે.

૩. આના માટે જુઓ તેમનાં જ્ઞાનસાર, જે તેમણે અંતિમ જીવનમાં લખેલ માલુમ પડે છે; તે ધ્યાનપૂર્વક જોવા જોઈએ. શાસ્ત્રવાર્તાસમુચ્ચયની તેમની ટીકા (. ૧૦) પણ જોવી આવશ્યક.

૪. આને માટે તેમના શાસ્ત્રવાર્તાસમુચ્ચયાદિ ગ્રન્થ ધ્યાનપૂર્વક જોવા જોઈએ. અને ખાસ કરી તેમની પાતંજલ સૂત્ર મનનપૂર્વક જોવાથી આ કથન અક્ષરશઃ વિશ્વસનીય માલુમ પડે

એક યોગમાર્ગ નામક [illegible] યોગાન્તર [illegible] છે. [illegible] નથી, [illegible] આદિ [illegible] છે. [illegible] યોગશાસ્ત્રના આધારે [illegible]

[illegible] છે, [illegible] ને [illegible] છે. તે [illegible] પણ, [illegible] જાય છે.

[illegible]

[illegible]

[illegible]

સમાધિરાજ નામક એક ગ્રન્થ છે. વૈદિક, જૈન અને બૌદ્ધ સંપ્રદાયના યોગવિષયક સાહિત્યનો અહીં બહુ સંક્ષેપમાં અત્યાવશ્યક પરિચય કરાવ્યો છે. પરંતુ તેના વિશેષ પરિચય માટે કૅટેલોગસ્ કૅટેલોગરમ્[1] પુ. ૧, પૃ. ૪૭૭ થી ૪૮૧ સુધીમાં જે યોગ વિષયક ગ્રન્થોની યાદી છે તે જોવા જેવી છે.

આ સ્થળે એક વાત ખાસ ધ્યાન દેવા જેવી છે તે એ કે યદ્યપિ વૈદિક સાહિત્યમાં અનેક જગ્યાએ હઠયોગને અગ્રાહ્ય કહેવામાં આવેલ છે, છતાં તેમાં હઠયોગની પ્રધાનતાવાળા અનેક ગ્રન્થો અને માર્ગોનું નિર્માણ થયેલું છે.[2] તેથી ઊલટું જૈન અને બૌદ્ધ સાહિત્યમાં હઠયોગે સ્થાન નથી મેળવ્યું એટલું જ નહિં, બલ્કે તેમાં હઠયોગનો સ્પષ્ટ પ્રતિષેધ કરવામાં આવેલ[3] છે.

તે જ વિચાર પ્રો. ધર્માનંદ કૌશામ્બીએ લખેલ **बुद्धलीलासारसंग्रह**માં છે. જુઓ પૃ. ૧૨૮.

જૈનસૂત્રમાં શુક્લ ધ્યાનના ભેદોનો વિચાર છે, તેમાં ઉક્ત સવિતર્ક આદિ ચાર ધ્યાન જેવું જ વર્ણન છે. જુઓ તત્ત્વાર્થ અ. ૯, સૂ. ૪૧–૪૪.

યોગશાસ્ત્રમાં સંપ્રજ્ઞાત સમાધિ તથા સમાપત્તિઓનું વર્ણન છે. તેમાં પણ ઉક્ત સવિતર્ક નિર્વિતર્ક આદિ ધ્યાન જેવો જ વિચાર છે. પા. યો. પા. ૧–૧૭, ૪૨, ૪૩, ૪૪.

૧. થિઓડોર આફ્રેક્ટકૃત, લિપ્ઝિગ પ્રકાશિત, ૧૮૯૧ ની આવૃત્તિ.

૨. ઉદાહરણાર્થ—

सतीषु युक्तिष्वेतासु हठान्नियमयन्ति ये।
चेतस्ते दीपमुत्सृज्य विनिघ्नन्ति तमोऽञ्जनैः ॥३७॥
विमूढाः कर्तुमुद्युक्ता ये हठाच्चेतसो जयम्।
ते निबध्नन्ति नागेन्द्रमुन्मत्तं बिसतन्तुभिः ॥३८॥
चित्तं चित्तस्य वाऽदूरं संस्थितं स्वशरीरकम्।
साधयन्ति समुत्सृज्य युक्तिं ये तान्हतान्विदुः ॥३९॥

યોગવાસિષ્ઠ–ઉપશમ પ્ર૦ સર્ગ ૯૩.

૩. આના ઉદાહરણમાં બૌદ્ધ ધર્મમાં બુદ્ધ ભગવાને તો શરૂઆતમાં કષ્ટપ્રધાન તપસ્યાનો આરંભ કરીને અંતમાં મધ્યમપ્રતિપદા માર્ગનો સ્વીકાર કર્યો છે. જુઓ **बुद्धलीलासारसंग्रह**.

યોગશાસ્ત્ર—ઉપરના વર્ણનથી માલૂમ પડે છે કે યોગપ્રક્રિયાના વર્ણનવાળા નાના, મ્હોટા અનેક ગ્રન્થો છે. એ ઉપલબ્ધ તમામ ગ્રંથોમાં મહર્ષિ પતંજલિ કૃત યોગશાસ્ત્રનું સ્થાન ઉંચું છે. તેનાં ત્રણ કારણો છે.-(૧) ગ્રંથની સંક્ષિપ્તતા તથા સરલતા, (૨) વિષયની સ્પષ્ટતા તથા પૂર્ણતા, અને (૩) મધ્યસ્થભાવ તથા અનુભવસિદ્ધતા. એ જ કારણથી યોગદર્શન એ નામ સાંભળતાં સત્વર પાતંજલ યોગસૂત્રનું સ્મરણ થઇ આવે છે. શ્રીમાન્ શંકરાચાર્યે પોતાના બ્રહ્મસૂત્ર-ભાષ્યમાં યોગદર્શનનો પ્રતિવાદ કરતી વખતે જે "अथ सम्यग्दर्शनाभ्युपायो योगः" એવો ઉલ્લેખ કર્યો[1] છે, તેથી એ બાબતમાં જરા પણ સંદેહ નથી રહેતો કે તેઓની સામે પાતંજલ યોગશાસ્ત્રથી જૂદું બીજું કોઇ યોગશાસ્ત્ર રહેલ હોવું જોઇએ કારણ કે પાતંજલ યોગશાસ્ત્રની શરૂઆત "अथ योगानुशासनम्" એ સૂત્રથી થાય છે, અને ઉક્ત ભાષ્યોલ્લિખિત વાક્યમાં પણ ગ્રન્થારંભ સૂચક શબ્દ છે. યદ્યપિ ઉક્ત ભાષ્યમાં અન્યત્ર પણ યોગસંબંધી બે[2] ઉલ્લેખો છે, જેમાં એક તો પાતંજલ યોગશાસ્ત્રનું

જૈનશાસ્ત્રમાં શ્રીભદ્રબાહુસ્વામિએ આવશ્યક નિર્યુક્તિમાં "उसासं ण णिरुंभइ" ૧૫૨૦ ઇત્યાદિ ઉક્તિથી હઠયોગનું જ નિરાકરણ કરેલ છે. શ્રીહેમચન્દ્રાચાર્યે પણ પોતાના યોગશાસ્ત્રમાં "तन्नाप्नोति मनः स्वास्थ्यं प्राणायामैः कदर्थितम्, प्राणस्यायमने पीडा तस्यां स्यात् चित्तविप्लवः ॥" ઇત્યાદિ ઉક્તિથી એજ વાતને બતાવેલ છે. શ્રીયશોવિજયજીએ પણ પાતંજલ યોગસૂત્રની પોતાની વૃત્તિમાં (૧-૩૪) પ્રાણાયામને યોગનું અનિશ્ચિત સાધન કહીને હઠયોગનું જ નિરસન કરેલ છે.

૧. બ્રહ્મસૂત્ર ભાષ્ય ૨-૧-૩.

૨. स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः" બ્રહ્મસૂત્ર ૧-૩-૩૩ ભાષ્યગત. योगशास्त्रप्रसिद्धाः मनसः पञ्च वृत्तयः परिगृह्यन्ते प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयो नाम २-४-१२ ભાષ્યગત.

૪. વાસુદેવ શાસ્ત્રી અભ્યંકરે પોતાના બ્રહ્મસૂત્રના મરાઠી અનુવાદના પરિશિષ્ટમાં ઉક્ત બે ઉલ્લેખોનો યોગસૂત્રરૂપથી નિર્દેશ કરેલ છે; કિન્તુ "अथ सम्यग्दर्शनाभ्युपायो योगः" આ ઉલ્લેખના સંબંધમાં ક્યાંય પણ ઉહાપોહ કરેલ નથી.

અવિકલ સૂત્ર[1] જ છે, અને બીજો ઉલ્લેખ ત્હેનું અવિકલ સૂત્ર નહિ પણ ત્હેના સૂત્ર સાથે કંઈક મળતો આવે[2] છે. તથાપિ "**अथ सम्यग्दर्शनाभ्युपायो योगः**" એ ઉલ્લેખની શબ્દરચના અને સ્વતંત્રતા તરફ ધ્યાન દેતાં એમ સ્પષ્ટ કહેવું પડે છે કે પાછળના બે ઉલ્લેખો પણ તેજ ભિન્ન યોગશાસ્ત્રના હોવા જોઇએ, જેનો અંશ "**अथ सम्यग्दर्शनाभ्युपायो योगः**" એ વાક્ય માનવામાં આવે. ગમે તેમ હોય, આજે આપણા સામે તો પતંજલિનું જ યોગશાસ્ત્ર છે, અને તે સર્વપ્રિય છે. તે માટે બહુ સંક્ષેપમાં પણ ત્હેનો બાહ્ય તથા આંતરિક પરિચય કરાવવો અસ્થાને નહિ ગણાય.

આ યોગશાસ્ત્રના ચાર પાદ અને કુલ સૂત્ર ૧૯૫ છે. પહેલા પાદનું નામ સમાધિ, બીજાનું સાધન, ત્રીજાનું વિભૂતિ અને ચોથાનું નામ કૈવલ્યપાદ છે. પ્રથમ પાદમા મુખ્યપણે યોગનું સ્વરૂપ, ત્હેના ઉપાય અને ચિત્તસ્થિરતાના સાધનો વર્ણવાગેલ છે. બીજા પાદમાં ક્રિયાયોગ, આઠ યોગાંગ, ત્હેના ફળ અને ચતુર્વ્યૂહનું[3] મુખ્ય વર્ણન છે. ત્રીજા પાદમાં યોગજન્ય વિભૂતિઓની પ્રધાનતા છે. અને ચોથા પાદમાં પરિણામવાદનું સ્થાપન, વિજ્ઞાનવાદનું નિરાકરણ તથા કૈવલ્ય અવસ્થાના સ્વરૂપનું મુખ્ય વર્ણન છે.

મહર્ષિ પતંજલિએ પોતાના યોગશાસ્ત્રની રચના સાંખ્યસિદ્ધાંત ઉપર કરેલ છે. તેથી ત્હેના પ્રત્યેક પાદના અન્તમાં "**योगशास्त्रे सांख्यप्रवचने**" ઇત્યાદિ ઉલ્લેખ મળે છે. "**सांख्यप्रवचने**" એમ વિશેષણ સ્પષ્ટ ધ્વનિત કરે છે કે સાંખ્ય સિવાય અન્ય દર્શનના સિદ્ધાન્તોના આધારે રચાયેલા યોગશાસ્ત્રો તે વખતે વિદ્યમાન હતાં અગર તો રચાતા હતા. આ યોગશાસ્ત્ર ઉપર નાના મોટા અનેક ટીકાગ્રન્થો[4] છે, પણ વ્યાસકૃત ભાષ્ય અને વાચસ્પતિકૃત ટીકાથી ત્હેની ઉપાદેયતા બહુ વધી ગએલી છે.

વિચાર કરતા સમસ્ત દર્શનોના અંતિમ સાધ્યના સંબંધમાં

---

૧. સરખાવો પા. ૨, સૂ. ૪૪. ૨. સરખાવો પા. ૧, સૂ. ૨. ૩. હેય, હેતુ, હાન, હાનોપાય એ ચતુર્વ્યૂહ કહેવાય છે. તેનું વર્ણન સૂત્ર ૧૬–૨૬ સુધીમાં છે. ૪. વ્યાસકૃત ભાષ્ય, વાચસ્પતિકૃત તત્ત્વવૈશારદી ટીકા, ભોજદેવકૃત રાજમાર્તંડ, નાગોજી ભટ્ટકૃત વૃત્તિ, વિજ્ઞાનભિક્ષુકૃત વાર્તિક, યોગચંદ્રિકા, મણિપ્રભા, ભાવાગણેશીય વૃત્તિ, બાલરામોદાસીન કૃત ટિપ્પણ આદિ.

બે પક્ષ નજરે પડે છે. પ્રથમ પક્ષનું અંતિમ સાધ્ય શાશ્વત સુખ નથી. તેનું માનવું છે કે મોક્ષમાં શાશ્વત સુખ નામક કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. તેમાં જે કાંઈ છે તે ફક્ત દુઃખની આત્યંતિક નિવૃત્તિ. બીજો પક્ષ શાશ્વતિક સુખપ્રાપ્તિને જ મોક્ષ માને છે. એવો મોક્ષ થઈ ગયા પછી દુઃખની આત્યંતિક નિવૃત્તિ સ્વયમેવ થઈ જાય છે. વૈશેષિક, ન્યાય.[1] સાંખ્ય,[2] યોગ[3] અને બૌદ્ધ[4] દર્શનો પ્રથમ પક્ષનાં અનુગામી છે. વેદાંત[5] અને જૈનદર્શન,[6] બીજા પક્ષના અનુગામી છે.

